કુમાર


આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘડતરનું માનીતું માસિક



મનના તરંગો · લિનોકટ : શ્રી અબ્દુલ કલામ

તંત્રી · રવિશંકર મહાશંકર રાવળ ✿ સંપાદક · બચુભાઈ રાવત

સળંગ અંક ૨૧૧ જુલાઈ '૪૧




કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક-બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક-રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂા. ૧, બ્રહ્મદેશના રૂા. ૬ા, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના: મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬-૧૪૨ મેડોઝ સ્ટ્રીટ મુંબાઈ-૧; તથા બીજા એજન્ટો: આર.આર.શેઠની કં., પ્રિન્સેસ સ્ટ્રીટ ને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ-૨



ટપાલની ટિકિટો પર દેશદેશના નકશા (શ્રી હરિલાલ બૅંકરના સંગ્રહમાંથી)
ઉપરથી ડાબી બાજુથી અનુક્રમે : ઈક્વાડોરની–ટાપુઓવાળી, ફીજીની–ટાપુઓવાળી. ઇક્વાડોરના નકશાવાળી; ન્યુફાઉન્ડલૅન્ડની, યુનાઇટેડ સ્ટેટ્સના નકશાવાળી એ દેશની ઍર મેઈલની, બોલીવિયાની, સાલ્વાડોરની દક્ષિણ અમેરિકાના નકશાવાળી આર્જેન્ટિનાના પ્રજાસત્તાકની, બોલીવિયાની.



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ : ઉપર ડાબી બાજુથી અનુક્રમે : 'ગિરનારી વૈતરો'–મનુ પટેલ (સાંખેજ-મહેમદાવાદ) બીજું ઈનામ; 'પકોડી'–ચીમન મેવાડા. (કલોલ) નોંધપાત્ર; નીચે: વિસ્મૃત દેવો'–મનુ પટેલ (સાંખેજ-મહેમદાવાદ) નોંધપાત્ર; 'માછીજીવન'–ચંદુભાઈ ભટ્ટ (અમદાવાદ) ત્રીજું ઈનામ.



ગૃધ્રકૂટ આગળ

ચિત્રકાર : શ્રી અબ્દુલ કલામ

બિહારમાં રાજગૃહ આગળ ગૃધ્રકૂટ નામનો પહાડ છે ત્યાં બુદ્ધ ભગવાને તપશ્ચર્યા કરી હતી. એ સ્થળનું પ્રકૃતિદર્શન એટલું રમ્ય છે કે કોઈને પણ ત્યાં ધ્યાનની ઈચ્છા થાય. ૧૯૪૦ના જાન્યુઆરીમાં કલાકારે પણ એ સ્થાનની રમણીયતાથી પ્રેરાઈ આ ચિત્ર આલેખ્યું છે. શ્રી કલામની દૃશ્યાલેખનશક્તિનો આ એક સુરેખ નમૂનો છે.

પારખાં

અણુવીંધ્યાં મોતી રૂપાળાં
    વીંધ્યે એનાં પારખાં...જી.
વગર વિંધાયાં મનડાં રૂડાં
    વીંધ્યે એનાં પારખાં...જી.

ફૂલસેજે રહી અમી ઝરે ઉર
    કાંટા વાગ્યે પારખાં...જી.
હારે તેને સૌ હારે, પણ
    ડામે હાર્યે પારખાં...જી.

બળીબળીને બાળે એ તો
    રેતી જેવા જાણીએ...જી.
બળીઝળીને ઇંટું થાતાં
    માટી એ પરમાણીએ...જી.

રેતી બળી બીજાંને બાળે
    ઇંટ ઇમારત બાંધતી...જી.
મનની માટી ઇંટ થઈને
    તૂટ્યાં તેને સાંધતી...જી.

પ્રહ્લાદ પારેખ



કેળવણી અને દેશની હાલની હાલત

● આજે આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે જીવનની બધી પ્રવૃત્તિઓ ઉપર, જીવનના બધા આદર્શો અને આશાઓ ઉપર અને ભાવી સમાજ તેમજ રાજ્યના બંધારણ ઉપર યુરોપમાં જાગેલા વિશ્વયુદ્ધે ઘેરા અંધાર છવરાવી દીધો છે. રાષ્ટ્રોનાં પલ્લાં કઈ તરફ ઝૂકશે એ ભાખવાને આજે કોઈમાં શક્તિ કે કલ્પના દેખાતાં નથી. જરૂરિયાતોમાં કાપકૂપ કરી, ખૂબ કરકસરપૂર્વક સંગ્રહ અને સંચય કરતા જઈ આ કસોટીનો કાળ પસાર કરી જવો જોઈએ એટલું તો દરેક જણને સ્વીકાર્યા વિના છૂટકો નથી: પણ કોઈ એ જોઈ શકતું નથી કે કઈ હદે આપણે અટકવું પડશે યા કઈ હદે આપણાં સાધનો અને શક્તિનું દેવાળું જાહેર કરવું પડશે?

પરદેશી માલના વેપારીઓ ને ધંધાદારીઓ મોંઘવારીના ભાવે પણ વેચાણ ને સોદા ટસ્તાંટસ્તાં ચાલુ રાખે છે. કારખાનાંવાળા અને ધંધાવાળા જોઈ શક્યા છે કે પરદેશનાં સાધનો ખૂટી જાય કે પૂરાં પડતા અટકે એટલે આપણી કમબખ્તી છે. પણ આપણા દેશનાં ભણતરનાં દેવાળાં ક્યારનાં ફૂંકાડાં પડી ગયાં છે, છતાં તેની પાછળ થતા ખર્ચમાં, નિશાળોની ચોપડીઓમાં કે શિક્ષણની મુદતમાં કંઈ કરકસર કે સસ્તાપણું લાવવાની ભાવના આપણા સંસ્કારી અને સુશિક્ષિત જનોમાં પ્રકટી જણાતી નથી.

કાગળોની મોંઘવારીએ છાપાંવાળા પર અંકુશ આણ્યા છે, પણ હીણકમાઉ પ્રજાનાં બાળકોની નોટબુકોના અને પાઠ્ય પુસ્તકોના થોકડા વધતા જ જાય છે. આજે કેટલા યે એવા પ્રવીણ ધંધાદારીઓ, શિક્ષકો અને અમલદારો હયાત હશે કે જેઓ બેપાંચ પુસ્તકો અને સ્લેટપેનની મદદથી એવું સારું જ્ઞાન મેળવી શક્યા છે કે તેમની પાસે આવેલા આજના નમૂનેદાર ડિગ્રી ધરાવનારાઓ ધીમા અને ગાફેલ જણાતા હોય છે. થોડાં સાધનોથી પણ મનની શક્તિઓને પાકી વ્યવહારુ તાલીમ આપવાની કસોટીમાં આજની કેળવણી લગભગ નિષ્ફળ નીવડી છે. ફી, કપડાં, પુસ્તકોનો ખર્ચ ને જિંદગીનો અરધો ભાગ ખેંચી જનાર એ કેળવણી ને દેશની આર્થિક હાલત સાથે શી રીતે બંધબેસતી ગણી શકાય એની ચર્ચા કે ફરિયાદ સાંભળવા કે વિચારવાની શિક્ષણનિષ્ણાતોને ફુરસદ નથી દેખાતી.

એક પછી એક શાળાઓ અને હાઇસ્કૂલોને યુનિવર્સિટીની ઘંટીમાં પોતાના હજારો વિદ્યાર્થીઓને વ્યવસ્થિત રીતે ઓરતી જોઇને આવતા યુગની ભયંકર ઝાંખી કરનારને હેબક જ લાગે. કોઈ કોઈ ઠેકાણેથી લશ્કરી શિસ્ત અને શ્રમ તેમજ સેવાદળની યોજનાઓના સૂર સંભળાય છે; પણ એ બધું કેટલું મોડી વયે અને થોડી ગરજ સારનારું છે? જો એક વખત આખા દેશને આજના કરતાં યે વધારે મોંઘવારી, વધારે બેકારી અને વધારે જાલિમ જમાનો જોવાનો નિશ્ચિત ભાસતો હોય તો આજની શિક્ષણપ્રણાલી ત્રણ કે પાંચ વર્ષ માટે શો ઘાટ વિચારી રહી છે એ પ્રશ્ન તુરત રજૂ કરવા જેવો નથી શું? દરેકે દરેક વિદ્યાર્થીએ એટલી મુદતમાં પોતાની જાત માટે, પોતાના આશ્રયદાતા કે વાલીઓ માટે ને પોતાના દેશ માટે સંરક્ષણ, સેવા અને સહકાર આપવા, સ્વાશ્રય અને ઉદ્યોગધંધા નિભાવવા શી તૈયારી કરવી પડશે તેના વિચારો ને જોરદાર આંદોલનો હરેક શાળા અને સંસ્થાએ ઉપાડવાં જ જોઇએ.

સ્વ. હરિહર 'દિવાના'

સ્વ. હાજીમહમ્મદે 'વીસમી સદી' માસિકની શરૂઆત કરીને ગુજરાતના સાહિત્યિક પત્રકારત્વનું એકાંગી-



પણ દૂર કરી તેને વિશાળ આમવર્ગના સંપર્કમાં મૂક્યું. તેમણે ઉચ્ચ ડિગ્રીધારી વિદ્વાન સાક્ષરોની કલમનો જેમ જનસમાજને પરિચય કરાવ્યો તેમ જ, અનુભવે ને ધંધાના બળે વર્તમાનપત્રો ને રંગભૂમિ ઉપર જે કેટલીક વ્યક્તિઓએ પોતાની બુદ્ધિ અને શક્તિના ચમકારથી ઘણાં વર્ષો સુધી ગુર્જર વાચકો અને રસિકોને આકર્ષણ કરી કાવ્ય, સાહિત્ય અને કળાના રસો રેલાવ્યા હતા તે વ્યક્તિઓની કૃતિઓનો આસ્વાદ અને પરિચય પણ કરાવ્યો. એવી વ્યક્તિઓમાં સ્વ. હરિહરભાઈનું નામ ઘણું જાણીતું થયું હતું. તેમનામાં વિવિધ શક્તિઓ હતી. નોકરી ઉપરાંત સામયિકોમાં લેખન, નાટ્યલેખન અને રંગભૂમિ ઉપર નટકાર્ય એમ અનેકવિધ પ્રવૃત્તિઓમાં નામ કાઢનાર એ ભાઇ મિત્રોની નજરે એક ભોળા, દિલસોજ, નિરાડંબરી, વફાદાર સજ્જન હતા.

દિવાના તરીકેનું પાત્ર તેમણે ભજવ્યું ત્યારથી તેમણે 'દિવાના' સંજ્ઞા લેખક તરીકે વાપરવા માંડી હતી. એમની નાટ્યલેખનની શક્તિ 'બોલતો કાગળ' નામના નાટકમાં સફળપણે આવિષ્કૃત થઈ હતી અને જનતાએ પણ તેને દિલથી વધાવી લઇ સંપૂર્ણ ન્યાય આપ્યો હતો. નાટકનાં પાત્રોના સંવાદ ઉર્દૂ શૈલીએ ગઝલના બંધારણની પંક્તિઓમાં ગુજરાતી નાટકોમાં ઉતારનાર તે પ્રથમ હતા.

ર. મ. રા.

સ્વ. પ્રો. ત્રિવેદીનું સ્મારક

પૂનામાં ગુજરાતને જીવતું રાખનાર મહાગુજરાતી સ્વ. પ્રો. જે. પી. ત્રિવેદીના સ્મારક તરીકે, પૂનામાં 'પ્રો.જે.પી. ત્રિવેદી સ્મારક સંસ્થા' નામનું એક મકાન ઊભું કરી તેમાં ગુજરાતી બંધુસમાજનું પુસ્તકાલય, સભાગૃહ અને એ શહેરમાં ટૂંક સમય માટે રહેવા ઈચ્છનાર ગુજરાતીઓ માટે નિવાસસ્થાનનો સમાવેશ કરવાની એક યોજના બહાર પડી છે. તેમાં યથાશક્તિ ફાળો આપવા ઈચ્છનારે તેના કોષાધ્યક્ષ શેઠશ્રી ગોવર્ધનદાસ વિઠ્ઠલદાસ સાંકળચંદને ૨૨૦, રવિવાર પેઠ, પૂના-૨ એ સરનામે મોકલી આપવા વિનતિ થઇ છે.

ઔદ્યોગિક તથા યાંત્રિક શિક્ષણની યોજના

યુદ્ધસરંજામ તથા દારૂગોળાનાં કારખાનાંઓમાં કામ કરી શકે તેવા યુવાનોને તાલીમ આપવાની ઔદ્યોગિક તથા યાંત્રિક શિક્ષણની એક યોજના કરવામાં આવી છે. તે માટે ગુજરાતમાં નીચેનાં સ્થળો રાખવામાં આવ્યાં છે: (૧) ગવર્નમેન્ટ ઈન્ડસ્ટ્રિયલ વર્કશૉપ, અમદાવાદ; (૨) ચીમનલાલ નગીનદાસ ઈન્ડસ્ટ્રિયલ સ્કૂલ, આંબાવાડી, અમદાવાદ; (૩) આર.સી. ટેકનિકલ સ્કૂલ, અમદાવાદ; (૪) પારસી ટેકનિકલ ઍન્ડ ઈન્ડસ્ટ્રિયલ ઇન્સ્ટિટ્યુટ, સુરત; (૫) એફ. એસ. પારેખ ટેકનિકલ ઇન્સ્ટિટ્યુટ, સુરત; (૬) બી. બી. ઍન્ડ સી. આઈ. રેલ્વે વર્કસ શૅાપ, દાહોદ; (૭) કલાભવન, વડોદરા.

વિચિત્ર કલ્પના (અનુ૦ પૃ. ૨૩૬ બથી) વ્યાખ્યા એને ભલે આવડતી ન હોય; પણ એક ઉદાત્ત હેતુ માટે એ લડતો હતો એટલું તો નિર્વિવાદ હતું. એવો ક્ષુદ્રમનસ્ક સવાલ પૂછી એના અસ્પષ્ટ પણ ઉદાત્ત હેતુની અવહેલના કરવી એમાં ઔચિત્ય ન હતું. એનો ગૂંચવાએલો ચહેરો જોઈ મેં એની મનપૂર્વક માફી માગી.

કોકવાર આવા ઉદારચરિત મહાભાગોના અંતરમાંની કલ્પનાસૃષ્ટિ અને બહારની સત્યસૃષ્ટિ એ બેમાં જમીન—આકાશ જેટલું અંતર પડે છે; અને પછી આ ધીરોદાત્ત ધ્યેયવાદી પુરુષોના આયુર્નાટકની અત્યંત હૃદયવિદારક શોકકથા બની જાય છે. ઉપર મેં જેની વાત કરી એ જુવાન વિષે જ કહું. પરદેશી માલની દુકાન આગળ સત્યાગ્રહ કરવાથી તેમજ સ્વદેશી માલનાં વખાણ કરવાથી આપણી માતૃભૂમિ સ્વતંત્ર થશે એવી દુર્દમ્ય આશાથી એણે જાતની પરવા કર્યા વગર કામ કર્યું. પણ પછી એના ધ્યાનમાં એ વાત આવી કે એના અને એના જેવા હજારો ભાવનાપ્રધાન જુવાનોના અતુલ સ્વાર્થત્યાગનો પૂરેપૂરો લાભ ઉઠાવી સ્વદેશી મૂડીદારો વધારે પૈસાદાર બન્યા હતા; પણ એનો પ્રિય દેશ તો જ્યાં હતો ત્યાં જ રહ્યો હતો. પોતાનું સુખસ્વપ્ન આમ એની દૃષ્ટિ સમક્ષ નાશ પામતું જોઈ એ જુવાનના દુઃખનો પાર રહ્યો નહિ.

હવે કોઈ કહેશે, કે આવી જાતની કોઈપણ અસ્પષ્ટ પણ ઉદાત્ત કલ્પનાથી બેભાન થવું, એટલું જ નહિ પણ એ કલ્પના ખાતર પ્રાણ હોમી દેવા તૈયાર થવું, એ પણ મૂર્ખાઇ નહિ તો શું? હશે, કદાચ; એ મૂર્ખાઈ હશે. હું ના નથી પાડતો એની, પણ આવાં ભૂલભરેલાં અથવા ભૂલવગરનાં સુખસ્વપ્નો જોવાની દૃષ્ટિ જ ન હોવાથી જિંદગી સુખમય થાય એના કરતાં બહેતર છે કે, ભલે એવાં દિવ્ય સુખસ્વપ્નોને નાશ પામતાં જોતાં આપણા જીવનની હોળી થઇ જાય. મને તો એ જ ગમશે. કોઇપણ ઉદાત્ત સ્વપ્નસૃષ્ટિ આંખ આગળ ખડી કરવી અને પછી એ ખાતર પ્રાણ કુરબાન કરવા સિદ્ધ થવું એવા મનુષ્યસ્વભાવના ચમત્કારિક વૈશિષ્ટ્ય માટે મારા મનમાં નિરતિશય આદર છે. પછી એ વૃત્તિ ભલે મૂર્ખાઈ હોય કે ડહાપણ. માણસની માણસાઈની અને માનવી જીવનની પ્રગતિની કૂંચી, મને લાગે છે, આ જ વૈશિષ્ટ્યમાં છે.

(મરાઠી ઉપરથી અનુવાદ) **વસંત જોશી**

ત્રીસ વર્ષ સુધી એક મહારાજ્ય પર એકચક્રે રાજ્ય કરનાર અને



૧૮૫૯ના જાન્યુઆરીની ૨૭મીએ જર્મનીના પાટવી કુંવર ફ્રેડરિક વિલિયમને ત્યાં ઇંગ્લંડની રાજકુંવરી વિક્ટોરિયાથી એક તેજસ્વી બાળકનો જન્મ થયો. ટાઢા ને રૂઆબદાર સ્વભાવની માતા અને વિવિધ-જ્ઞાનજિજ્ઞાસુ ઉદારમતવાદી પિતાનો મત્તાકાંક્ષી, રાજશોખી અને મનધાર્યું કરનારો એ પુત્ર એવો દિલ-બળિયો નીકળ્યો કે ઓગણીસમી અને વીસમી સદીના સંધિકાળનાં ત્રીસ વર્ષ દરમિયાન યુરોપના રાજવંશો ને રાજપુરુષોમાં તેણે જુદી જ ભાત પાડી અને યુરોપના ઇતિહાસના પલટામાં તે મોટો ભાગ ભજવી ગયો.

માતપિતાએ તો એને મધ્યમવર્ગનું શિક્ષણ આપી પ્રજાની સમાન કક્ષાએ ઉછેરવાનું વિચાર્યું હતું અને તે માટે તેને કાસેલની જિમ્નૅશિયમ શાળામાં મૂક્યો હતો. પણ દીકરો જુદા જ મનોવ્યાપાર સેવતો હતો. એના જન્મકાળની પૂર્વની જ પેઢીમાં હજી બિસ્માર્કે જર્મન રાષ્ટ્રનું પુનર્વિધાન કર્યું હતું, અને એ લોખંડી રાષ્ટ્રપુરુષે પ્રજામાં પ્રેરેલી અસ્મિતાનો જુવાળ દેશમાં ચડ્યો હતો. ઑસ્ટ્રિયા અને ફ્રાન્સ પર એ કાળમાં મેળવેલી મહાન ફતેહો અને બિસ્માર્કને હાથે રચાતું દેશનું નવ-ઘડતર પ્રજાને જે ગૌરવભર્યું રોમાંચ કરાવતો તેની અસરથી આ તેજસ્વી રાજકુમાર કેમ વંચિત રહી શકે?

કાસેલની શાળામાં તેને એવી સંગીન કેળવણી મળી અને એવો બૌદ્ધિક વિકાસ થયો, જે જીવન આખું તેને ઉપકારક થયાં. ત્યાંની છેલ્લી પરીક્ષા ૧૮૭૭માં પાસ કરી છએક માસ લશ્કરી તાલીમ માટે ગાળી તે બૉન યુનિવર્સિટીમાં કાયદા અને રાજકારણનું જ્ઞાન લેવા ગયો. પણ ત્યાં અભ્યાસ કે અધ્યાપકો જોડે તેને મનમેળ થયો નહિ, એટલે ત્યાં બે વર્ષ ગાળી ફરી પાછું પોસ્ટડામમાં લશ્કરી શિક્ષણ માટે તે ગયો; અહીં પણ મુલ્કી રાજવહીવટના અભ્યાસની તેને માટે જોગવાઇ કરવામાં આવેલી, પણ તેનું ચિત્ત એ વિષયોમાં ચોંટતું નહિ. લશ્કરીઓ જોડે રહેવાથી પ્રશિયન ઉમરાવો અને લશ્કરી સેનાનાયકોમાં પ્રચલિત વિચારોની જ અસર અહીં તેના મન પર મોટે ભાગે પડી. અને જે અદબ અને આદરથી અહીં બધા તેની જોડે વર્તતા તે તેના રાજશાહી અને સ્વૈચ્છિક સ્વભાવને બહુ રોચક નીવડ્યું.

૧૮૮૧ના ફેબ્રુઆરીમાં જર્મનીના જ એક પ્રાંતની રાજકુંવરી ઑગસ્ટા વિક્ટોરિયા જોડે તેનું લગ્ન થયું. સાદાઇ ને ધાર્મિક સંસ્કારમાં ઊછરેલી એ રાજકુમારી બહુ ઊંચી પ્રતિભાવાળી ન હતી, પણ વિલિયમને તે ભક્તિ-પ્રેમથી ચાહતી. તેનાથી એને છ પુત્ર ને એક પુત્રી થયાં.

તેના દાદા વિલિયમ પહેલાના મૃત્યુ પછી તેનો પિતા ફ્રેડરિક ગાદીએ આવ્યો, પણ ટૂંક મુદતમાં જ તે અવસાન પામ્યાથી ૧૮૮૧ના જૂનની ૧૫મીએ કૈસર વિલિયમ બીજા તરીકે તે શહેનશાહ થયો. રાજકીય મહત્ત્વાકાંક્ષાથી ભર્યોભર્યો ત્રીસ વરસનો એ તેજસ્વી જુવાન અનેક શક્યતાઓથી ભરેલા જર્મની જેવા ઘડાતા આવતા રાષ્ટ્રનો સૂત્રસંચાલક બન્યો. તે તીવ્ર બુદ્ધિનો હતો અને ત્વરાથી બધી વસ્તુઓ ગ્રહણ કરી શકતો. પણ બીજે પક્ષે એ ત્વરા અને તરવરાટને લીધે એનો સ્વભાવ એટલો ચંચલ બની ગયો હતો કે કોઇ પણ પ્રશ્નના ઊંડાણમાં ઊતરવાની સ્થિરતા કે ધીરજ રાખવી તેને આકરી પડતી. ભાષા અને વાણી પર તેનો અચ્છો કાબૂ હતો અને ખાનગી વાર્તાલાપ કે જાહેર ભાષણોમાં સાંભળનારને મુગ્ધ કરી દેતો.

આજાં ત્રેવીસ વર્ષ લગી કેવળ અંધકારમાં રહી વિરક્ત શાંતિથી જગતના ઝંઝાવાતો નીરખનાર સમ્રાટ

કૈસર

જે શબ્દ 'સીઝર' ઉપરથી થએલું 'શહેનશાહ' માટેનું જર્મન રૂપ છે.

બહુ જ થોડા યુરોપિયનોનાં નામ હિંદને ગામડે ગામડે જાણીતાં હશે; એવાં થોડાંક નામોમાં જર્મનીના કૈસરનું એક માણસ. એના જ દેશવાસી હિટલરની પેઠે, એ પુરુષ આજથી ૨૫ વર્ષ ઉપર ગામડે ગામડે ગવાતો હતો. કારણ કહ્યાનું છે: હિટલરની પેઠે એણે પણ આજથી એક પેઢી ઉપર યુરોપને અને જગતને યુદ્ધની આંધીએ ચડાવ્યું હતું.

૧૯૧૮ના અંતભાગમાં દેશ છોડીને તે હોલૅન્ડ નાઠો ત્યારથી ગયે માહિને એનું મૃત્યુ થયું ત્યાં સુધી, એ દેશના ડૂર્ન ગામમા એકાંતમાં એ રહ્યા. ખરેખર, એ એકાંત હતું. જગતમાં અને પોતાના દેશમાં પણ જે સતત નવાજૂની થયા જ કરતી હતી, તે કશા વિષે તેણે જાહેરમાં એકે ઉદ્ગાર —હર્ષનો કે શોકનો, આશ્ચર્યનો કે ક્રોધનો, ચિંતાનો કે દુઃખનો— કાઢ્યો નથી. જિંદગીભર કામ કામ અને કામ (અને કેવી ઉતાવળભરી રીતે તથા ઉત્સાહ અને ઉછાળાભેર!) કરનાર માણસે આમ એક પેઢી સુધી, જીભ ઝાલીને બેસવું, અને તે પણ જગતના ઇતિહાસની એક અતિ ભારે કટોકટીની પળે, એ એક તપ જ કહેવાય. આ તપ કરનાર કૈસર તેના પૂર્વના જીવનથી જુદો જ તરી આવે છે.

એને માથે યુરોપનું મહાયુદ્ધ પેટાવ્યાનો આક્ષેપ હતો; પણ એ આક્ષેપ તો આજ ઇતિહાસે ધોઈ કાઢ્યો છે. મદ્રાસનું 'હિંદુ' પત્ર કહે છે તેમ 'હવે બધા જ ઇતિહાસકારો સ્વીકારે છે કે પહેલું મહાયુદ્ધ મહાન રાજ્યોની હરીફાઈમાંથી નીપજ્યું હતું. ૧૮૭૦ની સાલમાં જર્મનીએ પોતાની એકતા સાધી, ફ્રાન્સને હરાવ્યું ત્યારે એ જુવાન અને જોમભર્યું હતું. તેના ઔદ્યોગિક વિકાસથી વધતી ને વધનારી પ્રબળ દરિયાપારનાં સંસ્થાનોમાં બજાર નીકળવાનું બારું શોધતી હતી. ફ્રાન્સ વેર લેવા આફ્રિકામાં પોતાનો પથારો વધારવા તલસતું હતું. રશિયા ભૂમધ્યમાં જવા માટે ડાર્ડેનલ્સની સામુદ્રધુનીનો કબજો શોધતું હતું. બ્રિટન, આ બધી મહત્ત્વાકાંક્ષાઓમાં પોતાની સુસ્થિતિને ધમકી રહેલી જોતું હતું. જેમાંથી છેવટે લડાઈ સળગી એ જે સામસામેની બધી પક્ષ-ગોઠવણી અને ગુપ્ત સંતલસો, તેની પૂર્વભૂમિકા ઉપર વર્ણવેલી સ્થિતિ હતી.'

એણે આજના જર્મની કે હિટલર અથવા એનાં કામોની નીતિરીતિ વિષે એક અક્ષર મોંમાંથી કાઢ્યો નથી! એક જમાનામાં મહાયુદ્ધ જેવા મોટા નાટકના મુખ્ય પાત્રે તેવા જ આજના નાટક વિષે કાંઈ જ ન બોલવું એ મૌનમાં પણ ભારે તિતિક્ષા રહેલી છે. એ પણ સારું જ દૈવ ગણાય કે આ યુદ્ધનો અંત જોવા તે ન રહ્યો અને વેળાસર અહીંથી પરવારી ગયો. છાપાં જણાવે છે કે નિકટનાં સગાંવહાલાં વચ્ચે શાંતિથી તેણે જીવ મૂક્યો. યુદ્ધનો મોકો જો આજ ન હોત તો આ માણસનું મરણ જગબત્રીશી પર વધારે પ્રમાણમાં ચડત. જે એકાંત જીવન તે ગુજારતો હતો તેને અનુરૂપ જ મરણ તેને લાધ્યું. (શિક્ષણ અને સાહિત્ય)

પણ ચણીનાર જાહેર ભાષણોમાં શ્રોતાઓની પ્રશંસા અને અંતરના ઉમળકાથી પ્રેરાઈ તે ધાર્યાં કરતાં વધારે પડતું બોલી નાખતો જે રાજકાજમાં એને નડતું.

પોતાના શહેનશાહપદને તે ઈશ્વરનિયુક્ત ગણતો, ને એ પદે પોતાની પ્રજા પ્રત્યેની ફરજો બજાવવામાં ઈશ્વર જરૂર નિગેહબાન થશે એવી અચળ શ્રદ્ધા ધરાવતો. તે સાથે એ શહેનશાહપદનું તેને અભિમાન પણ હતું.

એ ગાદીએ આવ્યો ત્યારે જર્મનીનો રાષ્ટ્રસ્રષ્ટા અને એના દાદા વિલિયમ પહેલાનો જીવનભરનો માર્ગદર્શક લોખંડી રાજપુરુષ બિસ્માર્ક ચાન્સેલરના સત્તાસ્થાને હતો. પોતે પાટવી હતો તે દરમ્યાન બિસ્માર્કની શક્તિ ને સેવાની ઘણી વાર એણે પ્રશંસા કરેલી; પણ એના જેવો સત્તાકાંક્ષી ને ચંચળ મનનો તેજસ્વી તરુણ રાજવી ગાદીએ આવ્યા પછી એક મ્યાનમાં બે તલવાર સમાવી મુશ્કેલ હતી. જેણે જર્મન રાષ્ટ્રનું નિર્માણ કરીને પૂરી એક પેઢી સુધી તેનું તંત્ર ચલાવ્યું હતું એ બિસ્માર્ક જેવો વજ્રપુરુષ એક ઊગતા ને બિનઅનુભવી રાજવીની મનસ્વિતાને તાબે થાય એ સંભવિત ન હતું; અથડામણો અનિવાર્ય હતી, અને તે થયા કરતી.

એવામાં સમાજવાદીઓ સામેના એક કાયદાને ફરીથી ચાલુ કરવા બાબતમાં કૈસરે વિરોધ કર્યો અને રાજમંત્રણાઓમાં બિસ્માર્કને આમંત્રણ આપવાનું બંધ કર્યું. બિસ્માર્કે ઈ. ૧૮૫૦ના એક કાયદા અનુસાર ચાન્સેલર તરીકે બધા પ્રધાનોને પોતાની હાજરી વિના

શહેનશાહ સાથે કાંઈ પણ મંત્રણા કરવાની મના કરી. કૈસરે આમાં પોતાની સત્તાનો લોપ થતો જોઇ એ જૂનો કાયદો રદ કરવાનું કહેતાં બિસ્માર્કે તેમ કરવા ના પાડી, એટલે કૈસરે તેને રાજીનામું આપવાનું કહેવડાવ્યું અને પરિણામે ૧૮૯૦ની ૧૮મી માર્ચે બિસ્માર્કે રાજીનામું આપ્યું.

બિસ્માર્કના ગયા પછી સર્વ લગામ કૈસરે પોતાને હાથ લીધી અને પોતાના આદર્શો અને આવડત મુજબ જર્મનીનું ઘડતર આરંભ્યું.

એક તરફ ફ્રાન્સ અને બીજી તરફ રશિયા, એમ બે બળવાન સત્તાઓની વચ્ચે પોતાનો દેશ આવેલો હોવાથી, અને બિસ્માર્કે અર્પેલા પુનર્જીવન તથા પોતે આરંભેલા ઘડતરને પરિણામે જર્મન રાષ્ટ્રદેહનો થતો જતો ઉત્તરોત્તર વિકાસ અને મજબૂતી જોઇને યુરોપની સત્તાઓની આંખમાં જર્મની ચોક્કસ આવતું જવાનું એમ લાગવાથી, એ બધાની સમતુલાએ બળવાન રહી શકાય તે માટે એણે સતત લશ્કરને વધારીને મજબૂત કરવા ઉપર લક્ષ આપ્યા જ કર્યું હતું, અને નૌકાકાફલો પણ વધારીને બળવાન બનાવવા માંડ્યો હતો. એ ઉપરાંત બીજાં રાષ્ટ્રોની માફક પોતાના દેશના વેપારઉદ્યોગને માટે બજારો શોધવાની તેમજ દરિયાપાર સંસ્થાનો સ્થાપવાની પ્રવૃત્તિ પણ તેણે મોખરે કરી હતી. બિસ્માર્કના જ પ્રયત્નોમાંથી પ્રેરણા પીનાર એ મહત્ત્વાકાંક્ષી સમ્રાટે બિસ્માર્કે આદરેલું પૂરૂં કરવાનો પોતાની શક્તિ અનુસાર જે પ્રયત્ન કર્યો તેનો જર્મનીના રાષ્ટ્રવિકાસમાં નાનોસૂનો ફાળો ન હતો.

૧૯૧૪નું મહાયુદ્ધ સળગાવ્યાનો તેના પરનો આરોપ તો હવે ઇતિહાસવેત્તાઓએ નાપાયાદાર ઠરાવ્યો છે. ૧૯૧૪ના જૂનની ૨૮મીએ સેરાજેવો મુકામે ઑસ્ટ્રિયન પાટવી કુંવરનું ખૂન થયું. તેમાં સર્બિયાનો હાથ હોવાનું જણાયાથી ઓસ્ટ્રિયાએ તેની પાસે જે માગણીઓ મૂકેલી તે સંતોષાઇને એ વાતનો અંત આવે એમ કૈસરનો મૂળથી જ નિશ્ચય હતો. માત્ર આમાં રશિયા સર્બિયાનો પક્ષ લઈ વચ્ચે કૂદી ન પડે એમ તેની ઇચ્છા હતી. પણ તેણે ધારેલું કે પોતાની માફક ઝાર પણ રાજાશાહીમાં માનનારો હોવાથી એક રાજકુમારના ખૂનીઓની તરફેણ નહિ કરે. પણ તેના ખ્યાલમાં નહિ કે રશિયાનો અંતિમ નિર્ણય નબળા ઝારના હાથમાં ન હતો. તેને કલ્પના યે ન હતી કે આ કિસ્સામાંથી જગતવ્યાપી યુદ્ધ સળગી ઊઠશે. તે તો ત્યારે ઉત્તર જર્મનીમાં બાલ્ટિકની સફરે ઊપડી ગયો હતો અને યુદ્ધની કાંઇ તૈયારીઓ પણ કરેલી ન હતી. ઑસ્ટ્રિયન માગણીઓમાંની કેટલીકનો સંપૂર્ણ અને કેટલીકનો શરતી સ્વીકાર કરતો નરમ જવાબ સર્બિયાએ આપ્યા છતાં પણ ઑસ્ટ્રિયા મક્કમ રહ્યું અને લશ્કર એકઠું કરવા માંડ્યું એ પણ તેને ગમ્યું ન હતું; અને તેથી જુલાઇની ૨૮માએ તાબડતોબ પોતાની સફરેથી પાછા આવીને તેણે ઑસ્ટ્રિયાને ખમી જવાની તથા સર્બિયાને સમજાવવા માટે રશિયા જોડે સીધી વાટાઘાટ કરવાની સલાહ આપી. તેણે પોતે ઝારને પણ કેટલાક અંગત તાર મોકલીને સર્બિયાની મદદે લશ્કર એકઠું કરતાં અટકાવવા સમજાવ્યો. પણ આ દરમ્યાન ઝારે, ફ્રાન્સની સંપૂર્ણ મદદની ખાતરી તેને મળી ગઇ હોવાથી, જુલાઇની ૩૧મીએ લશ્કર એકઠું કરવાનું ઠરાવી દીધું હતું. આમ તેને માટે હવે યુદ્ધ અનિવાર્ય બન્યું. તે નિશ્ચય ફેરવવાનાં જર્મનીનાં કહેણનો જવાબ માગવા મુજબ રશિયાએ ૧૨ કલાકમાં ન આપ્યો અને જર્મનીને રશિયા સામે યુદ્ધ પોકારવું પડ્યું, અને શાંતિને માટેના તેના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા.

તે પછીની હકીકત તો જગજાણીતી છે. યુદ્ધ જાહેર થયા પછી ચોથે વર્ષે ઇ. ૧૯૧૮ના ઑગસ્ટમાં સ્પષ્ટ ભાસવા માંડ્યું કે પરિસ્થિતિ હવે વિફરતી જાય છે. એટલે તેના પ્રમુખપદ નીચે મળેલી ક્રાઉન કાઉન્સિલે સુલેહની વાટાઘાટો ચલાવવાનો નિર્ણય કર્યો. પરંતુ આ વખતે પણ તેના અનિશ્ચયી સ્વભાવને કારણે નિર્ણય એટલો મોડો થયો કે તે દરમ્યાન યુદ્ધની પરિસ્થિતિ જર્મનીને માટે ગૂંચવણ થઇ પડી. બીજી બાજુએ પ્રજામાં અને પાર્લામેન્ટમાં અસંતોષ વધતો ગયો ને ૧૯૧૮ના ઑકટોબરમાં તેને પ્રિન્સ મૅક્સને ઇમ્પીરિયલ ચાન્સેલર નીમવો પડ્યો. આ પછી જ્યારે પ્રેસિડેન્ટ વિલ્સને પોતાના ઢંઢેરામાં સ્પષ્ટ દર્શાવ્યું કે સુલેહની વાટાઘાટોમાં કૈસર જ આડખીલી રૂપ છે, ત્યારે રીશટાગની બહુમતિ સાથે પ્રિન્સ મૅક્સે શહેનશાહને ગાદીત્યાગ કરવાનું જણાવ્યું. ૧૯૧૮ના નવેમ્બરમાં પ્રજાનો બળવો ફાટી નીકળ્યો અને ગાદીત્યાગની જાહેરાત તાત્કાલિક કરવાની જરૂર પડી, જેમાં કૈસરે ઢીલ કરતાં ખુદ પ્રિન્સ મૅક્સે ૯મી નવેમ્બરે જાહેરાત કરી દીધી.

આ વેળા કૈસર પશ્ચિમ રણાંગણ પર હતો. પોતાની ઇચ્છા વિરુદ્ધની આ જાહેરાતનો પ્રતિકાર કરવો હોત તો તેની પાસે બે માર્ગ હતા: પોતાની પાસેના લશ્કરના બે ભાગ કરી અરધા વફાદારોને જર્મની મોકલી બળવો દાબી દેવો; અગર લશ્કરને મોખરે મરણિયા થઈને છેવટ સુધી લડીને રણમાં સૂવું. પણ આ કાંઈ ન કરતાં તેણે લશ્કરમાંથી છૂપી વિદાય લઈ લીધી ને નવેમ્બરની ૧૦મીએ પોતાના દેશનો ત્યાગ કરી હૉલૅન્ડનો આશ્રય લીધો.

હૉલૅન્ડમાં તેને ડૂર્નના કિલ્લામાં નજરકેદ રાખવામાં આવ્યો, જ્યાં તેણે કેવળ તટસ્થ, વિરક્ત, નિસ્પૃહ જીવન ગાળવા માંડ્યું. સુલેહની વાટાઘાટો દરમ્યાન એક દરખાસ્ત વારંવાર એવી લાવવામાં આવેલી કે મહાયુદ્ધ સળગાવવાને માટે અંગતરીતે તે જવાબદાર હોઈ તેના પર કામ ચલાવી સજા કરવી; પણ પાછળથી એ વિચાર પડતો મૂકવામાં આવ્યો,

ડૂર્નમાંના તેના શાંતિવાસના આ લાંબા ગાળા દરમિયાન તેના જીવનનો જો કોઈ એકમાત્ર મહત્ત્વનો બનાવ બન્યો હોય તો તે હરમાઈન નામની એક વિધવા રાજકુમારી સાથેનું લગ્ન. અવારનવાર જર્મનીથી મુલાકાતીઓ તેને મળવા આવતા; પણ તે ખાનગીમાં. જાહેરરીતે તે કદી બહાર આવ્યો નથી, કે જાહેરમાં કદી કોઈ ઉદ્ગારો કાઢ્યા નથી. પોતાના ખાનગી અભ્યાસ ને કામોમાં રત રહીને તે જીવનના અંત સુધી શાંતિથી રહ્યો—એવી તિતિક્ષામય, અદ્ભુત શાંતિથી કે દુનિયાભરમાં, તે પછીની આખી પચીસીમાં અનેક ઊથલપાથલો થઈ ગઈ, તેનો દેશ પાયમાલીમાં પડ્યો ને તેમાંથી બેઠો થયો, તેની જ માફક જાગેલા તેના દેશના બીજા સત્તાકાંક્ષી માનવીએ જગતમાં બીજા મહાયુદ્ધનો દાવાનળ સળગાવ્યો, આમ છતાં, એ પચીસ વરસના એ તપના લાંબા સમય દરમ્યાન એક પણ પ્રસંગ કે પરિસ્થિતિ પર તેણે હરફ સરખો ઉચ્ચાર્યો નથી. પોતાના મનનાં મંથનોને મનમાં જ શમાવી રાખીને, આ નીચેની તેની સાથેની મુલાકાતમાંના તેના ઉદ્ગારોમાં જણાવ્યા મુજબ, ઇશ્વરની ઇચ્છાને વશવર્તીને પોતાનું શેષ જીવન તેણે ધાર્મિક વૃત્તિથી પૂરું કર્યું.

(એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકામાંના લેખો પરથી તારવીને)

જ્યૉર્જ સિલ્વેસ્ટર વાઇરેક નામના નામચીન પત્રકારે યુરોપની વિખ્યાત વ્યક્તિઓની પોતે લીધેલી મુલાકાતો 'ગ્લિમ્પ્સિસ ઑફ ધ ગ્રેઇટ' નામથી બહાર પાડી છે; તેમાંથી કૈસર સાથેની તેની મુલાકાત ટૂંકામાં આ નીચે આપી છે.

મને મુલાકાત આપવા માટે કૈસરે પોતે જ્યાં લાકડાં ચીરતો ને વહેરતો એ છાપરીમાં બોલાવેલો. ચાર મોટી કરવતો ત્યાં હતી. સૌ સાથે હું પણ વેરણિયો બન્યો. કૈસરનો જોડીદાર એક ડચ મજૂર હતો; મારો કૉન્ટન વાન હૂટન.

એ કલાકના પરિશ્રમ પછી અમે ચા પીવા બેઠા. એણે મને પોતાને હાથે રંગેલો એનો ફોટોગ્રાફ ભેટ આપ્યો. ચિત્રકલામાં એને નાનપણથી જ રસ છે. મેં પૂછ્યું: 'આપ નામદારની જિંદગીની ફિલસૂફી શી છે?'

'ફિલસૂફી! મને મારા ધર્મ સિવાય કશી ફિલસૂફી નથી. આપણે આપણામાં રહેલી બધી શક્તિ ખોદીખોદીને બહાર આણવી જોઈએ, જેથી જીવનસંધ્યાવેળા ઇશ્વર આપણાથી સંતુષ્ટ રહે. જિંદગીનો મારો અર્થ એવો છે.' ૧૯૧૪ના શિયાળામાં પૂર્વનો મોરચો સાચવતા હિંડનબુર્ગને મેં તેની સિદ્ધિ બાબતમાં સવાલ પૂછતાં તેણે જવાબ આપેલો કે "સામે મોંએ લડવાનું હશે તો આપણે જીતીશું. આપણી એકેકની સામે બબ્બે ગોઠવાશે, ત્રણત્રણ ગોઠવાશે તો યે આપણે જીતીશું. ચચ્ચારનો સામનો કંઈક મુશ્કેલ છે. પાંચનો તો મુશ્કેલ છે જ; અને છનો . . . . . . પણ વારુ, છતાં હું મારું બનતું કરીશ ને ઇશ્વરેચ્છા હશે તો તેમને પાછા પાડીશ.

એ ધર્મ છે! ને અંતમાં તો અમારા એકેક સામે વીસવીસ ગોઠવાયા હતા. છતાં અમે ટકી શકત, જો ઇશ્વરમાં પૂર્ણ શ્રદ્ધા મૂકી હોત તો. એને બદલે અમે માનવ તર્કમાં ને લપસણી દરખાસ્તોમાં, લપસી પડ્યા. અધૂરી શ્રદ્ધા એ અશ્રદ્ધાથી યે વધુ ભયંકર છે.'

'આપ નામદારનું એ જ દૃષ્ટિબિંદુ રહ્યું છે?' મેં પૂછ્યું.

'હમેશનું. ઇશ્વરના આદેશ સાથે હું વૃદ્ધિંગત થયો છું. મેં અંતરાત્માના અવાજ પ્રત્યે જાણીજોઈને કદી કાન બંધ નથી રાખ્યા. અંતરનો અવાજ એ ઇશ્વરનો અવાજ છે.'

'જો આપ ઇશ્વરની ઇચ્છા અનુસાર વર્ત્યા હો તો તે આપને ગાદી છોડવાની સજા શા સારુ કરે?'

'હું એને સજાને બદલે કસોટી ગણું છું, ને એટલે જ જૉબની માફક મરી જવાને બદલે મેં નમ્રતાપૂર્વક મારું નસીબ સ્વીકારી લીધું છે. ઇશ્વરને ગમે તો મને પાછો ગાદીએ બેસાડે! એને ગમે તો આમ જ મારું

જીવન ટૂંકું હોય. અને એવાં ઘણાં કાર્યો છે જે કરવાની મને ફુરસદ નહોતી મળતી, અને જે રાજગાદીથી જરા યે ઓછાં અગત્યનાં નથી.'

'ભૂતકાળની સ્મૃતિ આપને રંજ નથી ઉપજાવતી?'

'ઈશ્વરે પોતાના એકના એક પુત્રને કાંટાનો મુકુટ પહેરાવ્યો, તો પછી મારા જેવા નાચીજ ને સ્ખલનશીલ માનવીને ફૂલોના મુકુટનો શો હક્ક છે! ઈશ્વરે કદાચ સદ્કાર્યનાં મૂળ શોધી કાઢી જગતને જાહેર કરવાનું કામ મારા હાથે નિર્મ્યું હોય, કારણ અત્યારે હું દિવસ રાતના મળી ઘણા કલાકો એ અભ્યાસ પાછળ ગાળું છું. અહીં ફૂનેમાં મને મારા ઈશ્વરની ને મારા વિચારોની સર્વશ્રેષ્ઠ સોબત મળે છે. મારા વિચારો પવનમાં ઊડતાં બી જેવા છે. એમાંનું એક બીજ પણ કોઈ ફળદ્રુપ ભૂમિ પર પડીને ફણગશે તો હું મને કૃતાર્થ ગણીશ.'

'આપ નામદાર સુખી છો!' પૂછ્યા પછી મને થયું કે એ બહુ અંગત સવાલ હતો.

'ઈશ્વરે મને ખૂબ સુખ આપ્યું છે. મારી જિંદગીમાં બે વાર એણે આશિષ પૂરી છે—એક વખત આગસ્ટા વિક્ટોરિયા આપીને, હમણાં હર્માઈન આપીને. એ બંને પત્નીના પ્રેમે મારા જખમો રૂઝવી નાખ્યા છે. મારા જેટલી ઊંચાઈએથી બહુ ઓછા માણસો પડ્યા હશે; છતાં, હું ફરીથી કહું છું કે મને તેનો મુદ્દલ રંજ નથી. હું આ ડચ ગામડાની સાંકડી સીમાઓમાં બંધાએલો છું કે દુનિયાના વિસ્તારમાં ફરી ક્યાં યે મારી નજર પડે, હું મારા માટે નિર્માણ થતું કાર્ય સંપૂર્ણ અધીનતાપૂર્વક બજાવવા ઉત્સુક છું. બાકી તો હું યે મનુષ્ય છું ને મનુષ્યસુલભ નિર્બળતાઓ મારામાં યે સંભવે.'

પછી અમે હળવી વાતો પર ઊતર્યા. એની રમૂજવૃત્તિ હજુ જેવી ને તેવી જ રહી છે. એણે પોતે શહેનશાહપદે હતો ત્યારના કેટલાક રમૂજી પ્રસંગો કહ્યા ને અમે ખૂબ હસ્યા. બાળક પેઠે એ દિલ ભરીને હસી શકે છે.

મેં એક વધુ પ્રશ્નની હિંમત કરી જોઈ: 'આપ નામદારને જિંદગી કઈ બાબતમાં રસપ્રદ લાગી છે?'

'અનેક બાબતમાં. સારી વાર્તા વાંચવી મને ગમે છે. મારી વાડીમાં કામ કરવાનું મને ગમે છે. કહેવાતા રાજદ્વારીઓની ભૂલોનું નિરીક્ષણ કરવું મને ગમે છે. સાઈ બાજીંગ મને ગમે છે. પુરાતત્ત્વનો અભ્યાસ ગમે છે. મને ક્યારેક ઉદ્વેગ થતો હોય તો માત્ર એ કે આજ કરતાં મોટા પ્રમાણમાં હું જર્મનીની સેવા નથી કરી શકતો. એ સિવાય મને સંપૂર્ણ સુખ છે, સંપૂર્ણ શાંતિ છે.'



તરુણ રાજસ્થાની કલાકાર
અબ્દુલ કલામ

હિંદમાં અભિનવ સંસ્કૃતિનાં આંદોલનોએ ચારે તરફ પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ અને સંસ્થાઓને જન્મ આપ્યો છે. મધ્યયુગનું રાજસ્થાન પણ આજે કાયાપલટ કરી રહ્યું છે અને તેનું સ્પષ્ટ પ્રતીક ઉદયપુરનું વિદ્યામંદિર છે. આ સંસ્થાના પ્રાણાત્મા ડૉ. મોહનસિંહ મહેતા (બાર ઍટ લૉ) એક અગ્રગામી સુધારક અને પ્રગતિવાદી પુરુષ છે. રાજસ્થાનના શિક્ષણ-



રૂપકલ્પના: (લીનોકટ : અબ્દુલ કલામ)

માં અભિનવતા ને નવપ્રાણનો સંચાર કરવા એ ભગીરથ પ્રયાસો કરી રહ્યા છે અને તેમના જ પ્રયાસથી ગયે વર્ષે અખિલ ભારત શિક્ષણપરિષદ્ ઉદયપુરમાં મળી હતી.

ડૉ. મહેતા ૧૯૨૫માં સેવાસમિતિ બોયસ્કાઉટના કમિસ્નર હતા. તે વખતે નાનકડા કલામે તેની બુલબુલ-ટોળી (cub pack)માં નામ નોંધાવ્યું હતું અને ત્યારથી એ પુરુષની છાયામાં તેણે પોતાની પ્રતિભા વિકસાવી છે. ઉદયપુરમાં વિદ્યાભવન ખૂલ્યું કે તરત તેમાં દાખલ થવાની પહેલી અરજી તેણે જ કરી હતી.

એ સંસ્થામાં માત્ર પુસ્તકિયા જ્ઞાન નથી અપાતું, પણ નાગરિકતા અને નાગરિક જીવનનું સફળ શિક્ષણ અપાય છે. શ્રી કલામનો જન્મ ૧૯૧૪ની ૧૬મી માર્ચે થયો હતો. ૧૯૩૬ના જૂનમાં શ્રી કલામે હાઈસ્કૂલનો કોર્સ પૂરો કર્યો. દરમિયાન તેણે કલા અને શિલ્પમાં પોતાની શક્તિ અને શોખનો પૂર્ણ પરચો બતાવ્યો હતો, એટલે શાળાએ જ તેને વધુ અભ્યાસ માટે શાંતિનિકેતન જવા સૂચન કર્યું. કલામના પિતા ઉદયપુર રાજ્યના એક પોલિસ અધિકારી છે અને તે પોતે ચિત્રકળાના રસજ્ઞ તથા શોખીન છે, એટલે તેમનું પણ તેને પૂર્ણ પ્રોત્સાહન મળ્યું. ઇ. ૧૯૩૭માં તેણે શાંતિનિકેતનમાં શ્રી નંદબાબુ પાસે રહી ચિત્રકળાનો રીતસર અભ્યાસ આદર્યો. ત્યાં તેને બીજી ઘણી પ્રતિભાશાળી વ્યક્તિઓનો પરિચય થયો, પણ ખાસ કરી શ્રી નંદબાબુની તેણે પૂર્ણ પ્રીતિ સંપાદન કરી છે અને તેમની પાસેથી કળાનાં ઘણાં રહસ્યો શ્રદ્ધાપૂર્વક મેળવ્યાં છે. નાના નાના પ્રસંગો અને વાતચીતોથી શ્રી નંદબાબુ તરુણોમાં કળાની અજબ ઊર્મિ અને પ્રેરણા જગાડી શકે છે એથી જ ઘણા ત્યાં આકર્ષાયા છે અને હિંદની કળાના પરમ ભક્ત બન્યા છે.



પુસ્તકમાં નામ લખવાને બદલે પોતાની માલિકી દર્શાવવા માટે પશ્ચિમમાં એક સુંદર ચિત્ર તૈયાર કરાવી ચોડવાનો શિષ્ટસમુદાયમાં રિવાજ છે, જેને 'બુકપ્લેટ' કહે છે. એમાં એ વ્યક્તિની જીવન ભાવનાઓ નિર્દેશતું સંયોજન હોય છે. એવું આ એક 'બુકપ્લેટ ડિઝાઈન' છે, જેમાં મુક્તિ, શાંતિ અને પ્રગતિની ભાવના નિર્દેશતાં કુદરતી તત્ત્વો ઉતાર્યાં છે.

તેમની પ્રતિ કલામની શ્રદ્ધા અને ભાવના પ્રશંસનીય છે અને પોતે કલાના અભ્યાસમાં ઘણી ઉચ્ચ શક્તિ મેળવ્યા છતાં નમ્રપણે તે પોતાને એક પ્રાથમિક ઉપાસક જ ગણે છે. હિંદની કળાની સેવા અને પ્રગતિ



ઘરની પરસાળમાં (લીનોકટ: અબ્દુલ કલામ)



શાંતિનિકેતનનું એક નિવાસગૃહ (લીનોકટ: અબ્દુલ કલામ)

માટે તેનામાં ઊંડી ધગશ છે અને પોતાની માતૃભૂમિમાં તેના સંસ્કાર વિકસાવવાની મહેચ્છાઓ તે સેવે છે. સ્વભાવે પૂર્ણ સૌજન્યશીલ અને સરલતાવાળા આ તરુણમાં એક કવિ કે ભક્તનું લાવણ્ય વિલસે છે. મુંબઈમાં ભાઇ પરમાનંદ કાપડિયાને ત્યાં તેનો મેળાપ થતાં જરા પણ સંકોચ વગર 'કુમાર' માટે પોતાની કૃતિઓ એણે પ્રગટ કરવા આપી એ જ તેનું સ્પષ્ટ નિદર્શન છે. એની કળાકૃતિઓમાં પ્રામાણિક આલેખન અને સુરેખ વસ્તુવિધાન છે. તેની ખાસ વિશેષતા દૃશ્યનિર્માણમાં છે, તે આ અંકના રંગીન મુખચિત્રથી સમજાશે.

એના પિતાશ્રી પણ પુત્રની પ્રગતિમાં ખૂબ રાચે છે. તેણે કહ્યું કે ચિત્રો જોવા પિતાજી અધીરતાથી રાહ જોતા હશે અને ઘેર જઇશ કે પહેલું કામ તેઓ મારી ચિત્રની પેટી માગીને જોવા બેસી જવાનું કરશે, એટલે એમની નજરે ચિત્રો પાડ્યા પછી તુરત 'કુમાર' માટે મોકલીશ. એ વચન એણે બરોબર પાળી 'કુમાર'ને ઉપકૃત કર્યું છે. અમે એમની કલા અને ભાવનાને સંપૂર્ણ ઉત્કર્ષ અને સફળતા ઇચ્છીએ છીએ. **ર. મ. રાવળ**

શ્રી અનંત કાણેકરની નિબંધિકા

વિચિત્ર કલ્પના

હું નિશાળમાં ભણતો હતો ત્યારની વાત છે. અમારા એક પાડોશી ભાઈ એમની પત્નીને કોંકણમાંથી પહેલી જ વાર મુંબઇ લાવ્યા હતા. બાઇ બિચારી સાદી અને ભોળી હતી. એક વાર એની નાની દીકરી માંદી પડી. એક દિવસ બપોરે એની માંદગીમાં થોડો વધારો થયો એટલે બાઇ ગભરાઈ.

'બાબુ. જરા ઑફિસમાં જઈ એમને બોલાવી લાવીશ!' કાકલૂદીથી એણે મને પૂછ્યું.

'જરૂર.' મેં કહ્યું, 'પણ તેઓ કઈ ઑફિસમાં જાય છે? સરનામું તો તમે જાણતાં જ હશો?'

'સરનામું વળી કેવું! અરે, કોટમાં ઑફિસ છે તેમાં.' મારો સવાલ તદ્દન મૂર્ખાઇભર્યો હતો એમ સમજી એણે મને જવાબ આપ્યો: 'તારા મામા પણ જાય છે ને ઑફિસે!'

"પણ કાકી,' હું બોલ્યો, 'મારા મામાની ઑફિસ તો મેં જોઇ છે. પણ શંકરરાવની ઑફિસ હું ક્યાં જાણું છું?'

'એટલે?' બાઇ જરા મૂંઝાઈ, 'તારા મામાની ઑફિસ અને એમની ઑફિસ શું એક નથી! બધા લોક નોકરી પર જાય છે એ ઑફિસ તો એક જ હશે ને?"

હું હસી પડ્યો. ઑફિસ નામનું એક મોટું મકાન કોટમાં છે અને ત્યાં બધા જ લોકો કામ કરવા જાય છે એવી એ ભોળી સ્ત્રીની માન્યતા હતી!


આ કાકી તો ભોળાં અને અભણ હતાં. પણ પોતાના જ્ઞાનનું અભિમાન ધરાવતા કેટલાક લોકોની પણ, દુનિયાની મોટીમોટી વાતો વિશે એવી જ અસ્પષ્ટ પણ ચોક્કસ માન્યતાઓ હોય છે. અમારા ગણુકાકા હમેશ મને કહેતા: 'અરે ભાઈ, આ ચળવળ ને બધી ધમાલ શા કામની? અહીં ચળવળો કરવાથી શું થવાનું છે! જાઓ ઇંગ્લંડ અને લાવો ત્યાંથી સ્વરાજ્ય.'

કાકાની આવી વાતો કેટલાક દિવસ તો મેં સાંભળી લીધી. આખરે એક દિવસ ખિજાઇ જઈ મેં કહ્યું: 'સ્વરાજ્ય એટલે તમે શું ધારો છો, કાકા! એ શું જ્યૉર્જ બાદશાહના ઘરમાં પડેલું પોટલું-બોટલું છે, કે ત્યાં જઈ એ મેળવી લેવાનું અને બગલમાં ઘાલી હિંદુસ્તાન તરફ નાસી આવવાનું!'


કેટલીક વાતો વિશે માણસોની આવી અસ્પષ્ટ માન્યતાઓ હોય છે એની મને નવાઈ નથી લાગતી. બધા જ લોકો ચિકિત્સક અને તત્ત્વજ્ઞાની ક્યાંથી હોઈ શકે? પરંતુ આવી અસ્પષ્ટ કલ્પના માટે માણસ પોતાનો પ્રાણાર્પણ કરવા તૈયાર થાય છે ત્યારે મને મનુષ્યસ્વભાવમાં ખરી મઝા પડે છે. ગયા સત્યાગ્રહમાં અનેક કષ્ટ સહન કરી બહુ કઠિન કારાવાસ ભોગવી આવેલા એક જુવાનને એક ઘરડા માણસે પૂછ્યું: 'કેમ ભાઇ, શા માટે આટલી આપદા વેઠી?'

ઊંડી ઊતરી ગએલી પોતાની આંખો પેલા વૃદ્ધ તરફ નિર્ભયતાથી તાકી જુવાન બોલ્યો, 'આઝાદી માટે!'

હું નજીક જ ઊભો હતો. 'આઝાદી એટલે શું?' જરાક ઉપરોધપૂર્ણ સ્વરમાં મેં એને પૂછ્યું. એ બિચારો મૂંઝવાયો. કોઈપણ જવાબ એ આપી શક્યો નહિ. મને દુઃખ થયું. સ્વતંત્રતાની (અનુ૰ પાછળ પૃ ૨૩૧)



સ્વ. કલાકાર હરિવદનની ચિત્રપોથીમાંથી
થોડાં પ્રાણીચિત્રો



મંદિરને ઓટલે (ઉજ્જૈન)

ફોટો : આબીદમિયાં સૈયદ (પાલનપુર)

પરાધીન પ્રજાનો શિક્ષક અંતિમ ઘડીએ જે એક જ પ્રકારનો આપી શકે તેવો

છેલ્લો પાઠ



દરિયાકિનારાથી આશરે પોણાસો માઈલ દૂર, ચીનની અંદરના ભાગમાં આવેલા માયાતુન ગામમાં મકાનો ને માણસો જોતાં આપણને એમ લાગે કે દુનિયાની કંગાલિયતનું અહીં પ્રદર્શન ભરાયું છે. ટાઢે ઠૂંઠવાતાં બાળકો જેમ તાપણાની આજુબાજુ સંકોડાઈને બેસે એમ માયાતુનનાં માટી અને પતરાંનાં ઝૂંપડાં અવ્યવસ્થિતપણે ગૂંચળું વળીને અહીં જમાવી બેઠાં છે. એના દેખાવમાં મિસ્કિન માનવીઓના ચહેરાઓની કારુણ્ય રેખાઓ અંકાય છે. ગામ પાસે આવી તેને જુઓ તો પહેલો દેખાય ભાંગી ગયેલા પુરાણા ગઢનો ઢગલો. જાપાનના વિમાની આક્રમણની એ નિશાની છે. હવે આગળ વધો. ફટ, ફટ ... ભોં. ભોં ... અને ચરપ ... ચરપ,—શાળ, માણસો અને પંખીઓના એ વિવિધ અવાજ વચ્ચે ચારે તરફ નજર ફેરવો. જોયું! દૂબળાં સ્ત્રી-પુરુષો રેશમના તાર કાઢવાના અને વણવાના કામમાં લાગી ગયેલાં જણાય છે. કોશેટાનાં મરેલાં જીવડાંની એક જાતની બદબો આખા ગામ ઉપર છવાઈ રહેલી છે. આ ગામનાં અર્ધનગ્ન વણકરોએ વણેલું રેશમી કાપડ, ન્યૂયોર્ક અને બાર્સીલોના, મોરક્કો અને માર્સેલ્સ, લીસ્બન અને સાનફ્રાન્સિસ્કોનાં બજારો શાનદારીભરી રીતે સર કરી રહ્યું છે.

ત્યાંથી આગળ ચાલો. એટલે સ્વાગત કરવા સામું મળશે એક ચંડૂલખાનું. આરામથી આડા પડખાપડખ અફીણ ભરેલ હોકાઓ પીતા થોડાક વ્યસનીઓ જ અંદર દેખાય છે. પણ આપણને એ વ્યસન સાથે બિરાદરી નથી; માટે વધો હજી આગળ. જુઓ, આ માયાતુનનું બજાર આવ્યું. અહીં લક્ષ્મીના રણકાર નથી, ગાડીઘોડાની ધમાલ નથી. માલ વેચનાર માણસોનો શોરબકોર નથી; જાણે વેરાન પ્રદેશમાં પચ્ચીસ પચ્ચાસ હાટડીઓ ઊભી કરવામાં આવી હોય એવું એનું કલેવર જણાય છે. ડાબા હાથ તરફ જુઓ; એક ઊંચું મકાન બીજાં ઝૂંપડાંઓ તરફ અટ્ટહાસ્ય કરતું કુસ્તાક ઊભેલું જણાય છે. એ છે માયાતુનનો રેશમ અને અફીણનો ઉદ્યોગ એકહથ્થુ સર કરી, ખુશ્કી અને તરી માર્ગે જગતભરનાં બજારોમાં વહેતો મૂકનાર ધનપતિ સીંગ-ફુની 'હવેલી'. એ જ બાજુ. પણ જરા આગળ, શેતૂરનાં પંદર ઝાડને અંતરે એક ગરીબ પંતુજીની કુટિર ઊભી છે. પંતુજી મહાશય બહાર ચોગાનમાં એક ઝાડને છાંયે બેઠા છે. એમનું નામ છે તાઈ-વુમ.

એટલામાં ત્યાં આગળથી પસાર થતા બે જાપાની અમલદારો, ઝૂંપડી અને પંતુજી એ બેમાં વધારે મુફલિસ દેખાય કોણ એના ઉપર વાર્તાલાપ કરતા અને કાંકરે મઢેલી જમીન ઉપર પડછંદ બૂટના તમાચા મારતા સીંગ-ફુની હવેલીમાં પેઠા.

પોતાના ગામને ગુલામીમાં જકડનારા પરરાષ્ટ્રના આ પ્રતિનિધિઓને પોતાના મકાનમાં દાખલ થએલા જોઈ સીંગ-ફુએ સામા જઈ એમને હસતે મોંએ આવકાર દીધો ... પોતાનું મકાન સલામત છે, પોતાનું

માથું સલામત છે, પોતાનો વેપાર સલામત છે: દેશ આઝાદ હોય કે પરાધીન એની એને પરવા નહોતી.

'પધારો . . . પધારો" એણે નમન કરતાં કહ્યું.

'સીંગ-કુ તમારું નામ?' એમાંના અમલદારે પૂછ્યું.

'જી.'

'ગામનો વહીવટ-વેપાર તમે સંભાળો છો?'

'જી.'

'તો સાંભળી લ્યો. જાપાનના હાઈકમાન્ડનો હુકમ છે કે અહીંનો કોઈ પણ માણસ અમારી વિરુદ્ધ ન પડવો જોઈએ.'

'જી.'

'અને જો કંઈ પણ બખેડા ઊભા થશે તો એના જોખમદાર તમે ગણાશો.'

'પણ . . .'

'. . . અને બીજું. કાલ આ મહિનાની છેલ્લી તારીખ છે. અહીંની શાળાના શિક્ષકને કહી દેજો કે કાલ પછી એની નોકરી પૂરી થશે. પરમ દહાડે નવો જાપાની શિક્ષક આવીને એનું સ્થાન લેશે. સમજ્યા?'

'જી.'

'. . . અને ગામમાં ઢંઢેરો પીટાવી દેજો કે દરેક બાળકે શાળામાં જાપાની ભાષા ફરજિયાત શીખવી પડશે.'

'જી.' સીંગ-કુ એકનો એક શબ્દ લવ્યો. અને રૂઆબમાં તેને એકલો મૂકી, ફરી જમીન પર બૂટના તમાચા મારતા અમલદારો ચાલ્યા ગયા.

સીંગ-કુએ એમનો સંદેશો તાઇ-યુમને બોલાવી સંભળાવી દીધો. . . . . અને રાત પડી.

બીજા દિવસનો સૂર્ય આગની લાલી સાથે પ્રગટ્યો. તાઇ-યુમ ઊઠ્યો ત્યારે એની આંખોની આજુબાજુ કાળાં કૂંડાળાં પડી ગયાં હતાં. ગઈ કાલની રાત-ફક્ત એક જ રાત-એને મૃત્યુની વેદના આપીને ચાલી ગઈ હતી. રાતનો સળંગ ઉજાગરો એની આંખોમાં લબકતો હતો. મનના કારમા મંથનની વેદના એના ચહેરામાં અંકાઈ ગઈ હતી. મૂગા રુદનની ચીસ એના હૈયાના ધબકારમાં ચિત્કારતી હતી.

પ્રાતઃકર્મ આટોપી એ ઘનમૂન બેસી રહ્યો. આંગણામાં ફૂલેલું વૃક્ષ જ્યારે નાનો છોડવો હતું ત્યારનો એ આ ગામનાં છોકરાંને ભણાવતો આવ્યો છે. આવતી કાલથી એ ક્રમ તૂટી જશે. પોતાના એકાકી જીવતરનાં ચાળીસ વરસ એણે શાળાના આ એકઢાળિયા મકાનમાં કાઢ્યાં છે: કાળા વાળ પર ચાંદીનો ઓપ ત્યાં ચઢ્યો છે, ગુલાબી ચહેરા ઉપર વૃદ્ધત્વની રેખાઓ પણ ત્યાં જ અંકાઈ છે, અને એ એકઢાળિયામાં જ છોકરાંઓને ભણાવતાં ભણાવતાં એની કમ્મર વાંકી વળી ગઈ છે. જિંદગીની સાંજ હવે એ ક્યાં ગુજારશે?

ચૂલો સળગાવી ભોજન પકાવવાને બદલે તાઇ-યુમ ચોટલીની સેર ગૂંથી, ચશ્માં ચઢાવતો શાળાના મકાન તરફ ચાલ્યો. એને એ પણ ભાન ન રહ્યું કે શાળાના વખતને તો હજી ત્રણ કલાકની વાર છે. શાળાના ખંડમાં પ્રવેશી એણે એક ખૂણામાં પડેલું ઝાડુ લઈ આખો ઓરડો વાળી નાખ્યો, બારીઓને સાફ કરી અને પછી પોતાની-શિક્ષકની-ચટાઇ ઉપર એ બેઠો. બગાસું ખાતા દુર્ભાગ્યના મોં જેવો ઓરડો શાંત પડ્યો હતો,—શિશુઓના સળવળાટ વગરનો. ત્યાં બેઠાંબેઠાં એણે ટગર . . ટગર . . ટગર ચારે તરફ જોયા કર્યું. પાછળની બાજુએ આવેલું કાળું પાટિયું, એક બાજુ લટકતો એશિયાનો ફાટેલો નકશો. ત્રણ પગવાળા જરીપુરાણા હાજિયા ઉપર પડેલા ભાંગેલા ચાકના બેચાર ટુકડા, છોકરાંઓએ ભીંતો ઉપર આલેખેલાં ગાંડાંઘેલાં ચિત્રો વગેરે જોઈ એનું મન આનંદ અનુભવવા લાગ્યું. આ ફક્ત નિશાળની મામૂલી ઓરડી જ નહોતી; એની જિંદગાનીની આરામગાહ હતી. આ ફક્ત નિશાળ જ નહોતી; એનાં સુખ-દુઃખ અને ધૂપ-છાયાની મૂક સાથીદાર હતી.

કોઈ પ્રેતની માફક એ ત્યાં બેસી રહ્યો. પાંચ મિનિટ . . . કલાક . . . બે કલાક. બરાબર સાડા દસ વાગ્યે એક બાળક હાથમાં પાટી ઝાલી મોંમાં પેન ચૂસતું ઓરડામાં દાખલ થયું. 'વંદન, ગુરુજી!' એણે કહ્યું.

'આવ બેટા, આવ! બીજાઓ ક્યાં ગયા? માહ-કુ, ધમર્ધટ, સુન યાટ, ટાન ગેન ગુ વગેરે ક્યાં છે? નથી આવ્યા હજુ? આજે પણ એમનાથી વહેલાં ન અવાયું? . . . જલદી બોલાવી લાવ બધાંને . . . કહેજે કે ગુરુજી રાહ જુએ છે. ત્રણ કલાકથી રાહ જોઉં છું, બેટા, તમારી ના' પણ તમે વખત થયા સિવાય શાના આવો? અત્યારે તો તમારા રમવાના દિવસો છે ને! જન જોઈએ, . . . ના, ના; રહેવા દે . . . આવશે એ તો! વખત થાય ત્યારે આવવું ને.

વખત થાય ત્યારે જવું—સૃષ્ટિનો ક્રમ જ એવો છે ને?'

બાળક બિચારું ન સમજ્યું કે ગુરુજી આજ આમ કેમ બોલે છે. ગુરુજી સૌની રાહ જુએ છે, શા માટે જુએ છે; અને તે પણ ત્રણ કલાકથી! એ ચુપચુપ બહાર ચાલ્યું ગયું.

તાઇ-યુમ ટેબલ ઉપર ઊંધું માથું ઢાળી પડ્યો રહ્યો. વખત થતાં એક બાળક આવ્યું, બીજું આવ્યું, ત્રીજું આવ્યું. નાનાં આવ્યાં, મોટાં આવ્યાં. સૌ એક પછી એક આવ્યાં અને પોતપોતાની જગાએ બેસી ગયાં. અગિયાર વાગ્યા એટલે એક બાળકે ઘંટ વગાડ્યો. પાઠ લેવાનો વખત થયો, પણ ગુરુજી તો સળવળતા પણ નથી!

'અલ્યા સુન યાટ, ગુરુજી ઊંઘી ગયા લાગે છે.' ધમધેટ ધીમેથી બોલ્યો.

'ઉઠાડીશું?' સુન યાટે પૂછ્યું. કોઈ કહે કે ઉઠાડો ને કોઈ કહે કે ઊંઘવા દો. છેવટે સુન યાટ માસ્તર પાસે જઇ એને ઢંઢોળતાં બોલ્યો: 'ગુરુજી . . . ઓ ગુરુજી''

તાઇ-યુમનું મોં ધીરેધીરે ઊંચું થયું અને છોકરાંઓએ કદી નહિ જોએલું એવું દૃશ્ય જોયું. ગુરુજી રડી રહ્યા હતા. એમના ગાલ આંસુની અવિરત ધારાની વહેણભૂમિ બની ગયા હતા. હૈયામાં સળગેલા હુતાશની લાલી આંખોના અરીસામાં પ્રતિબિંબ પાડી રહી હતી.

મોં ઉપર આછો મરકાટ લાવતાં તાઇ-યુમે પૂછ્યું, 'આવી ગયાં સૌ? આવી ગયાં? બધાં ય આવી ગયાં?'

'હા, ગુરુજી!' એક જણે કહ્યું.

'ચાલો ઠીક થયું. સવારની રાહ જોતો હતો તમારી. આજે હું તમને છેલ્લો પાઠ શીખવાડીશ. કાલથી તમારા ગુરુજીની નોકરી પૂરી થાય છે. હવે આ ગામ ઉપર જાપાનની હકૂમત થઇ એટલે તમારે બધાએ જાપાની ભાષા શીખવી પડશે. સરકારી હુકમ છે. હું તો એ ભાષા જાણતો નથી, એટલે નવા માસ્તર તમને એ બધું શીખવાડશે. સમજ્યાં સૌ? અને પછી એક છાનું ડૂસકું ભરી ધીમેથી બબડ્યા: 'બીજું તો કંઇ નહિ, પણ મારું મોત બગડશે?'

કોઇ કંઇ ન સમજ્યું, કોઈ થોડુંઘણું સમજ્યા,— પણ એક વાત તો સૌ સમજી ગયા કે ગુરુજીની નોકરીનો આજ છેલ્લો દિવસ છે. જાણે બધું ય સમજી ગયાં હોય એમ સૌએ ડોકાં ધુણાવ્યાં.

'આજ હું તમને જે શીખવું તે ધ્યાન રાખીને શીખી લેજો. એ મારો છેલ્લો પાઠ છે. પાઠ કંઇ લાંબો નથી. સાવ ટૂંકો છે. રોજ એ પાઠ બોલજો અને મને યાદ કરજો. કરશોને યાદ? કે પછી ભૂલી જશો? . . . ચાલો, પાટી સાફ કરો . . . . કરી? . . . હવે . . . હવે લખો તમારો છેલ્લો . . . .'

માસ્તરને ગળે ડૂમો બાઝ્યો. જાણે કોઈ લોખંડી પકડમાં એમનું ગળું દબાયું હોય એમ શબ્દો બહાર આવતા અટકી ગયા. ચાળીસ વર્ષો લગી એમણે કેટલા યે પાઠ ભણાવ્યા હતા; પણ આજે એ દરેકની જિંદગીનો પહેલો પાઠ બની રહે એવો છેલ્લો પાઠ શીખવી રહ્યા હતા.

માસ્તરે ધ્રૂજતે હાથે ટેબલ ઉપર પડેલા ચાકના ટુકડાઓમાંથી એક ટુકડો ઉપાડ્યો ને ટૂંકાંટૂંકાં ડગ ભરતા કાળા પાટિયા પાસે ગયા. ત્યાં ઊભાંઊભાં એમણે બારી તરફ નજર નાખી. માયાતૂનના બજારમાં થઇને જાપાની લશ્કરની ટુકડીઓ અને ટેંકો કારમો દેકારો કરતી ક્યાંક જઈ રહી હતી. ક્યાં? બીજા મુલકો જીતવા? સ્વતંત્રતાને બેડીઓમાં જકડવા? સ્વર્ગને દોઝખ બનાવવા? ક્યાં? . . .

માસ્તરના કરુણ મોં ઉપર આ જોઇને સખ્તાઇની રેખાઓ તરવરી ઊઠી. બુલંદ અવાજે એમણે છોકરાંઓને કહ્યું : 'લખો.' અને પછી પોતાના વૃદ્ધ દેહમાંની સમસ્ત શક્તિ એકઠી કરી, ધ્રૂજતે હાથે, બની શકે એટલા મોટા અક્ષરે એમણે પાટિયા પર લખ્યું: 'આઝાદી ઝિંદાબાદ.'

. . . . ને પછી ખુરશી ઉપર ઢગલો થઇ પડતાં એમણે હાથની ઇશારતથી બાળકોને કહ્યું: 'બધાં જાઓ . . . . આજે છુટ્ટી!'

બાળકો ચાલ્યાં ગયાં . . . પાછળ રહ્યો એકલો, ગરીબ, વૃદ્ધ અને કરુણતાની જીવંત મૂર્તિ જેવો તાઇયુમ.

(સૂચિત) ચંદુલાલ પટેલ

બહુ ખુલ્લું મોઢું (બહુ વાચાળપણું) એ હૃદય એટલું જ ખાલી હોવાની નિશાની છે;
અને જ્યાંત્યાં દોડતીફરતી દૃષ્ટિ મનની ચંચળતાની નિશાની છે.

કિંમતે મામુલી પણ ઉપયોગે અણમોલ, આપણો ઘરઘરનો ને નિશદિનનો પરિચિત

કોલસો
અને તેની ખાણો

સવારથી રાત સુધી આપણે રોજના વ્યવહારમાં ઘરમાં અને બહાર જે લાખો મણ કોલસો બાળીએ છીએ તેનું ઉત્પત્તિસ્થાન ક્યાં છે તથા તે કેટલી તકલીફથી મેળવાય છે તે જાણો છો?

ચારકોલ

ઘરમાં બાળવાનો કોલસો બે પ્રકારનો હોય છે: ચારકોલ અને સૉફ્ટ કોક. તેમાં ચારકોલ એ લાકડાંમાંથી બનેલો કોલસો છે. ગાઢ જંગલો ને ઘણુંખરું નદીકિનારે કે જ્યાં ભારે વરસાદ પડતો હોય ત્યાં તેનું ઉત્પત્તિસ્થાન છે. ત્યાં મોટાંમોટાં ઝાડોને તોડી પાડી તેને મોટા બટ્ઠાઓમાં બાળે છે. લાકડાંની જાત પ્રમાણે તેને અમુક કલાક બળવા દઈ, તેમાંથી ધુમાડા નીકળી જાય એટલે તેને પાણીથી ઠંડા કરે છે. આ રીતે જે કોલસા બને તેને 'ચારકોલ' કહે છે. ને તે વિશેષ કરીને હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાનાં શહેરો—કરાંચી, અમુક અંશે મુંબઈ, અમદાવાદ—તેમજ ગુજરાતમાં ઘરકામ માટે વપરાય છે. આ જાતનો કોયલો હિંદુસ્તાનના પૂર્વ કિનારાનાં શહેરો તથા મધ્ય હિંદુસ્તાનમાં મુદ્દલ વપરાતો નથી. આર્થિક રીતે વિચાર કરીએ તો તે સૉફ્ટ કોક કરતાં ઘણો મોંઘો પડે, જોકે તેનો મુખ્ય આધાર તો તે કયા સ્થળે વેચાય છે તે ઉપર છે. બંગાળામાં ભારે વરસાદને લીધે મોટાં ઝાડીઓનો તોટો નથી તે છતાં પણ ત્યાં આ જાતના કોયલાનો ઉદ્યોગ—તેના ખર્ચાળપણાને લીધે—નથી. ત્યાં તો કોલસાની ખાણો હોવાથી તે જ વધુ સસ્તો પડે. ઉત્તર સિંધ તથા પંજાબમાં સિંધુ નદીના કિનારે ગાઢાં જંગલો હોવાથી, તથા ત્યાં નજીકમાં કોઈ કોયલાની ખાણો ન હોવાથી એ સ્થળે ચારકોલનો ઉદ્યોગ ખૂબ ખાલી નીકળ્યો છે અને એ ઉદ્યોગ માટે હિંદુસ્તાનનું તે મોટામાં મોટું ક્ષેત્ર છે.

કોલસાનાં ક્ષેત્ર

સૉફ્ટ કોકનો વિચાર કર્યા પહેલાં, તેના મૂળ ઉત્પત્તિસ્થાન કોલસાની ખાણ ને કોલસાના વિસ્તાર (કોલફીલ્ડ)નો વિચાર કરીએ; કેમકે સૉફ્ટ કોક તે કોયલાની ખાણમાંથી નીકળેલા કાચા કોયલા (સ્ટીમકોલ) અમુક ક્રિયાઓમાંથી પસાર કરીને બનાવવામાં આવે છે.

હિંદુસ્તાનમાં કોલસાના ત્રણ મુખ્ય વિસ્તારો છે: ઝરિયા કોલફીલ્ડ, રાણીગંજ અને સી.પી. કોલફીલ્ડ.

આ ત્રણેમાં મોટામાં મોટું તથા સમૃદ્ધમાં સમૃદ્ધ સ્થાન ઝરિયા કોલફીલ્ડ છે. ત્યાંનો સ્ટીમ (કાચો) કોલસો બીજા બધા વિસ્તારો કરતાં વધારે ભાવ લાવે છે. વળી ત્યાંની જમીનમાં ૩૦૦થી ૩૫૦ ફીટ ખોદતાં કોયલો નીકળવા માંડે છે, એટલે ત્યાં કોઈ ખાણ ૨૦૦૦ ફીટથી વધારે ઊંડી નથી. જ્યારે રાણીગંજ ફીલ્ડમાં ૭૦૦ ફીટ ખોદતાં તો હજી કોયલો દર્શન દે છે, એટલે ત્યાં સહેજે ખાણો ૨૫૦૦ ફીટ સુધી પણ ઊંડી છે. સી. પી. કોલફીલ્ડનો માલ ત્રીજા વર્ગનો હોય છે, પણ એ ખાણોની આસપાસના મુલકમાં તે સસ્તો પડતો હોવાથી ત્યાં વપરાય છે. હિંદુસ્તાનની રેલવેઓ ઘણુંખરું ઝરિયાનો જ કોયલો વાપરે છે. મોટે ભાગે એવો મત બંધાઈ ગયો છે કે રાણીગંજ કરતાં ઝરિયાનો એટલા જ વજનનો કોયલો બેવડા વખત સુધી બળે છે.

ઝરિયા

ઝરિયા કોલફીલ્ડનું સ્થાનક ઝરિયા, ઇસ્ટ ઇંડિયા રેલવેના ધનબાદ સ્ટેશનથી પાંચ માઈલ દૂર આવેલું છે. મજૂરો સિવાય તેની વસ્તી ૩૫,૦૦૦ માણસોની છે. વેપાર માટે તો તે સારામાં સારું સ્થળ હોય જ. તેની આસપાસ, તેના નામથી ચાલતા વિસ્તારમાં, લગભગ ૨૦૦ ખાણો છે. ગામને ૨૫ માઈલ દૂરથી, તોપચાંચીના તળાવમાંથી પાણી પૂરું પાડવામાં આવે છે. હવા, આસપાસની ખાણોને લીધે ગૅસવાળી હોવાથી તબિયતને નુકસાનકારક છે. પણ અહીં (ધંધાદારી ભિખારીઓ સિવાય) કામધંધો કે મજૂરી ન મળવાને કારણે કોઈ બેકાર કે ભિખારી હોય એવું કોઈ નથી. હિંદુસ્તાનમાં ફક્ત આ જ ગામ તે માટે પ્રખ્યાત છે.

અહીંનો વહીવટ 'ઝરિયા ડિસ્ટ્રિક્ટ બોર્ડ' અને 'ઝરિયા માઇનિંગ બોર્ડ ઑફ હેલ્થ' ચલાવે છે. ગામની તંદુરસ્તી તથા સાફસફાઈ વગેરે પાછલી બોર્ડ સંભાળે છે અને તે સિવાયનો વહીવટ ડિસ્ટ્રિક્ટ બોર્ડ કરે છે. ઝરિયાનો એક રાજા પણ છે, પણ તેની સત્તા હાલ તો એક મોટા જમીનદાર કરતાં વિશેષ નથી.

ગામમાં વીજળી છે, પણ તે સરકારી ખાતાંમાં તથા



એક જ કૂળ (કાર્બન)નાં ત્રણ સંતાનો

હીરો • ગ્રેફાઇટ • કોલસો

નિરાંત અને મોજથી રેલવે ટ્રેનમાં સફર કરી રહેલો કોઇ માણસ બારીમાંથી એન્જિનનો કાળો ધુમાડો જોઇ રહેલો હોય છે ત્યારે તેને ભાગ્યે જ ખ્યાલમાં હોય છે કે એની ટ્રેનને ચલાવનાર કોલસાના એ ધુમાડામાંના કાળા કણ, તેની આંગળી પરની વીંટીમાંનો હીરો અને તેના ગજવામાંની પેન્સિલ, એ ત્રણેમાં એક જ મૂળ પદાર્થ રહેલો છે : કાર્બન.

ઝળાંહળાં પ્રકાશે ચમકતો હીરો એ અત્યંત ઘન સ્વરૂપમાં બંધાએલો શુદ્ધ કાર્બન જ છે. પણ એનું એ બંધારણ એટલું સખત છે કે કાચ કાપવામાં ને પોલાદને ઓપ ચડાવવામાં તેની કણી અને રજ વપરાય છે. છતાં તેના મામૂલી બિરાદર કોલસાની માફક તેને પણ આકરી ગરમીમાં નાખવાથી તે ઓગાળી શકાય છે.

ગ્રેફાઇટમાં પણ એ જ કાર્બન ઘન રૂપે રહેલો હોય છે. પણ સ્વરૂપે, તેના મોટા ભાઇ હીરાથી ઊલટો, તે કાળો પોચો ને ચીકણો છે. આકરી ગરમી સામે ટકી રહેતી ધાતુ ગાળવાની કુલડીઓ તેની બને છે; પેન્સિલમાંનો પોચો કાળો પદાર્થ, સંચાકામમાં ઊંજવાના તેલ અને સ્ટવપૉલિશ પણ તેમાંથી બને છે.

જેમ સોના, ચાંદી અને તાંબાની પ્રથમ શોધ કોણે કરી તેનો ઇતિહાસ મળતો નથી, તેમ જ કોલસાનું પણ છે. જંગલી અવસ્થામાં જ માણસે કદાચ એની શોધ કરી હોય. એની કાળાશ હાથે ચોંટવા પરથી તેણે તેનો ધીમે ધીમે લખવામાં તથા પ્રાથમિક ચિત્રકામમાં યે ઉપયોગ કર્યો હશે, અને અગ્નિમાં નાખવાથી એ બળે છે એ જ્ઞાન થતાં તેણે તેને બળતણ તરીકે અપનાવ્યો હશે.

આ કોલસાની બે જુદીજુદી જાતો થાય છે: એક તો ચળકતી પત્થર જેવી પાકી, અને બીજી નિસ્તેજ તેમજ કાચી. એ પાકા અને કાચા કોલસાનું પિતૃ–તત્ત્વ (parent substance) એક જ છે. અને તે વનસ્પતિ. 'કુમાર'ના ૧૬૫મા અંકમાં આવેલા 'કાળા હીરા' નામના લેખમાં, પૃથ્વીના પટમાં રહેલા એના અસ્તિત્વનો આમૂલ વિકાસક્રમ આપેલો છે એ વાંચી જવાથી એ આખી પ્રક્રિયા સમજાઈ જશે. પાકો કોલસો સેન્દ્રિય (organic) પદાર્થ છે એ વસ્તુ અનેક રાસાયણિક કસોટીઓથી પણ પુરવાર થઈ ચૂકેલી છે. ખાણોમાંથી ખોદાઇને આ પાકો કોલસો (coal) જ નીકળે છે; કાચો કોલસો (charcoal) તો મોટીમોટી ભઠ્ઠીઓમાં ઝાડોને બાળીને હાથે તૈયાર કરવામાં આવે છે. એ ભઠ્ઠીની ક્રિયા દ્વારા કોલસા ઉપરાંત એના ધુમાડામાંથી વૂડ સ્પિરિટ, ઍસેટિક ઍસિડ, ઍસેટોન વગેરે દ્રવ્યો પણ સારવી લેવામાં આવે છે.

કોલસો સામાન્ય બળતણ ઉપરાંત કાચી ધાતુમાંથી પાકી ધાતુ શોધવાના કામમાં પણ ખાસ ઉપયોગી છે. એની ભૂકી, છાપવાની શાહી કાળો વાર્નિશ વગેરે બનાવવામાં વપરાય છે. વળી ઘણા પ્રસંગે કોલસો ગળણીકામ (filteration)માં પણ ખપ લાગે છે. એ ગળણીકામ માટે રાસાયણિક ક્રિયાસિદ્ધ વડે કોલસાની એક ખાસ જાત બનાવવામાં આવે છે, જે 'ઍક્ટિવેટેડ કાર્બન' કહેવાય છે. જુદાજુદા વાયુઓને ગાળવા માટે તે જબરો સહાયક નીવડ્યો છે.

એવા એક ઉપયોગી પદાર્થની ખાણોનો વિગતવાર પરિચય આપતો આ લેખ રસમય નીવડશે.

ટેલિફોન વગેરે જાહેર ઉપયોગી વસ્તુઓ સુધી જ પહોંચી છે. ઘરોમાં હજી ફાનસો જ વપરાય છે. અહીં યુરોપિયનોથી બીજે નંબરે કચ્છી તથા ગુજરાતી લોકો સારી લાગવગ અને આબરૂ જમાવી બેઠા છે. સરકારી ખાતાંમાં, તારટપાલમાં, કોલિયરી એજન્ટો તરીકે, ડિસ્ટ્રિક્ટ બોર્ડમાં વગેરે દરેક ઠેકાણે તેઓએ પોતાની હોશિયારી તથા પ્રમાણિકતાથી સારાં સ્થાન જમાવ્યાં છે.

માઇનિંગ સ્ટુડંટ્સને અહીં જ વ્યવહારૂ જ્ઞાન લેવા આવવું પડે છે. પ્રથમ ઈ. આઇ. રેલવેનો વિચાર આ ગામને મેઇલ સ્ટેશન કરવાનો હતો, પણ કઇ પળે આખું ગામ તથા રેલવે જમીનમાં ગરક થઈ જાય તેનો ભરોસો ન હોવાથી અહીંથી પાંચ માઇલ દૂરના ધનબાદને મેઇલ સ્ટેશન બનાવવામાં આવ્યું છે. ત્યાંથી એક બ્રાંચ લાઈન અહીં આવે છે. સ્થાનિક શ્રીમંતો હવાપાણીની ઉત્તમતા તથા સહીસલામતી માટે ધનબાદ જ રહેવાનું પસંદ કરે છે. અહીં જમીનનો કાંઇ ભરોસો ન હોવાથી નવાં

પાકાં મકાનો બાંધવાનો કોઈ વિચાર કરતા નથી. તે માટે ધનવાદને જ પસંદગી મળે છે.

ખોડા રામજીની ખાણ

આજથી લગભગ દસ વર્ષ પહેલાં ઈ.સ. ૧૯૩૦માં ઝરિયાને સીમાડે જ આવેલી આ ખાણ રાતના ૧-થી ૨ વાગ્યાના શુમારે, ઓચિંતા મોટા ધડાકા સાથે અને ગૅસના ભડકાઓ સાથે, આખી જમીનમાં ધસી પડી. ઉપરનું બાંધકામ, લાખોની કિંમતની મશીનરી, નજીકમાં આવેલી એક હૉઝિયરી મિલ, પાસેની રેલવે લાઈન તથા ઝરિયા ગામનો લગભગ અર્ધો ભાગ તેની સાથે જ જમીનમાં ઊતરી ગયાં. ખાણનો માલિક, હૉઝિયરી મિલનો માલિક, હજારો મજૂરો તથા ગામ-લોકો જીવની કબરમાં દટાઈ મૂઆ. તેમાંથી હજી, આજ દસ વર્ષ પછી પણ, ગૅસ તથા ભડકાઓ નીકળ્યા જ કરે છે! ધસી પડેલો વિસ્તાર લગભગ ૨ માઈલ લાંબો અને ૧ માઈલ પહોળો છે. હાલ તેની ચારે બાજુ પહેરો છે અને તે વિસ્તારમાં કોઈને જવા દેવામાં આવતા નથી. અફવા છે કે કોઈ મજૂરે ખાણમાં બીડી પીને બળેલી જ અંદર ફેંકી દીધી હશે. અંદરનો ગૅસ કે જે હજી પણ બળ્યા કરે છે તે પાસેની બીજી ખાણોમાં અને તે દ્વારા આખા ઝરિયાના કોલસાના વિસ્તારમાં ફેલાય નહિ તે માટે નીચેની અંડરગ્રાઉન્ડ ગૅલેરીઓ વાલુ (રેતી)થી ભરી દઈ તે ઉપર ચાલુ પાણીનો મારો ચલાવવામાં આવે છે. ઈ. સ. ૧૯૩૮થી સરકાર બીજી ખાણો પાસેથી સ્પેશ્યલ ટૅક્સ લઈ તેના પૈસામાંથી આ ખાણને પૂરવાનું કામ કરે છે. હિંદુસ્તાન-નાં દૂરદૂરનાં સ્થળોએથી રેલવે મારફત લાખો ટન રેતી લઈ આવી આ ખાણમાં ઠાલવવામાં આવે છે અને તેને પાણીથી ટાઈટ કરે છે. કોલિયરીના માલિકના દીકરાઓએ આ હોનારત માટે અંગ્રેજ સરકાર (ક્રાઉન) ઉપર બરાબર ઈન્સ્પેક્શન ન કરવા માટે, અને તે અંગે પોતાને થએલી નુકસાની માટે, લાખો રૂપિયાનો દાવો માંડેલો છે, જે વર્ષોથી ચાલે છે.

કોલિયરી

કોલિયરી એટલે કોલસાની ખાણ. આવી ખાણોમાં બે વર્ગ હોય છે: પહેલો અને બીજો. પહેલા વર્ગની ખાણ ૧૦થી ૨૭ સીમનો માલ ઉત્પન્ન કરે છે, જ્યારે બીજા વર્ગની ખાણ ૭થી ૧૦ સીમનો માલ કાઢે છે. સરકારી તથા રેલવે કૉન્ટ્રૅક્ટો હમેશાં ફર્સ્ટ ક્લાસ કોલિયરી સાથે ૧૨થી ૧૭ સીમના માલના થએલા હોય છે. ફર્સ્ટ ક્લાસ કોલિયરીના મૅનેજરનો પગાર રૂા. ૧૫૦થી રૂા. ૭૦૦ સુધી હોય છે, જ્યારે સેકન્ડ ક્લાસના મૅનેજરનો રૂા. ૮૦થી ૨૦૦ સુધીનો હોય છે. દરેક ખાણ ઉપર, કોઈ પણ વખતે, ઓચિંતા, સરકારી માઈનિંગ ઈન્સ્પેક્ટરો, ચેકિંગ કરવા માટે આવી પહોંચે છે, અને સરકારી કાનૂનથી કંઈ પણ વિરુદ્ધ જણાય તો તરત જ રીપોર્ટ કરે છે. મજૂરો અથવા વિઝિટરો દરેકને માટે, ખાણમાં ઊતરતાં પહેલાં, બહાર પૂરું નામ તથા ઠેકાણું નોંધાવવાં જ પડે છે. અકસ્માત વખતે તે નોંધબુક જ ખુવારીનો આંકડો તથા માર્યા ગએલાં માણસોનાં નામો કહી શકે છે.

દરેક ખાણ માટે, તેની આજુબાજુનો જમીનનો મોટો વિસ્તાર ખરીદેલો હોય છે. તેટલા વિસ્તારમાં જ ખાણનો માલિક, નીચેની જમીનમાંથી ખોદકામ કરી કોલસો કાઢી શકે છે. તેથી દૂર જો ખોદકામ કરવાની ઇચ્છા હોય તો અંદરની જમીન (ઉપરની નહિ) ખરીદ કરવી પડે છે. ઉપરની જમીન ઉપર આમ પ્રજાનાં ઘરો વગેરે પોતપોતાની માલિકીનાં જ હોય છે. અંદર-થી બધો કોલસો કાઢી લીધા પછી જમીન ધસાવવા વખતે ઉપરની જમીન ખાણમાલિકને ખરીદ કરવી પડે છે તથા તેના માલિકોએ તે ફરજિયાત વેચવી પડે છે. ઉપરના માલિકોને નોટિસ આપી ઘરબાર ખાલી કરાવ-વામાં આવે છે અને ખાલી ખાણને ધસાવી નાખ્યા પછી તે આખા વિસ્તાર ઉપર ભયનો 'ડેન્જર સિગ્નલ' લગાવી દેવામાં આવે છે. તે પછી તે આખો વિસ્તાર રહેવાને માટે બિનસલામત તથા નકામો થઈ પડે છે. તે વિસ્તારમાં સહેજ હરવાફરવાનું પણ ઘણું જ જોખમી હોય છે તથા કોઈ પણ માણસ ત્યાં જાય તો તે પોતાને જોખમે જાય છે. સરકાર અથવા ખાણમાલિક તે માટે જોખમદાર ગણાતા નથી. હજી બરાબર ધસી ન પડેલો વિસ્તાર, ક્યારે જમીનમાં ઊંડાઊંડા પાતાળમાં ઊતરી જશે તેનો કંઈ જ ભરોસો નહિ. ખાણમાલિકની જવા-બદારી તે વિસ્તારની આસપાસ તારની વાડ કરી લેવા તથા 'ડેન્જર'નું પાટિયું લગાવી દેવા સાથે પૂરી થાય છે.

હવે આપણે ખાણમાં ઊતરીએ. અંદર જવા માટે વીજળીથી ચાલતી લિફ્ટ અથવા હાથથી ચાલતી

'ચાનક' હોય છે. વીજળીનો ખર્ચ ઘણો આવી જતો હોવાથી, થોડીક જ ફર્સ્ટ કલાસ કોલિયરીમાં તેની સગવડ હોય છે. આ ચાનક અથવા લિફ્ટ માણસો તથા માલને ઉપર ને અંદર લાવવા લઈ જવાનું કામ કરે છે. આ ચાનક સિવાય, બીજા એક પગરસ્તે પણ આવજા થઈ શકે છે અને ચાનક બગડી જવાના પ્રસંગે તે કામમાં લેવામાં આવે છે. પણ ઉપરના રસ્તા કરતાં તે ઘણા જ લાંબા તથા કંટાળાભરેલા હોવાથી માત્ર જરૂરિયાતના વખતે જ તે વપરાય છે.

ખાણની ઉત્પત્તિ

માઇનિંગ મૅનેજરે કરેલી તપાસ ઉપરથી તેની સલાહ પ્રમાણે, અમુક ફીટ ઊંડે ખોદી, કોયલો નીકળવો ચાલુ થાય એટલે તેની લેવલમાં પોતાના ખરીદ કરેલા આખા વિસ્તારમાં ખાણનું ખોદકામ કરવામાં આવે છે. ઉપરની જમીન જેમની તેમ જ રહે છે. અંદર પ્રથમ એક મુખ્ય ગૅલેરી બનાવી તેમાં ખોદકામ કરતાંકરતાં આગળ વધવામાં આવે છે. એ મુખ્ય ગૅલેરી ઘણુંખરું ૮ ફીટ ઊંચી તથા ૧૦ ફીટ પહોળી હોય છે. તેની લંબાઇનો તો કંઈ શુમાર જ નહિ. ખાણ મોટી હોય તો તેમાં તે માઇલોના માઇલ લાંબી હોય છે. આ મેઇન ગૅલેરીમાં, અમુક અમુક અંતરે પછી બાજુમાંથી બીજી સાઈડ ગૅલેરીઓ ખોદેલી હોય છે, અને તેમાંથી, સબ સાઇડ ગૅલેરીઓ તથા તેમાંથી વળી બીજી નાની સબ સાઈડ ગૅલેરીઓ કાઢેલી હોય છે. એવી રીતે તે આખા વિસ્તાર, જમીનની અંદર જ, જ્યાં સુધી જરા પણ કોયલો હોય, ત્યાં સુધી હજારો ગૅલેરીઓ ખોદી કાઢીને કાઢી લેવામાં આવે છે. તે લેવલમાં આવી રીતે બધો યે કોયલો કાઢી લેવામાં આવ્યા પછી, થોડા નીચેના લેવલમાં, એકાદ ગૅલેરી ઢોળાણમાં ખોદી કાઢી, ઊતરવામાં આવે છે. લિફ્ટનો ખાડો પણ તેટલો ઊંડો લઈ જવામાં આવે છે અને ઉપરના લેવલની બધી ગૅલેરીઓનાં મોઢાં સીમેંટથી પાકાં ચણી લેવામાં આવે છે કે ભૂલથી પણ ત્યાં કોઈ જાય નહિ. વળી અમુક ગૅલેરીઓમાંથી બધો કોયલો ખોદી કાઢ્યા પછી તે નકામી ગૅલેરીના મોઢાને પણ પાકું ચણી લે છે,—જોકે તે લેવલમાં તો હજી બીજી ગૅલેરીઓમાં ખોદકામ ચાલુ હોય છે.

આવી રીતે બીજા લેવલમાંથી પણ બધો કોયલો નીકળી ગયા પછી વળી નીચેના લેવલમાં ખોદકામ કરે છે. આ દરેક લેવલને 'તલ્લા' કહેવામાં આવે છે. ઉપરના તલ્લાથી નીચેના તલ્લા લગભગ ૫૦થી ૧૦૦ ફીટ નીચે હોય છે. દરેક ખાણની ઉમર પ્રમાણે તેમાં અમુક તલ્લામાં કામ થતું હોય છે. નવી જ ખાણ હોય તો હજી પહેલા અથવા બીજા તલ્લામાં જ કામ ચાલતું જ હોય છે, જ્યારે જૂની ખાણોમાં દસમા અથવા પંદરમા તલ્લામાં પણ કામ થતું હોય છે. એક જ સાથે એક જ તલ્લામાં કામ થઇ શકે છે. તેની ઉપરના બધા તલ્લા, કોયલો ખોદી કઢાએલા એટલે કે નકામા હોય છે અને તેથી તે સીમેંટથી બંધ કરી દેવામાં આવ્યા હોય છે. ઝરિયાવિસ્તારમાં આવા તલ્લા વધારેમાં વધારે ૧૦૦૦થી ૧૨૦૦ ફીટ ઊંડા લઇ જવામાં આવ્યા છે. તેથી વધારે ઊંડા લઇ જવામાં ઉપરની જમીન (નીચે પોલાણ વધતું જતું હોવાથી) પડવાની બીકે જોખમ હોવાથી, ત્યાં જ ખાણમાલિક અટકી જાય છે, અને તે આખી ખાણને કોયલો કાઢી લીધેલી જાહેર કરી પાડી નાખવામાં આવે છે.

ખાણમાંની કાર્યપદ્ધતિ

આ સઘળી ગૅલેરીઓ–મેઇન અને સબ બધી યે–

કાળા, ખરબચડા, બેડોળ ને મામૂલી લાગતા

કોલસાની સમૃદ્ધિ

આજનું વિજ્ઞાન કોલસાનાં વિવિધ તત્ત્વોમાંથી આટલી વસ્તુઓ બનાવે છે:

પૅરેફીન	કેરોસીન
મીણબત્તી	આલ્કોહોલ
બાળવાનું તેલ	જંતુનાશક સાધનો
ઍમોનિયા લિકર	જાતજાતની દવાઓ
સંચામાં ઊંજવાનું તેલ	વાર્નિશમાં વપરાતો સ્પિરિટ
સાકરથી સોગણી મીઠી સૅકેરીન	લડાઇમાં વપરાતો દારૂ પદાર્થ
ચરબીવાળા ખોરાકો	ફોટોગ્રાફિક રસાયણો
ગૅસોલીન–પેટ્રોલ	વિવિધ જાતના રંગો
ગ્રામોફોન રેકર્ડ	ફળદ્રુપ ખાતર
ક્રીઓસોટ	બુટપૉલિશ
રબર	સાબુ

અને હજી વધુ શોધો ચાલુ જ છે.

જમીનની નીચે સેંકડો ફીટ ઊંડી આવેલી હોવાથી તેમાં બાજુની દીવાલોમાંથી ચાલુ પાણી ઝર્યા કરતું હોય છે અને તેને પંપદ્વારા ઉપર ખેંચી લેવામાં આવે છે. જો પાણી ખેંચી ન લેવાતું હોય તો થોડાક જ કલાકમાં આખી ગૅલેરીઓ પાણીથી ચિક્કાર ભરાઈ જાય અને તેમાં કામ કરતા મજૂરો ડૂબી મરે. દરેક ગૅલેરીમાં ખોદકામ માઈનિંગ મૅનેજરના જ કહેવા પ્રમાણે આગળ વધારવામાં આવે છે. અમુક અમુક અંતરે વચમાં, ટેકા માટે થાંભલા જેવો આકાર ખોદ્યા વગર છોડી દઈ, આગળ ને આગળ વધવામાં આવે છે. ખોદેલા ભાગ ઉપર—બાજુઓમાં તથા છત ઉપર—ચૂનાની લીટી દોરવામાં આવે છે કે જેથી મજૂરો એ પ્રતિબંધિત કરેલા વિસ્તારમાં ખોદે તો તરત ખબર પડી જાય. મૅનેજરે બતાવેલા ભાગ સિવાય બીજે ક્યાંય પણ ખોદવામાં ઘણું જોખમ થઈ પડવાનો દરેક સંભવ હોય છે. કદાચ ઉપરની બધી જમીન બેસી જવાનો પણ સંભવ. આટઆટલી સાવચેતીઓ છતાં પણ દર સાલ કેટલાયે અકસ્માતો થાય છે અને તેમાં હજારોના જાન જાય છે. ગૅલેરીઓમાં દિવસ-રાત અંધારું હોવાથી ત્યાં ચોવીસ કલાક કામ ચાલે છે.

અંદર કામ કરતા મજૂરોને ત્યાં 'મલકટ્ટા' કહેવામાં આવે છે. તે દરેક મલકટ્ટા પાસે પ્રકાશ માટે એક ઘાસતેલનું કોડીયું તથા કોયલો ખોદી કાઢવા માટે એક 'ગૅંતી' (ત્રીકમ જેવું ઓજાર) હોય છે. ઉપરાંત ખોદેલો કોયલો ભરવા માટે એક ઝુડો (છાબડી) પણ હોય છે. બાજુની દીવાલમાં દીવો ટીંગાડી, તેના તદ્દન ઝાંખા પ્રકાશમાં, પરસેવાથી રેબઝેબ થએલો મલકટ્ટો, ગૅંતીથી જ્યારે કોયલો ખોદતો હોય છે, ત્યારે જરૂર કોઈ મુલાકાત લેનારને અનુકંપા છૂટે. તે તો ટેવાઈ ગએલો હોય છે તેથી તેને પોતાને એટલું અઘરૂં લાગતું નથી. મૅનેજર, સ્ટાફ તથા મુલાકાત લેનારાઓને અંદર જતી વખતે સાથે જરૂર ગૅસની બત્તી અથવા ઇલેક્ટ્રિક ટોર્ચ લાઇટ રાખવી પડે છે. દરેક ગૅલેરીમાં ખોદેલો કોયલો ટ્રાન્સ્ફર કરવા માટે, એકાદ ટ્રૉલી લાઇન (નાની રેલવે લાઇન) પણ હોય છે. તે મારફત ખોદેલો કોયલો, ચાનક (લિફ્ટ)ના નીચેના છેડા સુધી લઈ આવી, તેના ઉપર આખી ટ્રૉલી ચડાવી દેવામાં આવે છે. ચાનક ઉપર આવતાં, કોયલાથી ભરેલી ટ્રૉલી રેલવે વૅગન પાસે લઈ જઈ તેમાં ઠાલવી દેવામાં આવે છે અથવા ગોડાઉનમાં ઢગલો કરવામાં આવે છે. સારી ખાણોમાં, મેઇન ગૅલેરીમાં વીજળીના દીવા ફીટ કરેલા હોય છે, જેથી બીજી કોઇ બત્તીની જરૂર પડતી નથી. ક્રૉસ ગૅલેરીઓમાં તો બીજી બત્તીઓની જરૂર પડે જ. આવી વીજળીની બત્તીવાળી ખાણો માંડ પાંચથી સાત ટકા હશે. બાકીની બધી જૂની રીતથી જ ચાલે છે.

સાવચેતીનાં સાધનો

અંદર મનુષ્યજીવનના બચાવ માટે પણ પૂરતી સગવડ રાખેલી હોય છે. દરેક ગૅલેરીની છત ઉપર, વીજળીના બેવડા તાર જોડેલા હોય છે. ખાણમાંથી ઓચિંતો ગૅસ નીકળવા વખતે, આખી ખાણ ધસી પડવાનાં કંઇ ચિહ્નો દેખાય તે વખતે, અથવા બીજા કોઈ જોખમના પ્રસંગે, છતવાળા બે તાર એકબીજાને અડકાડવાથી બહાર ભયનો ઘંટ વાગે છે તથા સમયસર સર્વેનો બચાવ થઇ શકે છે. વળી અંદર દરેક ગૅલેરીમાં ઍલાર્મ બેલ રાખેલા હોય છે, જે કંઇ ભયની સૂચના થતાં વાગવા માંડે છે અને એ રીતે આખી ખાણમાંના મજૂરો સમયસર બહાર નીકળી આવી પોતાનો જાન બચાવી શકે છે. એકાદ મોટી ફર્સ્ટ-ક્લાસ ખાણમાં ઓછામાં ઓછા બેથી ત્રણ હજાર મજૂરો કામ કરે છે. ખાણિયાઓને સૌથી વધારે ડર ઓચિંતો ગૅસ નીકળી આવવાનો હોય છે. તેના બચાવ રૂપે સેફ્ટી ગૅસ લૅમ્પ્સ હોય છે. તે દીવાને ગૅસની જરા પણ અસર લાગતાં એકદમ બુઝાઇ જાય છે અને આખી ખાણમાં નાસભાગ થઇ પડે છે. અંદરની મેઇન ગૅલેરીઓમાં તો ગરમી સખત હોય છે. ત્યાંના મલકટ્ટાઓ જ તે સહન કરી શકે. કોઇ સારી ખાણમાં કોયલો ખોદવા માટે 'કોલ કટિંગ મશિન' પણ હોય છે તે બહુ જ ઝડપથી તથા પદ્ધતિસર કોયલો ખોદી કાઢે છે. પણ આવા એક સાધારણ મશિનની કિંમત પચીસથી ત્રીસ હજાર રૂપિયા થાય છે, એટલે દરેક ખાણમાં તે પોસાય નહિ. ચાનક મારફત, ઉપર આવવા વખતે, ઉપરના ચાનક ચલાવનાર સાથે પહેલેથી અમુક નિશાનીઓ નક્કી કરેલી હોય છે, જેથી તેને ખબર પડે કે નીચેથી માણસ અથવા માલ ઉપર આવવાવાળો છે, તો તે પ્રમાણે તે ઝડપથી

અથવા ધીમેથી ચાનક ચલાવે. તારની ઘંટડીઓ, જેનો એકેક છેડો ઉપર તથા નીચે હોય છે તે મારફત નિશાનીની આપલે થાય છે. દરેક માઈનિંગ ઑફિસમાં, (ખાણના ગ્રાઉન્ડ ઉપર જ) મૅનેજર, ખડાખાણુ, લોડિંગ કલાર્ક અને ડિસ્પૅચ કલાર્ક એમ ચાર જાતના એકેક અથવા વધારે માણસો હોય છે. તે ઉપરાંત ખાણમાં મલકટ્ટાઓ ઉપર દેખરેખ રાખવા માટે સરદારો હોય છે.

અકસ્માતનાં ઘર

આખી ખાણમાંથી કોયલો ખોદાઈ ગયા પછી સરકારી કાયદા પ્રમાણે ખાણને પાડી નાખવી જોઇએ. પાડી નાખ્યા પહેલાં, અંદરના ટેકા માટે જે થાંભલાઓ જેટલો ભાગ ખોદકામ કર્યા વગર છોડી દીધેલો હોય છે તેનો પણ કોલસો કાઢી લેવામાં આવે છે. તેને માટે તે કોયલાના થાંભલાની બાજુમાં બીજો લાકડાનો થાંભલો ભરાવી દઈ, તે થાંભલો તોડી તેનો કોયલો કાઢી લેવામાં આવે છે. આવી રીતે આખી ખાણમાંનો કોલસાના થાંભલાનો કોલસો કાઢી લીધા પછી, લાકડાના થાંભલા પણ છોડી દેવામાં આવતા નથી. મલકટ્ટાઓ દૂર ઊભી, મજબૂત રસ્સાથી તે થાંભલાઓને પણ ખેંચી લે છે. આ વખતે ઉપરનો તે બાજુનો ભાગ ધસી પડે છે અને તે વખતે બહુ જ મોટો ધડાકો થાય છે અને હવાનું દબાણ એટલું જોરપૂર્વક થાય છે કે જો બાજુનો મલકટ્ટો કોઈ ક્રૉસ ગૅલેરીમાં ન ભાગી જાય તો ઊડીને, દીવાલ સાથે ભટકાઇ જાય! આ લાકડાના થાંભલાઓ ખેંચી કાઢવા વખતે ઘણી વખત ઉપરની આખી જમીન ધસી પડે છે અને સેંકડો માણસોના જાન જાય છે. બે વરસ ઉપર જ ૧૯૩૮માં રાણીગંજ માઇનફીલ્ડમાં આવો એક મોટો અકસ્માત થયો હતો અને સેંકડો માણસો દટાઇ ગયાં હતાં. બદલો (compensation) આપવાની બીકે, આવા અકસ્માતોમાં માર્યા ગએલાઓની સાચી સંખ્યાની ખબર જાહેર પ્રજાને કદી પણ પડતી નથી. દરેક માઈનફીલ્ડો અકસ્માતોનાં તો ઘર જ હોય છે. ખોદતાં-ખોદતાં એકાદ મોટો કોયલો કે એકાદ પથ્થર માથામાં, છાતીમાં અથવા શરીરના કોઇ નાજુક ભાગમાં ઊડીને લાગે એટલે તરત જ તે મલકટ્ટાના રામ રમી જાય. ખાણમાલિક તેટલા ભાગમાં કામ કરતા પંદર-વીસ મલકટ્ટાઓનાં મોં પૈસાથી બંધ કરી દઇ તે વાત ત્યાં જ દાબી દઈ, સરકારી કાયદા પ્રમાણે તેના કુટુંબને મોટો બદલો આપવામાંથી છટકી જાય છે. સંજોગે, જો એવો કોઇ અકસ્માત, એકબીજાને મોઢે ફેલાતો ફેલાતો આખી ખાણમાં પ્રસરી જાય તો માલિકને નછૂટકે તે માણસને હૉસ્પિટલમાં લાવવો પડે છે અને પોસ્ટમૉર્ટમ કરાવી રીપોર્ટ કરવો પડે છે. આ વખતે તેના કુટુંબને પૂરતો બદલો મળે છે. જો અકસ્માતને પ્રસિદ્ધિ ન મળે તો મરનારના કુટુંબના હાથમાં તેનું મડદું પણ આવતું નથી! તે ખાણમાં જ ક્યાંક દટાઇ જાય છે! આવા વ્યક્તિગત અકસ્માતો તો હમેશાં બેત્રણ બનતા જ હોય છે, પણ તે પ્રસિદ્ધિમાં કવચિત જ આવે છે.

અંદરનો અનુભવ

કોઇ પણ નવો માણસ જ્યારે પહેલી જ વખત ખાણમાં ઊતરે ત્યારે તેને જરૂર ખૂબ ગભરાટ થવાનો જ. જમીનની સપાટીથી ૭૦૦, ૮૦૦ અથવા ૧૦૦૦ ફીટ નીચે, જાણે પાતાળમાં, ચાનક મારફત તે જેમજેમ નીચો ઊતરતો જાય, તેમતેમ તેની હિંમત ઘટતી જ જાય! અંદર તળિયામાં જ્યારે ચાનક થોભે, અને મેઈન ગૅલેરીમાં થઇને નાની ક્રૉસ ગૅલેરીઓમાં તેને લઇ જવામાં આવે ત્યારે તો તેની હિંમતની અવધિ જ આવી રહે. ઉપર બપોરના ૧૨ વાગ્યા હોય ત્યારે પણ અંદર ઘોર અંધારું જ હોય. તેવા અંધારામાં, ઘડીકમાં ઠેસ ખાતો, બાજુની દીવાલો સાથે અથડાતો, નાની ગૅસબત્તીની મદદથી હાથમાંની લાકડીના ટેકે તથા કોયલાવાળા કાળા પાણીમાં ઝબકોળાતા પગે, કઈ પળે ઉપરની આખી જમીન ધસાઈ પડશે અથવા કઈ પળે ઓચિંતો ગૅસ નીકળી આવશે તેની કંઇ ખાત્રી વગર, જ્યારે તે અંદર આગળ ને આગળ વધતો હોય ત્યારે તેને મનમાં જરૂર એમ જ વિચાર આવે કે અહીં ન આવ્યો હોત તો સારું હતું! પણ ધીમેધીમે તેનું શરીર તથા મન ટેવાઈ જાય છે, મનમાંથી બીક નીકળી જાય છે અને પછી તો બીજા મજૂરો અને સ્ટાફનાં માણસોની માફક લાકડીના ટેકા વગર પણ નિર્ભય-પણે તે ફરી શકે છે.

ઝરિયામાં એવા પણ માણસો હજી મળ્યા છે કે જેઓ ત્યાં વીસ વરસથી વસતા હોવા છતાં હજી કદી બીકના માર્યા ખાણમાં ગયા નથી અને જિંદગી સુધી અંદર ઊતરવાની તેમની (અનુ૦ આગળ પૃ૦ ૨૫૭સે)

રમતોમાંથી રોજગાર



છોકરીઓને શીખવવામાં આવતા જુદીજુદી ૪૩ જાતના વિષયોમાં એક શિક્ષણ ધંધાદારી કલાકારનું પણ છે. આ વિદ્યાર્થિની જોડાની જાહેરાત માટેનું ચિત્ર તૈયાર કરે છે.

હાઈસ્કૂલના ઘણા વિદ્યાર્થીઓ પાસ થયા પછી તરત ઠેકાણે પડતા નથી, એ માનવશક્તિની દેશને પડતી ખોટનો વિચાર કરીને અમેરિકાના કેળવણી-નિષ્ણાતોએ શરૂ કરેલી એક યોજના


અમેરિકાના કૅલિફૉર્નિયા પ્રાંતના બુરબૅંક શહેરની એક શાળા કેળવણીના સાવ નવા જ પ્રયોગો કરી રહી છે. તેના એક વર્ગમાં જાઓ અને જુઓ તો સાત વર્ષનાં ભુલકાંઓએ એક પ્રવાસી એરોપ્લેનનો નમૂનો તૈયાર કર્યો છે. તેના પાઈલટ તરીકે એક બાબ-બચ બેસી ગયો છે. એક નાનકડી કીકી દરવાજે સાચવતી ટિકિટો જોતી ઊભી છે અને બીજાં કેટલાંક પ્રવાસ કરવા નીકળ્યાં છે. જરા પાસે જ હાઈસ્કૂલના પહેલી વળના છોકરાઓ લૉકહીડ ઍરક્રાફ્ટ કંપનીનું કારખાનું રચી રહ્યા છે. ત્યારે વળી કેટલાક હવાઈ ઉપયોગ માટે દક્ષિણ કૅલિફૉર્નિયાના પર્વતો અને હવાઈ મથકોના નકશા તૈયાર કરી રહ્યા છે. લોસ ઍન્જેલિસ કરીને બીજા ગામમાં હાઈસ્કૂલનાં છોકરા–છોકરીઓ નાનાં અને મોટાં એક ટ્રેડસ્કૂલ (ધંધાશાળા)માં એકાવન શાળાઓમાં વહેંચાઈ ગયાં છે અને તે તે ધંધાને જરૂરી છેવટની તાલીમ એવી સરસ પામે છે કે બહાર પડતાં જ ધંધામાં ગોઠવાઈ જાય છે.

બાલમંદિરથી શરૂ કરી ગ્રૅજ્યુએટની ડિગ્રી લે એટલા સમયમાં આ ઉદ્યોગની કેળવણી એક નવો જ માનવ-સમુદાય ઘડી રહી છે. આરંભના વર્ષમાં જાણીતા સ્થાનિક ધંધાઓ વિષે બાળકોને બને તેટલી માહિતી અને પરિચય આપવામાં આવે છે. કોઈ શહેરમાં હવાઈ જહાજોનું કારખાનું હોય કે હવાઈ મથક હોય તો બાળકોને ત્યાં લઈ જવામાં આવે છે અને પછી કાગળો કે ખોખાંમાંથી તેના નમૂનાઓ તેઓ રચે છે.

આ જાતના પ્રયોગો કરતાં કેટલાકમાં તેનો ખાસ શૉખ જાગે છે અને તેને લઈને પ્રાથમિક અને ઉચ્ચ વર્ગોમાં તેનો સારો વિકાસ કરી શકે છે. લૉસ ઍન્જેલિસ પરગણાની સોએક શાળાઓમાં છોકરાછોકરીઓને આમ ધંધાની કામગરી તરફ દોરવામાં આવે છે. પ્રયોગોની સાથોસાથ સિદ્ધાન્તશિક્ષણ પણ ચાલે છે અને અભ્યાસના વિષયો રોજના જીવનમાં ખરેખરા સ્વરૂપમાં જોવાના મળે છે.


ત્યાંનું કેળવણીખાતું સારી રીતે સમજે છે કે હાઈસ્કૂલના ઘણા વિદ્યાર્થીઓ પાસ થયા પછી તુરત ઠેકાણે પડતા નથી. પડતર માનવશક્તિની આટલી યે ખોટ દેશને મોંઘી પડે છે એમ વિચારીને લૉસ ઍન્જેલિસની સીટી બોર્ડના કાબૂ નીચે ફ્રાંક વિગિન્સ ટ્રેડ સ્કૂલ નામની સંસ્થા મફત શિક્ષણ આપી રહી છે. તેમાં ધંધાની કામગરીને લાયક સ્ત્રીપુરુષો તૈયાર કરવામાં આવે છે અને લગભગ દરેક ધંધા માટે ત્યાં તાલીમની ગોઠવણ થઈ છે.

રમતનાં ખોખાં–પાટિયાંમાંથી જેમણે એરોપ્લેન કર્યાં હોય છે તેઓ જલદી કુશળ હવાઈ નાવિકો, ડિઝાઇનરો અને યાંત્રિકો કે ધાતુકારીગરો બની જાય છે. ત્યાં દરેક વિદ્યાર્થી પોતાના હાથે જ બધું કામ કરે છે. પ્રવેશ માટે કોઈ પરીક્ષા રાખી નથી. વિદ્યાર્થી કોઈ પણ વર્ગમાં જઈ મનફાવતું કામ ઉપાડી તેની તાલીમ ઝીલી



બુરબૅંકની શાળાનાં ભુલકાંઓએ તૈયાર કરેલું પ્રવાસી એરોપ્લેન





ડાબી બાજુ: ભણતા ઇલેક્ટ્રિશિયનો એક ઘરના નમૂનાપર વીજળીના તાર નાખે છે. પછી સુતારીકામ, કડિયાકામ, ને પ્લાસ્ટર તથા રંગકામ શીખનારા વિદ્યાર્થીઓ પોતપોતાના ધંધાની એ જ નમૂના પર તાલીમ લેશે. જમણી બાજુ: ધંધાદારી ફોટોગ્રાફીમાટે તૈયારથતો વિદ્યાર્થી કૅમેરા વાપરતાં શીખે છે. જમણા કૉલમની નીચે: મોટરોનું મિકૅનિઝમ શીખતો એક વિદ્યાર્થી.

શકે અને ધંધાને મદદ કરી શકે એટલું જ બસ છે.

તેણે પસંદ કરેલા ધંધામાં જરૂરી શિક્ષણ તરીકે કાં તો તેણે આઠમી શ્રેણી કે હાઈસ્કૂલનો કોર્સ પૂરો કર્યો હોય તો ચાલે. એ શાળા તેણે ધારેલા વ્યવસાયની તાલીમ આપવાનું જ કરીને બેસી રહી નથી પણ તેને તેના બરની નોકરી કે જગ્યા પણ અપાવે છે; એટલે તેણે એક જ બાબતમાં ખાસ કુશળતા પ્રાપ્ત કરવી પડે છે. એ શાળામાં ટર્મ કે રજાના બંધનો છે જ નહિ. વિદ્યાર્થી ગમે ત્યારે દાખલ થઇ શકે છે અને કામધંધો જામે એટલે છૂટો થઈ જાય છે. આવી રીતે પ્રાથમિક વર્ગોમાંની પ્રાયોગિક દશાઓથી ચોક્કસ બનેલા અને એક જ ધંધાની ખાત્રીદાર તૈયારીવાળા વિદ્યાર્થીઓને તેમના શિક્ષકો પક્કા કારીગર થવા જાહેર કરે કે તુરત તેને રાખી લેવાને કારખાનાંદારો તો હારબંધ વાટ જોઇ જ રહ્યા હોય છે.

૨૦૧ કારખાનાંદારોના પ્રતિનિધિઓનું એક સલાહકાર મંડળ નિયમિતપણે અધ્યાપકોને મળે છે અને છોકરાઓ તથા છોકરીઓના અભ્યાસક્રમ ઘડી આપે છે. ઉપરાંત બંને વર્ગ માટે કામ શોધી આપવાનું કાર્ય પણ કરે છે. એટલેથી જ શાળાની મર્યાદા બંધાતી નથી. કામે ચડી ગએલાઓ પણ આ વર્ગોમાં મોટા પ્રમાણમાં આવે છે અને પોતાનાં જુદાંજુદાં ધંધા-ક્ષેત્રોમાં દાખલ થએલી નવી બાબતો શીખી જાય છે તેમજ આજની છેલ્લી રચનાઓ અને રીતોમાં પાવરધા બની જાય છે.

વિદ્યાર્થી શાળા છોડીને જાય છે. તે પછી પણ અનેક રીતે તેની પાછળ ખબર રાખવામાં આવે છે,– એટલા ખાતર કે આ કેળવણીની સફળતારૂપે યોગ્ય માણસ યોગ્ય જગ્યાએ (ચોરસ દટ્ટો ચોરસ ખાનામાં જ) ગયો છે કે નહિ તેની ખાત્રી થાય.

આ સંસ્થાનું સર્ટિફિકેટ જેને મળ્યું તેને અને કામને જરા યે છેટું પડતું નથી. તે સંસ્થાનો દરેક છોકરો કે છોકરી પહેલાંથી જ જાણી શકેલ હોય છે કે પોતે કેવો માર્ગ લીધો છે.



ભૂતકાળની શોધમાં નીકળેલા લેખક, ઉત્તર ગુજરાતનાં ઇતિહાસ અને પુરાતત્ત્વ વિષેની આ ઉપયોગી લેખમાળાના આ હપતામાં, ગુજરાતમાં માતૃકાપૂજન (માતાની પૂજા) કેવી રીતે દાખલ થઈ તેની રસમય હકીકત રજૂ કરે છે


પંચાસરના પુરાતન અવશેષોમાં મળી આવેલી એક માતાની મૂર્તિ, જે વઢિયાર પ્રાંતના પૂર્વ મધ્યકાળના પહેરવેશનો એક નમૂનો રજૂ કરે છે. (સ્કેચ લેખક)

હવે મેં બેચરાજીના રણપ્રદેશમાં પ્રવેશ કર્યો. દેલમાળથી વાગેલ આવતાં છેલ્લી સાંજે જે રણે મારી નજર સામે ઘડીભર મૃગજળથી અલૌક-લયલાની અજાયબ દુનિયા ઊભી કરી દીધી હતી તે જ આ પ્રદેશ હતો. એનાં ગંધર્વનગરોનાં રોમાંચક દશ્યો કોણ જાણે ક્યાં અલોપ થઇ ગયાં હતાં ને તેને બદલે સાત સાત ગાઉના સમચોરસ સપાટ વિસ્તાર ઉપર ચળકતા ખારની ધોળી ચાદર પથરાએલી નજરે પડતી હતી. એમાં ચકલું યે ફરકતું જણાતું નહોતું. એની નિર્જનતા તથા નિઃસ્તબ્ધતાને લઇ એ પ્રદેશ બિહામણો ભાસતો હતો. રણપ્રદેશની આ સાંકડી પટ્ટી, કચ્છના નાના રણથી શરૂ થઇ, કુંવારકા અને રૂપેણ નદીઓની ખીણને ખોળેખોળે બહુચરાજી માતાને ચરણે જઇને ઢળી જાય છે.

મોઢેરા સુધી વહાણો આવતાં

પ્રાકૃતિક ભૂગોળ અને ભૂસ્તરશાસ્ત્ર જણાવે છે કે ખારાં રણો એ પૂર્વકાળના સુકાઇ ગએલા સાગરોના અવશેષો છે. એટલે એમ માની શકાય કે કોઇ ભુલાઇ ગએલા ભુતકાળમાં જ્યારે કચ્છના રણ ઉપર સાગરનાં મોજાં ગર્જતાં હતાં ત્યારે તે સાગરની એક પટ્ટી તે સમયની મહાનદી પ્રાચી સરસ્વતી (કુંવારકા) અને રૂપા (રૂપેણ)ની ઉપત્યિકાની વચ્ચોવચ, આનર્ત રાષ્ટ્રના હાર્દને ચીરતી, મોહેરોકપુર નગરના પાંડાશમાં, રૂપા અને પુષ્પાવતીના સંગમક્ષેત્ર સુધી જઇ પહોંચતી હતી. (જુઓ, સાથેના નકશામાં ત્રાંસી લીટીથી બતાવેલો ભાગ.) હેમચંદ્રાચાર્યના દ્વયાશ્રય કાવ્ય ઉપરથી જણાય છે કે બારમા સૈકામાં અનહિલ્લપુર (પાટણ)ની સરસ્વતી નદી એટલી બધી વિશાળ હતી કે તેમાં વેપારીઓનાં નાનાં વહાણો અવરજવર કરતાં. આ સમયે કચ્છનો રણુસાગર જોકે સુકાઇ ગયો હતો, તોપણ ચોમાસામાં તેમાં એટલું પાણી ભરાઇ રહેતું કે એ ઋતુમાં તેમાં નાનાં વેપારી વહાણો છૂટથી ચાલી શકતાં અને સરસ્વતીના પ્રવાહમાર્ગે છેક અનહિલ્લવાડ સુધી આવજા કરતાં. આ વસ્તુસ્થિતિનો વિચાર કરતાં એમ જણાય છે કે ઇસ્વી સનના પ્રારંભના સૈકાઓ (ક્ષત્રપકાળ)દરમ્યાન કચ્છના રણસાગરનાં નાનાં વહાણો, હું જે રણપ્રદેશ ઉપર ચાલી રહ્યો હતો તેને આવરી લેતી સાગરપટ્ટી દ્વારા છેક મોઢેરા સુધી આવજા કરતાં હશે. મોઢેરા આપણે ધારીએ છીએ તે કરતાં વધારે પ્રાચીન છે એમ હું માનું છું.[1]

બકરાના બલિદાનનું પુરાતત્ત્વ

રણની રેતી ખૂંદતો હું ભાગ્યેજ દોઢેક માઇલ ચાલ્યો હોઇશ એવામાં રસ્તાને પડખે એક નાનીશી દહેરી દેખાઇ. ભૂખ્યો હોવાથી મને થાક ચડ્યો હતો, તેથી ઘડીક ત્યાં વિસામો ખાવાના વિચારે દહેરી પાસે જતાં મેં એક ભયંકર અને ઘૃણાસ્પદ દશ્ય જોયું. તેની બેઠક તાજા લોહીથી તરબોળ થએલી હતી. કોઇ શ્રદ્ધાળુ તુરતમાં જ માતાજીને બકરાનું બલિદાન આપીને ગયો છે એમ તરત સમજાઇ ગયું. આપણે ત્યાં બલિદાન ત્રણ જાતનાં પ્રાણીઓનાં અપાય છેઃ કૂકડો, બકરો કે પાડો. લોહીનું પ્રમાણ જોતાં બકરાનો બલિ અપાયો હોય એમ લાગ્યું. મારા જેવા પુરાતત્ત્વઘેલાને તો બકરાના લોહીમાં પણ પુરાતત્ત્વ દેખાવા લાગ્યું ને તે પણ આજકાલનું નહિ, પણ છેક પ્રાગૈતિહાસિક કાળનું!

---

૧ ઇંટોના માપના આધારે હું આ નિર્ણય ઉપર આવ્યો છું. ક્ષેત્ર પુરાતત્ત્વશાસ્ત્ર (field archaeology)માં ઇંટોનું કદ એ પ્રાચીનતા માપવાનું એક ખાસ ધોરણ મનાય છે. આ લેખમાળામાં આગળ પંચાસરના પુરાતત્ત્વસંશોધનની વિગત રજૂ કરતાં હું એની સમજણ આપવા પ્રયાસ કરીશ.



અતિ પ્રાચીન કાળમાં કચ્છ અને કાઠિયાવાડ બેટ હતા તથા ઉત્તર અરવલ્લીથી માંડીને આજના ગુજરાતના મોટા ભાગ પર સાગર ઘૂઘવતો હતો, અને જેમજેમ સૈકાઓ વીતતા ગયા તેમતેમ એ ઓછો થતો ગયો તે ક્રમસર. યુગવાર સમજાવતો નકશો. (૧) સૌ પહેલાં ગોળ ટપકાંવાળા ભાગ સુધી બધે સાગર હતો. (૨) ત્યારપછી તે હઠીને કાળી લીટીથી દર્શાવેલી હદ સુધીના ત્રાંસી ટુકડા લીટીવાળા ભાગ સુધી આવ્યો; (૩) ત્યારબાદ ખસીને ત્રાંસી સળંગ લીટીઓવાળા ઘેરા પ્રદેશ સુધી, અને (૪) તે પછી કાળા ભાગ સુધી, એમ ક્રમશઃ દરિયો ખસતો જઈ છેવટે આજની સ્થિતિએ આવ્યો, જેમાં કાઠિયાવાડ બેટ મટીને નળકાંઠા આગળથી ગુજરાતને જોડાઇ દ્વિપકલ્પ બની ગયો. (આલેખક:અમૃતલાલ વ. પંડ્યા)

પ્રસ્તુત લેખમાળામાં પુરાતત્ત્વનો પરિચય આપતા હપતામાં મેં પુરાતત્ત્વના ચાર વર્ગો બતાવ્યા છેઃ પ્રાગૈતિહાસિક પુરાતત્ત્વ, ઐતિહાસિક પુરાતત્ત્વ, માનવશાસ્ત્ર (Anthropology)ને ભાષાશાસ્ત્ર (linguistics). પહેલા બે વર્ગોનો ઉપલક પરિચય તો આ લેખમાળા દ્વારા કરાવવાનો થોડાક પ્રયાસ હું કરી ચૂક્યો છું. હવે, આ પ્રકરણના બલિદાનનું લોહી નિહાળી પુરાતત્ત્વના ત્રીજા વર્ગ માનવશાસ્ત્ર (Anthropology)ની વાત સૂઝે છે. પ્રજાઓની સંસ્કૃતિ, રીતરિવાજ, શરીરશાસ્ત્ર, રહેણીકરણી, કળા, સાહિત્ય, સમાજબંધારણ ઇત્યાદિનો અભ્યાસ કરી તે પ્રજાનો આગલો ઇતિહાસ રચવામાં સહાયભૂત થાય તેવા મુદ્દાઓ તેમાંથી શોધી કાઢવા તેનું નામ માનવશાસ્ત્ર.[૨]

---

૨ આ શાસ્ત્ર બે વર્ગમાં વહેંચાયેલું છે. માનવ સંસ્કૃતિશાસ્ત્ર— Cultural Anthropology અને માનવ જાતિશાસ્ત્ર— Physical Anthropology. એમાંથી પહેલા વર્ગ ઉપર ગુજરાતીમાં એક પણ પુસ્તક હજી લખાયું નથી; બીજા ઉપર ત્રણેક ગુજરાતી પુસ્તકો જોવામાં આવ્યાં છે.

આદિ માનવધર્મ[3]

પૃથ્વીના પૃષ્ઠ ઉપર આજે હિંદુ, બૌદ્ધ, ખ્રિસ્તી, ઇસ્લામ, યહૂદી ઇત્યાદિ અનેક નાનામોટા ધર્મો ખ્યાતી ભોગવે છે. આ બધા ધર્મો એકબીજાથી તદ્દન સ્વતંત્ર-રીતે વિકાસ પામીને ઉદ્દભવ્યા નથી. આદિ માનવ-ધર્મ (primitive religion)નો છોડ દેશકાળમાં વધીને જ્યારે વૃક્ષ થવા લાગ્યો ત્યારે તેમાંથી ક્રમેક્રમે ફૂટેલી એ બધી તેની અનેક ડાળીઓ છે. જગતના બધા વર્તમાન ધર્મોમાં મૂળ તત્ત્વો રૂપે આદિ માનવ-ધર્મના થર રહેલા છે. આ આદિ માનવધર્મમાં આટલી મુખ્ય માન્યતાઓ અને ક્રિયાઓનો સમાવેશ થાય છેઃ બધાં ચેતન અને અચેતન પદાર્થોમાં જીવ હોય છે એવી માન્યતા (Animism); માનવહિતની વિરુદ્ધ જણાતા પદાર્થોને દૈવી માનીને પૂજા, આરાધના, બલિદાન ઇત્યાદિથી તેમને મનાવવા પ્રયાસ કરવો; મૃત વડીલોને દેવ કરીને માનવા (Ancestor-worship) અને તેમનાં થાનક બનાવવાં; અમુક પ્રકારના લાકડાઓના કકડા અથવા પથરાઓમાં દૈવી શક્તિની કલ્પના કરી તેમની આરાધના કરવી (Fetishism); દેવની બાધા રાખવી (Taboo); અંગત ધ્યેયની સિદ્ધિ માટે મેલી વિદ્યાઓ (Magic and witchcraft)ના પ્રયોગો કરવા. આવી આવી માન્યતાઓ ને ક્રિયાઓ આદિ માનવ-ધર્મમાં પ્રાધાન્ય ભોગવતી હતી અને જ્યાંજ્યાં તેને ભૌગોલિક તત્ત્વોની અનુકૂળતા સાંપડી ત્યાંત્યાં દેશકાળ પ્રમાણે ક્રમેક્રમે ભિન્નભિન્ન રૂપોમાં વિકાસ પામી તે આજે અનેક ધર્મોની શાખાઓમાં વહેંચાઈ ગયો છે.

આદિ માનવ ગુફાઓ અને ઝાડીઓમાં તેના કુટુંબ સાથે રહેતો. તેનો ખોરાક માંસ તથા ફળમૂળાદિ હોવાથી પુરુષ એ મેળવવા માટે આખો દહાડો વનપ્રદેશમાં રઝળ્યા કરતો અને સ્ત્રી ઘર તથા બાળકોને સાચવતી. આ વ્યવસ્થાથી તે સમયની કુટુંબસંસ્થા સ્ત્રીશક્તિ-પ્રધાન (Matriarchal) થઈ પડી હતી. વળી આદિ માનવને જ્યારે સમજાયું કે માતૃશક્તિ એ જ જગતની જન્મદાત્રી છે ત્યારે સ્ત્રી પ્રત્યે તેનામાં પૂજ્યભાવ ઉત્પન્ન થયો અને તેના ધર્મમાં માતૃપૂજાએ સ્થાન લીધું. આવી સ્થિતિમાં કુટુંબ ઉપર જે કોઇ પ્રતિભાવાન સ્ત્રી સત્તા ભોગવતી તો તે મરણ પછી માતા બની જઇ તેની પ્રતિમા કુટુંબમાં પુજાવા લાગતી. આમ માતૃકાપૂજન (Mother-goddess worship)નો પાયો નંખાયો. આપણામાં દરેક કુળની એક જુદીજુદી માતા હોય છે જે કુળદેવી કહેવાય છે. પ્રાગૈતિહાસિક કાળમાં જે સમયે કુટુંબસંસ્થા માતૃસત્તાપ્રધાન (Matriarchal) હતી તે સમયમાં પડેલી આ પ્રથા છે, જે લાખો વર્ષના ઇતિહાસને વટાવતી આજ પર્યંત આપણી સાથે ચાલી આવી છે.

અહીં એક વસ્તુ ખાસ ધ્યાનમાં રાખવાની છે કે જે માનવસમુદાયોએ ઘણા લાંબા કાળ સુધી જંગલજીવન ગાળ્યું છે તેમની જ કુટુંબસંસ્થાઓ અને સમાજ-સંસ્થાઓમાં સ્ત્રીની સર્વોપરી સત્તા સ્થાયી બની શકી. દક્ષિણ હિંદમાં હાલ એ જ સ્થિતિ પ્રવર્તે છે, તેનું કારણ એ છે કે છેક મૌર્યકાળ સુધી ત્યાંની દ્રવિડ પ્રજાઓ જંગલજીવન ગાળતી હતી. આર્ય ઋષિ અગસ્ત્યે વિંધ્ય પાર જઇને દક્ષિણના દ્રવિડ દેશના અનેક વિસ્તારો-માં માનવસમાજના કેટલા યે સમુદાયો તેમજ અરણ્ય-વાસીઓમાં આર્ય સંસ્કૃતિઓનો પ્રભાવ સ્થાપ્યો.


આર્યો પોતાના મૂળ વતનની ભૌગોલિક અનુ-કૂળતાઓને લઇને અસ્થિર નિવાસ તથા અનિશ્ચિત ખોરાકવાળા પોતાના જંગલજીવનમાંથી છૂટી ઢોર પાળી કે ખેતીવાડી કરી ત્યાં સ્થાયી જીવન ગાળતા થયા. એ આર્ય સમુદાયોમાં ઘરમાં પુરુષની હમેશાં હાજરી રહેતી હોવાથી ત્યાંની કુટુંબસંસ્થાઓમાંથી સ્ત્રીની સર્વોપરી સત્તા શિથલી પડી અને તેનું સ્થાન પુરુષસત્તાએ (Patriarchal) લીધું. આમ, જે માનવસમુદાયો પુરુષસત્તાપ્રધાન બન્યા તેમાંના મધ્ય એશિયા, ઇરાન અને ઉત્તર હિંદમાં વસતા આર્યો પણ એક હતા.

હિંદી આર્યો (Indo Aryans)ની ભાષાઓ તથા તેમના પ્રાચીન સાહિત્યના અભ્યાસ દ્વારા જાણી શકાયું છે કે હિંદની પ્રાચીન આર્ય પ્રજાના બે થર હતા.[4] પહેલા થરવાળા આર્યો કોઈ અજ્ઞાત કાળથી ઉત્તર હિંદમાં વસેલા હતા. એમની વિગત પુરાણોમાં મળે છે. તેઓ

---

૩ ધર્મ એટલે સંસ્કૃતિનું તે અંગ જે માનવેતર તથા પાર-લૌકિક માન્યતાઓ અને ક્રિયાઓ સાથે સંબંધ ધરાવે છે.

૪ આ વિષયના વધુ અભ્યાસ માટે જુઓ: પાર્જિટરનું Ancient Indian Historical Tradition, કેતકરરચિત મહારાષ્ટ્રીય જ્ઞાનકોશનો વૈદિક ભાગ, અને સર ગ્રીઅર્સનનું Linguistic Survey of Indiaના જુદાજુદા ભાગો.



આપણા દેશમાં પુરાતન કાળથી ચાલી આવતી માતૃપૂજનની પ્રતીતિ આપતી પ્રાચીન મૂર્તિઓ: (૧) ઈ.સ.પૂર્વે ૩૦૦૦ વર્ષ પરની મોહેં જો ડેરોમાંથી મળી આવેલી માતાની પ્રતિમા; (૨) ઇ સ.પૂર્વે ૧૦૦૦ના કાળની બિહારમાં આવેલા લૌરી આનંદગઢમાંથી મળી આવેલી માતાની માટીની મૂર્તિ; (૩) ઇ.સ.પૂર્વે ૨૦૦ના શુંગ કાળની મૂર્તિ.

પ્રાકૃત ભાષા બોલતા હતા. તેમના ધર્મમાં માતા, શિવ તથા વૃક્ષપૂજાને સ્થાન હતું. ઋગ્વેદમાં વર્ણવેલા દાશરાજ્ઞ યુદ્ધમાં સામા પક્ષના યદુ (ગુજરાતમાં મહાભારત કાળ પૂર્વે રાજ્ય કરતા યાદવો), તુર્વશુ, અનુ, દ્રુહ્યુ અને પુરુ તે આ હિંદના મૂળ આર્યો જ હતા. મોહેં જો ડેરો, હરપ્પા, રંગપુર ઇત્યાદિમાં મળી આવેલા ઈ.સ. પૂર્વે ૩૦૦૦ના અવશેષો તે એ જ આર્યોની સંસ્કૃતિના હોય એ વધુ શક્ય છે. દ્રવિડોના તો તે નથી જ. આ સમયે પૂજાતી એક માતાની માટીની પ્રતિમા જે મોહેં જો ડેરોમાં મળી છે તેનું ચિત્ર અહીં આપેલું છે.

આ પછી ઈ.સ. પૂર્વે ૨૦૦૦ની લગભગ ઉત્તર હિંદ ઉપર વૈદિક ભાષા બોલનારા ને ઋગ્વેદનો ધર્મ પાળનારા નવા આર્યોનાં ટોળાં ધસી આવ્યાં. લાંબા વખત સુધી બંને પક્ષો વચ્ચે અથડામણો થયા કરી અને અંતે મહાભારતકાળ (ઈ. સ. પૂર્વે ૧૫૦૦)થી થોડુંક પહેલાં બંને એકબીજામાં ભળી ગયા. આ સમયે પણ માતૃકાપૂજનનો પ્રચાર હતો એમ બીહારમાં લૌરીઆનંદનગઢમાં ઈ. સ. પૂર્વે ૧૦૦૦ની લગભગના મળી આવેલા વૈદિકસંસ્કૃતિના અવશેષો ઉપરથી જણાય છે. ત્યાંથી મળી આવેલી માતાની માટીની પ્રતિમાનું ચિત્ર અહીં આપેલું છે.

મૌર્ય અને શુંગ કાળમાં હિંદમાં બૌદ્ધ અને જૈન ધર્મ પ્રચલિત થયા હતા, પણ લોકસમાજ તો પોતાના પ્રાચીન ધર્મને જ વળગી રહેલો હતો. આ સમયે માતૃકાપૂજનનું અસ્તિત્વ સિદ્ધ કરતી શુંગકાળ (ઇ. સ. પૂર્વે ૨૦૦)ની માતાની એક પ્રતિમાનું ચિત્ર અહીં આપ્યું છે. આ પછીના કાળમાં માતૃકાપૂજાને મહાયાન બૌદ્ધ ધર્મમાં પણ તારા, મંજુશ્રી ઇત્યાદિ દેવીઓના રૂપે પ્રવેશ કર્યો હતો. આમ હિંદમાં માતૃકાપૂજનની સંસ્થા ઘણા પુરાતન કાળથી ચાલી આવે છે.[૫]

ગુજરાતમાં માતૃકાપૂજન

ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરતાં, ગુજરાતની તળપદી મુખ્ય માતાઓમાં મિયાણી (પોરબંદર પાસે)ની હરસદ માતા સૌથી પ્રાચીન હોય એમ લાગે છે. એની મૂળ કથા તો શ્રીકૃષ્ણ સાથે સંકળાએલી છે; પણ તેને બે હજાર વર્ષ ઉપર અવંતિના રાજા વિક્રમાદિત્યે પોતાની ઇષ્ટદેવી બનાવી હતી અને તેનું બીજું મંદિર ઉજ્જૈનમાં બંધાવ્યું હતું જ્યાં ત્યાં હજી યે પુજાય છે.

---

૫ ગુજરાતીમાં આ વિષય ઉપર એક સારૂં પુસ્તક લખાયું છે: 'શાક્ત સંપ્રદાય'–કર્તા દિ. બ. નર્મદાશંકર દેવશંકર મહેતા.

આ પછી અંબા ભવાની આવે છે. દંતકથા પ્રમાણે શ્રીકૃષ્ણના બાળમોવાળા ત્યાં ઊતર્યા હતા. પણ આ વાતમાં માલ નથી. બીજી આખ્યાયિકા એવી છે કે ઈ. સ. ૭૬૪માં જ્યારે વલ્લભીપુર પડ્યું ત્યારે તેના છેલ્લા રાજા શિલાદિત્યની રાણી પુષ્પાવતીએ આરાસુર પર્વતમાં અંબા ભવાનીના મંદિરમાં આશ્રય લીધો હતો. ઈ. સ. ૧૦૨૪માં મહમુદ ગીઝનીના આક્રમણ વખતે નગર ઠઠ્ઠાથી આવેલા ક્ષત્રિય રાજા દામાજીનો પુત્ર જસરાજ અંબા ભવાનીમાં રાજ્ય કરતો હતો. ત્રીજી માતા પાવાગઢની કાલિકા (મહાકાળી) છે અને પતઈ રાવળની કથા ઉપરથી જાણવા મળે છે કે ૧૫મા સૈકામાં તેમની સારી ખ્યાતિ હતી. બહુચરાજી આધુનિક છે. ગુજરાતની મુખ્ય માતાઓમાં આ ચાર જ તળપદી માતાઓ છે. બહારથી આવેલીમાં કચ્છ અને કાઠિયાવાડના જાડેજાઓની ઇષ્ટદેવી આશાપુરાનું સ્થાન મુખ્ય છે.

પંચાસરના પ્રાચીન અવશેષોમાં સાતમા સૈકાની જણાતી એક પ્રાચીન માતાની પ્રતિમા જે મને મળી આવી છે, તેનું ચિત્ર આ લેખને મથાળે આપેલું છે. એના મૂળ નામનો પત્તો નથી, પણ પંચાસરના નારોડાઓએ તેને શીળગતમાતાનું ભળતું નામ આપીએક પ્રાચીન ટેકરા ઉપર સ્થાપી દીધી છે.

ગુજરાતની માતાઓ

ગુજરાતમાં પૂજાતી મુખ્ય મુખ્ય માતાઓ આ છેઃ (૧) અંબાજી કે અંબા ભવાની—આરાસુરવાળી, (૨) હજારી માતા–ઝાલાઓની–જે હળવદમાં પૂજાય છે, (૩) આશાપુરા—જાડેજા રજપૂતો અને લાડ વાણિયાઓની, (૪) આસાર માતા–સોનીઓની, (૫) ભૂત માતા અરણેજવાળી, (૬) બાલડી માતા—જેનું સ્થળ બાલડીઆમાં છે, (૭) ચામુંડા–ચાવડાઓ અને વાઘેલાઓની, (૮) દેવલી માતા, (૯) કાલિકા માતા–પાવાગઢવાળી, (૧૦) બહુચરાજી (બેચરાજી), (૧૧) ખોડીઆર માતા–ગોહિલોની, (૧૨) મેરી માતા (૧૩) રાંદલ, (૧૪) રેવલી માતા- ઈડર પાસે વડાળીમાં. (૧૫) શીતળા માતા–કાલાવડની, (૧૬) વાઘેશ્વરી માતા–શ્રીમાળી વાણિયા અને સોનીઓની, (૧૭) સામુદ્રી માતા–કપોળોની જે સુંદરી (ધ્રાંગધ્રા)માં પુજાય છે, (૧૮) મંદાવરી–પરમારોની, (૧૯) વિંધ્યવાસિની–જેઠવાઓની અને (૨૦) હરસિદ્ધ કે હરસદ માતા–મિયાણીવાળી.

બીજી પણ કેટલીક મુખ્ય માતાઓ હશે જેની મને હાલ ખબર નથી; અને નાની માતાઓનો તો આપણે ત્યાં પાર નથી. બધી સતીઓ એટલે માતાઓ જ માની લેવી. ચારણીઆણીઓ પણ મરીને માતા જ થાય છે. દાખલા તરીકે બહુચરાજી.

માતાને બલિદાન

હવે આપણે બલિદાનની મૂળ વાત પર આવીએ. બલિદાનનો હેતુ ધાર્યાં કામની સિદ્ધિ માટે દેવને પ્રસન્ન કરવાનો હોય છે. આદિ માનવનો મુખ્ય ખોરાક માંસ હતો ને લોહી પીવું એ ઉજાણી લેખાતી, એટલે દેવને ઉજાણીથી પ્રસન્ન કરવા માટે જીવતા પ્રાણીનું તેના થાનક પર બલિદાન આપવાની પ્રથા પડી. વળી પ્રાચીન કાળમાં તો નરમાંસભક્ષણ પણ ઉજાણી ગણાતું અને તેને માટે શત્રુઓ પસંદ કરાતા. એમાંથી જ નરમેધની પ્રથા જન્મી. આ બલિદાનપ્રથા આદિ માનવધર્મમાં ઘણી પ્રચલિત હતી. વૈદિક આર્યોએ તેમાં સુધારો કરીને પાર્થિવલૌકિક દેવોની પ્રતિમાઓને બદલે નિસર્ગદેવોના ઉપાસક અવશ્ય બન્યા હતા, છતાં બલિદાનની લોકપ્રિય પરંપરાને તેઓ પણ તિલાંજલિ આપી શક્યા નહોતા. વૈદિક ધર્મના નરમેધ, ગોમેધ ને અશ્વમેધ યજ્ઞો એનું પ્રમાણ છે. નરમેધની પ્રથા વહેલી નાશ પામી અને તેનું સ્થાન શ્રીફળ વધેરવાને મળ્યું હોય એમ લાગે છે, કારણ તેનો આકાર માણસના માથા જેવો જ હોય છે.

દેવીઓને પાડા, બકરા કે મરઘાં જ કેમ બલિ અપાય છે, એ પ્રશ્ન પણ ધ્યાન ખેંચે તેવો છે. આપણા સમાજમાં એ પરંપરા ખેતીવાડીપૂર્વના ભરવાડજીવનના તબક્કાના સમયની છે. તે સમયે ગાય, ભેંશ, બકરીઓ ઇત્યાદિના દૂધનો ખોરાક એ મુખ્ય હતો. આ પ્રાણીઓમાં માદા તો ઉપયોગની હોય છે, પણ નર તે જમાનામાં વિશેષ ઉપયોગી ન હતા. ખેતીની શોધ થતાં તેનો ઉપયોગ પાછળથી વધ્યો હતો. એટલે તે સમયે બલિદાન માટે નરપ્રાણીને જ પસંદ કરવામાં આવતો. ઉપયોગિતાવાદમાંથી જન્મેલી એ પરંપરા પછી તો અંધશ્રદ્ધા બની બેઠી ને યુગો પસાર થઈ ગયા છતાં એ તેના મૂળ સ્વરૂપમાં હજી પણ અજ્ઞ સમાજમાં ટકી રહી છે.

આવાઆવા વિષયોનું હાલની પ્રજાઓની સંસ્કૃતિને લગતું સંશોધન એ માનવશાસ્ત્રનું ધ્યેય છે. પોતાના ઇતિહાસ તરફ તો ગુજરાતે ગમે તેવું યે થોડુઘણું લક્ષ

આપ્યું છે, પરંતુ માનવશાસ્ત્રને લગતું કાર્ય જરાપણ થયું નથી હિંદના અન્ય પ્રાંતોમાં હાલની જ્ઞાતિઓ, ને કોમો રીતરિવાજ, રહેણીકરણી, પહેરવેશ, ધાર્મિક માન્યતાઓ તથા ક્રિયાઓ, સમાજબંધારણ, કળા, બોલી લોકસાહિત્ય આદિ ઉપર સંતોષકારક સાહિત્ય લખાઇ ગયું છે; પરંતુ હિંદભરમાં જે પ્રાંતમાં સૌથી વધુ સંખ્યામાં તરેહવાર પ્રજાઓએ વસવાટ માંડ્યો છે તે ગુજરાતમાં આ વિષય હજી સ્પર્શાયો યે નથી.

(ચાલુ) **અમૃતલાલ વ. પંડ્યા**

કોલસો (અનુસંધાન પાછળના પૃ૦ ૨૪૫થી)

પ્રચ્છા પણ નથી. કેટલા યે નવા માણસો (visitors) ચાનક ઉપર જ પોતાની હિંમત ખોઇ બેસે છે અને ચાનક નીચે પહોંચે તે પહેલાં જ તેમના હૃદયના ધબકારા વધી જાય છે. તેમને ગૅલેરીમાં ફરવા લઇ જવાનું તો કઈ રીતે સંભવિત હોય! પણ પાછા ઉપર લઈ જવા પણ ભારે પડી જાય છે, કારણ કે તેઓ પોતાનાં મન અને શરીર ઉપરનો કાબૂ ખોઇ બેસે છે!

(ચાલુ) **દેવજી માવજી ટોપરાણી**

જીવી જાણનારા]૧૩[જે માનવજીવનનું સાચું મૂલ્ય શીખવી ગયા

અનામી છતાં નામાંકિત ખેડુત

દક્ષિણ આફ્રિકામાં એક વૃદ્ધ ખેડુત સમુદ્રકાંઠે રહેતો હતો, એટલે ખેતરમાં ઊભો ઊભો આવતાં જાતાં વહાણને એ જોઈ શકતો.

એક દિવસે પ્રચંડ આંધી આવી. ખેડુત ઘરમાં હતો ત્યાં એના માણસે દોડતા આવીને કહ્યું કે એક વહાણ ખડક ઉપર તણાઈ ગયું છે ને ભાંગું ભાંગું થઈ રહ્યું છે.

ખેડુત ઘોડે ચડીને સાગરતીરે ગયો તો કેટલાક લોકો ત્યાં ઊભા હતા ને ભાંગતા વહાણને જોતા હતા.

મોજાં એટલાં ઊંચાં આવતાં હતાં કે ઘણા ખારવા વહાણ ઉપરથી દરિયામાં જઈ પડ્યા હતા, તેમાંથી કેટલાક તરત જ બૂડી ગયા, પણ બીજા ભાંગેલા વહાણનાં પાટિયાંને વળગીને તરતા રહ્યા હતા. ભાંગતા વહાણના તૂતક ઉપર પણ થોડાક ખારવા હજી દેખાતા હતા.

સમુદ્ર એવી ગંભીર ગર્જના કરતો હતો કે ખારવાઓનો આર્તનાદ સંભળાતો નહોતો, પણ તટસ્થ લોકોએ જોયું કે એનો જીવ ભારે જોખમમાં છે.

પણ કરવું કેમ? જીવનહોડી(લાઇફબોટ) એકે મળે નહિ, અને વકરેલા સમુદ્રમાં જીવનહોડી વિના બીજું કાંઇ ઝીક ઝાલે એમ નહોતું.

બુઢ્ઢા ખેડુતનું હૃદય આ દેખાવથી દ્રવ્યું. પોતાનો ઘોડો જાતિવંત તથા સરસ તારો હતો એટલે એણે ડૂબતા માણસોને બચાવવાનો નિશ્ચય કર્યો.

જીન ઉપર બરાબર બેસીને એણે ઘોડાને પાણીમાં નાખ્યો. થોડી વાર તો ખેડુત તથા ઘોડો દેખાણા નહિ, એટલે કાંઠે ઊભેલાને ડર લાગ્યો કે એ તો બૂડી ગયા.

પણ એ તો તરંગ હારે ઝૂઝતા પાછા નજરે પડ્યા, અને એક એક આંગળ આગળ વધીને અંતે ભાંગેલા વહાણ આગળ જઈ ચડ્યા.

પછી શૂરા ખેડુતે પોતાને એક પગે એક માણસને, અને બીજે પગે બીજા માણસને વળગાડીને બે માણસને હેમખેમ જમીન ઉપર આણ્યા, એટલે કાંઠે ઊભેલા ટોળાએ હર્ષનાદ કરીને એનો સત્કાર કર્યો.

આ પ્રમાણે વૃદ્ધ ખેડુત તથા તેના ઘોડાએ સાત આંટા માર્યા, ને આંટે આંટે બબ્બે માણસને બચાવ્યા.

હવે તો પાટિયે વળગેલા બે માણસ જ બાકી રહ્યા. વળી ખેડુત તથા તેના ઘોડાએ સમુદ્રમાં ઝંપાપાત કર્યો, ને વહાણ આગળ જઈ ચડ્યા. પણ ખેડુત હવે થાકયો હતો, એટલે પાછા વળતાં એક પ્રચંડ તરંગ એને ઘોડા ઉપરથી પાડીને તાણી ગયો.

ઘોડો તો તરીને સહીસલામત કાંઠાભેળો થઈ ગયો, પણ એના વીર સવારે જળસમાધિ લઈ લીધી.

(ચૅમ્બર્સની પાઠાવલિ ઉપરથી) **દે. વા.**

આ યુગને તો યુવાનમાં સંપૂર્ણ શ્રદ્ધા છે; પણ યુવાનને આ યુગમાં મુદ્દલ શ્રદ્ધા નથી, અને એટલે જ પ્રગતિ રૂંધાતી જણાય છે.

ચીની કુમારોની રાષ્ટ્રસેવા

ચીન-જાપાન યુદ્ધની આજની અરાજક અને અસ્તવ્યસ્ત પરિસ્થિતિમાં ચીન માટે જો કોઇ સૌથી વધુ આશાસ્પદ ચિહ્ન હોય તો તે તેની આજની કુમારપ્રવૃત્તિ છે. શાળામાં ભણતો ચીની કુમાર પોતાના દેશની સ્થિતિ અને શક્તિ સમજે છે, પરંતુ તે યુદ્ધમાં સક્રિય ભાગ નથી લેતો કારણકે તે માને છે કે દેશના બીજા કેટલા યે એવા કૂટ પ્રશ્નો છે જેમાં એ પોતાની શક્તિ પ્રમાણે ફાળો આપી શકે એમ છે. લડાઇ સિવાયની પણ બીજી ઘણી રીતે તે પોતાના દેશના રક્ષણમાં સહાય કરી શકે એમ છે તેની તેને ખાત્રી છે. તેનામાં એક નવી જ દેશદાઝ ઊભી થઇ છે. એ દેશદાઝ છે કાર્ય કરવાની—દેશ માટે ગમે તેવી હાડમારી સહન કરીને પણ પોતાની સેવા અર્પવાની. એ સેવા અર્પવામાં કોઇ પણ વસ્તુ આડી આવે તો તેને દૂર કરવાની તેનામાં તાકાત છે.

એક ચીના કુમારને તેનાં માબાપ લગ્ન કરવા દબાણ કરતાં હતાં. એ કુમારે પોતાના મિત્રોને આ વાત કરી. બધાએ ભેગા મળી નક્કી કર્યું કે તેને પરણનારી છોકરી જો તેના સેવાના કાર્યમાં અને તેની મહત્ત્વાકાંક્ષા અને આદર્શોની આડે આવે એવી ન હોય તો જ તેની સાથે પેલા કુમારે લગ્ન કરવું. આ નિર્ણય પ્રમાણે એક મિત્ર પેલી છોકરીને જોવા તેને ગામ ગયો. થોડા દિવસ પછી તેણે આવી નકારમાં જવાબ આપ્યો. પેલા કુમારે પોતાનાં માબાપને લગ્ન કરવાની સાફ ના પાડી દીધી. હજી થોડાં જ વર્ષો પહેલાં આવી સ્વતંત્રતા લગભગ અશક્ય જ હતી. પેલા ચીના છોકરાનાં માબાપ એ વખતમાં કદાચ એને ભયંકર બળવાખોર માની ખૂબ માર્યા હોત ને મારી પણ નાખ્યો હોત. પરંતુ આજે તો ચીનનું કૌમાર જાગ્યું છે. તે એમ માને છે કે માતાપિતા કરતાં માતૃભૂમિનો પોકાર વધુ બળવાન છે.

હજી આજથી ચાર વર્ષ પર પણ ચીનની દેશદાઝ આટલી તીવ્ર નહોતી. તે વખતે દેશદ્રોહ કરવો એ સામાન્ય નીતિ હતી. આજે પરિસ્થિતિ પલટાઇ ગઇ છે અને તે મોટા ભાગે ચીનના યુવકોએ જ પલટી છે. જ્યારે જાપાની લશ્કરોએ નાન્કીંગ ઉપર આક્રમણ કર્યું ત્યારે શહેરને ઘેરીને બે લાખ માણસોનું ચીની લશ્કર પડ્યું હતું. તેમાંના એક લાખ અને સાઠ હજાર તો ભાડૂતી સિપાહીઓ હતા અને ચાળીસ હજાર ખરી દેશદાઝથી ભરેલા ચીની યુવકો હતા. દુશ્મન તરફથી એ શહેરનો કબજો સોંપી દેવાનો હુકમ થયો. એક લાખ અને સાઠ હજારનું ભાડૂતી લશ્કર ઉત્તરમાં નાસી ગયું, પરંતુ ચાળીસ હજાર યુવાનો અચળ થઇને ઊભા અને સામો પડકાર કર્યો કે 'કાં તો શહેરનું રક્ષણ કરીશું અથવા મરી ખૂટીશું.'

શાળાનું કામ પૂરું થાય છે ને ચીનના કુમારો સામે અસંખ્ય પ્રશ્નો તરે છે ને ઢગલાબંધ કામ દેખાય છે. તેની આડે સુખસગવડ ભોગવવાનું તેમને સૂઝતું પણ નથી. ચીનનો કુમાર આપણા યુવકોની જેમ મોટા કામને અભાવે નાનાં કામને તરછોડતો નથી. તે પણ પોતાની શક્તિ બરાબર સમજે છે અને એ પ્રમાણે નાનામાં નાનું કામ પણ કરવા લાગી જાય છે. તે એટલું જ સમજે છે કે ખાલી ચર્ચા કરવા કરતાં કંઈ ને કંઇ દેશોદ્ધારનું કામ શરૂ કરવું જ જોઇએ. આજે એ લોકો કેટલાં યે વર્ષોથી પોતાના સમાજની એક સુંદર સેવા કરી રહ્યા છે. દસ વર્ષ પહેલાં ચીનમાં ભણેલાઓની સંખ્યા ફક્ત દસ ટકા જ ગણાતી. વિદ્યાર્થીઓને અહીં પોતાનો કાર્યપ્રદેશ જણાયો ને હજારોની સંખ્યામાં અભણ લોકને ભણાવવા વિદ્યાર્થીઓ નીકળી પડ્યા. આજે ચીનમાં દરેક ભણતો માણસ ઓછામાં ઓછા બીજા એક માણસને ભણાવવાનું લેખિત વચન આપે છે. આ ઉપરથી યુવાનોની એ સેવાનો ખ્યાલ આવી શકશે.

વિદ્યાર્થીઓ ગામડાંમાં જઈ પોતે શાળા–કૉલેજોમાં જે કાંઇ જ્ઞાન એકઠું કર્યું હોય તે ભેડૂતો અને અભણ ગામડિયાઓને આપી દે છે. પ્રાણીશાસ્ત્ર, પદાર્થ-

વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર વગેરે વિષયોનું સામાન્ય જ્ઞાન પ્રયોગો દ્વારા તેમની પાસેથી ગ્રામજનો મેળવે છે. તેઓ બહુ વિદ્વત્તાભર્યાં ભાષણો નથી કરતા, પરંતુ લોકસમૂહ સમજી શકે એવી સાદી ભાષામાં તેની વાતો કરે છે.

એ ઉપરાંત વિદ્યાર્થીઓ ગામડાંમાં જઈ આરોગ્યના નિયમોનો પણ પ્રચાર કરે છે. આપણી જેમ ત્યાંના ગામડિયાઓ પણ વિદેશી દવાઓ ને શસ્ત્રક્રિયાને શંકા અને ભયથી જુએ છે, એટલે વિદ્યાર્થીઓ દરદીઓને સમજાવી શહેરનાં દવાખાનાંઓમાં લઈ આવે છે, અને તેમને બધે ફેરવી બધું સમજાવી તેમનો અવિશ્વાસ દૂર કરે છે, એ ઉપરાંત આરોગ્યના સામાન્ય નિયમો લોકોનાં મન ઉપર ઠસાવવા કંઈ ને કંઈ તરકીબો તેઓ રચે છે. મોટાંમોટાં સરઘસો કાઢે છે અને પ્રદર્શનો ભરે છે. એક વખત તો તેમણે વાંસ અને કાગળની એક મોટી માખી બનાવી ફેરવેલી. તેની સાથે એક પાટિયા ઉપર લખેલું: 'માખીથી ચેતતા રહો; એ તાવ લાવે છે.' બીજા એક છોકરાએ મોટા ઉંદર ઊંચકેલો અને તેની સાથે પણ લખેલું: 'ઉંદરથી ચેતતા રહો; તે પ્લેગ ફેલાવે છે.' વળી એક મોટો મચ્છર પણ બનાવેલો અને તેની સાથેના પાટિયા ઉપર લખેલું: 'મચ્છરને દૂર કરો; તે મેલેરિયાનો દોસ્ત છે.'

રાષ્ટ્રભાવના જગાવવા માટે પણ એમના પ્રયાસો નાના નથી હોતા. શાળાનો દરેક વિદ્યાર્થી જ્યારે પણ સમય મળે ત્યારે દસવીસ લોકોને રસ્તા વચ્ચે પણ રાજકીય આંદોલનો અને પ્રશ્નો સમજાવવા ઊભો રહી જાય છે. એક દિવસ તો એ મોટા છોકરાઓએ શાળાના વડા અધિકારી પાસે આવી તેને કહી દીધું: 'સાહેબ આજે અમારામાંથી કોઈ શાળામાં નહિ આવે. આજે અમે ભાષણ કરવા જવાના છીએ.' અને એ દિવસે કોઈ શાળામાં ન ગયું! વિદ્યાર્થીઓ નાની-નાની ટોળીઓ બનાવી જુદાજુદા લત્તાઓમાં પહોંચી ગયા અને લોકોને ચાલુ રાજકીય બનાવો વિષે માહિતી આપવા મંડી પડ્યા. એક પંદર વર્ષનો છોકરો તો બસો માણસો આગળ ભાષણ આપતો હતો. પરરાષ્ટ્રોએ ચીન ઉપર શું શું વિતાડી છે અને એક ચીનો મજૂર પણ કઈ રીતે પોતાના દેશની સેવા કરી શકે એ હકીકત તે એટલા જુસ્સાથી અને એટલી સરસ રીતે સમજાવતો હતો કે એ સભામાં આવેલો એનો હેડમાસ્તર પણ છક થઈ ગયો! સાંજે જ્યારે બધા વિદ્યાર્થીઓ શાળામાં પાછા આવી ગયા ત્યારે એક વિદ્યાર્થી ખૂટતો હતો. બીજે દિવસે તેની તપાસ કરતાં એ સાઠ માઈલ દૂર નદીકિનારે મળી આવ્યો. આખા રસ્તે માગીને ખાતો અને મંદિરને ઓટલે સૂઈ રહેતો એ લોકોને સમજાવતો ૬૦ માઈલ ચાલીને ગયો હતો.

એવી જ રીતે યુદ્ધ વખતે પણ ત્યાંના વિદ્યાર્થીઓ સ્વયંસેવકનું કામ ખૂબ ખંતથી કરે છે. દુશ્મનોએ જીતેલા પ્રદેશોમાંથી નાસી આવેલા ગભરુ લોકોના થાકેલા પગને આરામ આપવા એક છોકરી ચાર વાંસ નીચે પાણી ગરમ કરે છે. તેની પાસે રૂ, સ્પિરિટ, આયોડિન એવી સારવારની થોડી સામગ્રી છે. બીજી બાજુ એક છોકરો લોકોને સલામત રસ્તાની માહિતી આપતો ઊભો છે. કેટલાક છોકરાઓ ખોવાઈ ગએલા માણસોની નોંધ કરે છે; કેટલાકને તેમનાં કુટુંબોની ભાળ આપે છે, આ બધું સરકારની નિમણૂક વગર સ્વયંપ્રેરણા અને સેવાવૃત્તિથી તેઓ કરે છે.

આજે ચીનની સ્થિતિ ખૂબ ભયંકર છે. આવતી કાલે એ દેશનું શું થશે એ કહી શકાય એમ નથી. છતાં આ અંધકારમાં પણ આશાનું કિરણ છે. કારણ કે તેનાં હજારો કુમાર-કુમારીઓ દેશના રક્ષણમાં સહાય આપવાની એક તક મેળવવા ખાતર પણ પોતાનો સમય, શિક્ષણ, સગવડ ને જિંદગી સુદ્ધાં તજવા તૈયાર છે.

('ટ્રેઝર ચેસ્ટ'માંથી) **જનાર્દન રાવળ**

કહેવત · કથન · કવિતા

'વસુ વિના નર પશુ'

લક્ષ્મી વિનાનો લપોડ.
જર કરે દરિયામાં ઘર.
સો લીલાંનાં હરણ.
કંગાલનાં કાળજાં પોલાં.
જર હોતા તો મર્દ રોતા.

નિર્ધનીઆનો જાયો
તે બાવળીઆનો છાંયો.

सर्वे गुणाः कांचनमाश्रयन्ते

માયાકુ માયા મીલે, કરકે લંબે હાથ;
તુલસીદાસ ગરીબકી કોઇ ન પૂછે બાત.

સબ સહાય સબલકે, કોઇ ન નિર્બલસહાય;
પવન જગાવત આગકુ, દીપક દેત બુઝાય.

પંચતંત્રની વાર્તાઓ



મન્થરક કહે, 'ભદ્ર, ઠીક ત્યારે. આ તારું ઘર જ છે.' એટલે સર્વે મિત્રો સ્વેચ્છાએ આહાર કરે છે. અને મધ્યાહ્નવેળાએ વૃક્ષના છાયામાં બેસીને શાસ્ત્રવિવરણ અને સુભાષિતગોષ્ઠી કરે છે.

એક વાર ઉચિત વેળાએ ચિત્રાંગ ચરીને પાછો ન આવ્યો એટલે મિત્રો આકુળવ્યાકુળ થઈ ગયા ને ચિત્રાંગનું ક્યાંક અકુશળ તો નહિ થયું હોય. એને સિંહ ખાઈ ગયો, કે શિકારી લઈ ગયો કે દાવાનળમાં દાઝી ગયો. થયું શું એમ વિચારમાં પડી ગયા. એટલે લઘુપતનક એની ભાળ કાઢવા નિકળ્યો, ને જંગલ શોધે છે તો તળાવકાંઠે ખાસ બાંધેલા ચામડાના દઢ ફાંસામાં એ ફસાઈ ગયો છે. લઘુપતનકે ચિત્રાંગને પૂછ્યું, 'આ કેમ બન્યું?' ચિત્રાંગ કહે, 'ભદ્ર, આ આક્ષેપનો કાળ નથી, એટલે તું વિના વિલંબે જા, અને પાશચ્છેદકુશળ હિરણ્યકને તેડી આવ, ને શિકારી હજી નથી આવ્યો ત્યાં આ જાળ કાપી નાખ.' એટલે લઘુપતનક હિરણ્યકને ચાંચમાં લઈને તેડી આવ્યો. 'તારા જેવો જ્ઞાની આવી આપદામાં કેમ આવી પડ્યો' એમ હિરણ્યકે કૌતુકથી પૂછ્યું. ચિત્રાંગ કહે, 'ભાઈ, માણસને માથે સંકટ આવવાનું થાય ત્યારે વિદ્વાનની બુદ્ધિ પણ કુબ્જ-ગામિની થઈ જાય છે.' આમ વાતો થાય છે ત્યાં મિત્રસ્નેહથી તણાઈને મન્થરક પણ ધીરેધીરે ત્યાં આવી પહોંચ્યો, એને જોઈને હિરણ્યક કહે, 'ભદ્ર, આ તો તેં ઠીક ન કર્યું. તારે તારો ગઢ નહોતો છોડવો. અહિં લુબ્ધકથી તું કેમ કરીને બચી શકીશ? અમે તો એનો હાથ પડીએ એમ નથી. કારણ ફાંસો છેદાઈ જાય એટલે ચિત્રાંગ નાસી છૂટશે, લઘુપતનક ઝાડે ચડી જાશે, હું પણ દરબરમાં સરી જાઈશ, પણ તું શું કરીશ?' ત્યાં તો સાચે જ શિકારી આવી ચડ્યો. એને જોતાં વેંત જ હિરણ્યક જાળ કાપીને બાણમાં પેસી ગયો, લઘુપતનક આકાશમાં ઊડી ગયો, ને ચિત્રાંગ વેગભર ભાગી ગયો. પણ શિકારીએ સ્થળ ઉપર મન્દ મન્દ ચાલતા મન્થરકને જોઈને કહ્યું, 'મૃગલો છટકી ગયો. તથાપિ આ કાચબો દૈવવશાત્ ઠીક હાથ આવી ગયો.' એમ કરીને એણે છરીથી કુશ કાપીને દઢ દોરો બનાવ્યો અને તેનાથી કાચબાને બાંધી ધનુષે લટ-કાવીને ચાલતો થયો. એટલે મૃગઉંદરકાગડો રોતા રોતા એની વાંસે ગયા.

હિરણ્યક કહે, 'કહે છે ને કે દુધમાં સાકર અને ઝાશમાં મીઠું. એક દુઃખનો અન્ત ન આવે ત્યાં બીજું ભારે માથે પડ્યું જ હોય. અનર્થ આવે છે તો એક નહિ પણ બહુ આવે છે. ઠોકર ન ખાધી હોય ત્યાં લગી ઠીક, પણ એકવાર ખાધી એટલે પછી પદે પદે ઠોકરપરંપરા ખાવી પડે છે. કાળે મારું ધન હર્યું તો ભલે હર્યું, પણ થાકવાના વીસામા જેવી મિત્રછાયા પણ લઈ લીધી, ને મિત્રવિયોગ કરાવ્યો. વાગ્યું હોય એના ઉપર જ ફરી વાગે, અન્નનો ક્ષય થાય એટલે જઠરાગ્નિ દીપે એવું જીવિતનું સ્વરૂપ છે. પણ અહો, આમ વિલાપ કર્યે શું વળે? મન્થરકને લઈને આ વન બહાર ન નિસરે ત્યાં મોક્ષઉપાય વિચારવો ઘટે. આમ કરિએ. ચિત્રાંગ વ્યાધના મોઢા આગળ જઈ નદી પાસે નિશ્ચેતન થઈને પડે. આ લઘુપતનક એના ઉપર બેસીને આંખ ફોલતો હોય એવું કરે. આ હરણ મરેલો છે એમ જાણીને શિકારી કાચબાને હેઠો મૂકીને લોભથી હરણને લેવા આવશે. એ આઘો જાય ત્યાં હું મન્થરકનું બન્ધન છેદી નાખીશ, અને મન્થરક ઝટપટ નદીમાં પ્રવેશ કરશે. અને જેવો શિકારી પાસે આવે એવા જ લઘુ-પતનકચિત્રાંગ પલાયન કરી જાય.' આ ગોઠવણ પ્રમાણે

નદીકાંઠે મરેલા મૃગ તથા એને ઠોલતા કાગડાને શિકારીએ જોયા, એટલે કાચબાને ભોંય ઉપર ફગવીને એ હરણ આગળ ગયો. એટલામાં હિરણ્યકે મન્થરકના બંધ કાપ્યા, એવો જ કાચબો નદીમાં પેશી ગયો, અને શિકારીને પાસે આવેલો જોઈને હરણ તથા કાગડો નાસી ગયા. આ તે ઇન્દ્રજાલ છે કે શું એમ કરીને શિકારી પાછો આવ્યો, ને જૂએ છે તો જાળ કાપેલ પડી છે, ને કાચબો ગોગીની ઘોડે અદશ્ય થઈ ગયો છે. એટલે શિકારી નિરાશ થઈને ઘેર ગયો. અને ચારે મિત્રોએ ખાધું પીધું તથા રાજ કીધું. એમ જાણીને વિવેકીએ મિત્રસંગ્રહ કરવો.

પશુયે જો કરે સંપ આ રીતે લોકસંમત ।
મનુષ્ય ન કરે સંપ શું આશ્ચર્ય અતઃપરમ્॥પૂ૦૨-૧૯૯॥

ઇતિ સુહૃદ્લાભ નામે બીજું તન્ત્ર સમાપ્ત।

દે. વા.

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ યોગ્યતાના અભાવે મોકૂફ. બીજું ઇનામ: 'ગિરનારી વેતરો'—મનુ પટેલ (સાંખેજ–મહેમદાવાદ); ત્રીજું ઈનામ: 'માછીજીવન'—ચંદુભાઇ ભટ્ટ (અમદાવાદ); નોંધપાત્ર: (૧) 'પકોડી'—ચીમન મેવાડા (કલોલ); (૨) 'વિસ્મૃત દેવો'—મનુ પટેલ (સાંખેજ–મહેમદાવાદ).

ભાઇ મનુ પટેલે 'ગિરનારી વેતરા'માં ઘેરા આકાશની બૅકગ્રાઉન્ડ પર ધારેલા મજૂરનું પાત્ર ઠીક ઝડપ્યું છે, પણ એન્લાર્જિંગમાં આકાશ વધુ ઘેરું બનાવ્યાથી ચિત્રમાં કૃત્રિમતા જણાય છે. ટેકનિક મોળી છે, પણ સંયોજન સારું છે. ગિરનારનું સૂચન કરનાર દશ્યસામગ્રી કંઈ જ દેખાતી નથી. આવું ચિત્ર તો કોઇપણ પત્થરની સીડી આગળપણ લઇશકાય.

ચંદુભાઈના 'માછીજીવન' ચિત્રમાં દરિયાકિનારે બે માછીમારો પોતાના ઉદરનિર્વાહના સાધનની મરામત કરવામાં મશગુલ જણાય છે. ચિત્રવિસ્તારમાં પાત્રોની ગોઠવણ બરાબર છે. ચિત્રને ત્રણ વિભાગમાં વહેંચી નાખતી બે ઊભી રેખાઓમાંથી કોઇ પણ એકની જગ્યાએ મુખ્ય પાત્ર ગોઠવવાથી સંયોજન સારું થાય છે અને તે સ્થળે આવેલું પાત્ર ચિત્રનું કેન્દ્ર બને છે; એ રીતે ડાબી બાજુના માછીમારનું સ્થાન ચિત્રવિસ્તારમાં યોગ્ય જ છે. ફોટોગ્રાફીનો ક્રિયભાગ સાધારણ સારો છે.

ભાઈ ચીમન મેવાડાના પુરી પકોડીવાળાના ચિત્રમાં પાત્રોની સાહજિકતા જણાતી નથી. કૅમેરામૅનની હાજરીનું ભાન બેયના મોં ઉપર સ્પષ્ટ જણાઈ આવે છે. પાત્રોને ખબર ન હોય તેવા પળે અને યોગ્ય દૃષ્ટિકોણથી જ આવાં ચિત્રો નિપજાવવાં જોઇએ.

ભાઈ મનુ પટેલનું 'વિસ્મૃત દેવો' ખંડિયેરમાં પડેલી પ્રાચીન શિલ્પકૃતિનો ખ્યાલ આપે છે. શંકર પાર્વતીની મૂર્તિઓનું સૌન્દર્ય ફોટોગ્રાફ જોનારને પણ સ્પર્શે છે. દરેક કૅમેરા વાપરનાર આ રીતે દેશની સંસ્કૃતિનાં દશ્યો અને પદાર્થોને જનતાના પ્રકાશમાં લાવી રાષ્ટ્રસેવા કરી શકે છે.

બલવન્ત ભટ્ટ

Our Friends Abroad——પરદેશી મિત્રોના પત્રો——

નીચેનો પત્ર મેળવનાર: મહેંદ્રરાય અંતાણી · રંગૂન

7215 Tildew St.
Pittsburg, Pa. (U.S.A.)
1-9-40

પ્રિય મિત્ર અંતાણી,

યુ.સ્ટે.માંથી ફરીવાર શુભ સંદેશ. પહેલાં મેં પત્ર લખ્યો ત્યાર પછી અહીંની હવામાં મોટા ફેરફાર થયો છે એવું તમને પણ લાગશે. ઠંડીને લઇને આજે હું પણ કામ કરી શકયો નથી. કાલે રાત્રે પારાશીશામાં શૂન્ય બિંદુની નીચે આઠ ડીગ્રી થઇ ગઇ હતી. પા (Pgh) ટેકરી પર અને ખીણમાં બરફની ચાદર હજુ પડી છે. આ વર્ષે ઠંડીનું આ બીજું સખત મોજું આવ્યું છે. મને તમારી જરા ઈર્ષા આવે છે. તમે હિંદની ગ્રીષ્મ હવા માણી રહ્યા છો અને હું અહીં લગભગ ઠુંઠવાતો પડયો છું. કેટલો તફાવત!

રંગૂન વિષે તમે આપેલો ખ્યાલ વાંચી હું બહુ જ આનંદ પામ્યો. હિંદુસ્તાનમાં અમેરિકન શિક્ષકો પહોંચ્યા છે એ હું નહોતો જાણતો.

તમે મને પહેલી વાર પત્ર લખ્યો ત્યારપછી મને તમારા એક દેશી બંધુનો પત્ર પૂર્વ આફ્રિકામાંથી મળ્યો છે. તેણે પણ મારું નામ અને સરનામું પેલા 'કુમાર' ચોપાનિયામાંથી મેળવ્યું હશે. તમને મારે એક પ્રશ્ન પૂછવો છે. તે માટે તેના પત્રમાંથી જ થોડું ટાંચણ કરું છું. બ્રિટિશ સામ્રાજ્યમાં હિંદ બહુ મહત્વનું સ્થાન ધરાવે છે. પરંતુ પૃથ્વીના બીજા સબળા ભાગોમાં–ખાસ કરીને સંસ્થાનોમાં હિંદીઓને બ્રિટિશ પ્રજા તરીકે [illegible] સ્થાન મળતું નથી. શું ખુદ હિંદુસ્તાનમાં પણ તમને હિંદીઓને

ઊતરતી પ્રજા ગણવામાં આવે છે? અમેરિકામાં હિંદ વિષે અભિપ્રાય દર્શાવતા ઘણા લેખો પ્રકટ થાય છે. બ્રિટિશ રાજ હિંદમાં કેવું છે તે વિષે તમે તમારો મત દર્શાવશો.

અમેરિકાની કેળવણી વિષે તમે જાણવા માગો છો તો તે બાબત થોડું લખું છું. અમારા પિટ્સબર્ગમાં જ વીસ હાઇસ્કૂલો છે. તમારે ત્યાં તેમને માધ્યમિક શાળાઓ કહે છે એમ જાણ્યું છે. એ સિવાય બીજી ગ્રેડ સ્કૂલો છે. ગ્રેડ સ્કૂલમાં છ વર્ષના બાળકને લેવામાં આવે છે. તેમાં છ ગ્રેડ પૂરા કરતાં વિદ્યાર્થી હાઇસ્કૂલમાં પ્રવેશ પામે છે. છોકરો કે છોકરી તે વખતે બાર વર્ષની વયનાં થાય છે અને પછી તેમણે પસંદ કરેલા બધા વિષયો સાથે નવમા ગ્રેડ સુધી પહોંચે છે. તે વખતે એક ખાસ કોર્સ પસંદ કરે છે. એવા ચાર કોર્સ હોય છે. કૉલેજમાં જવા ચાહતા હોય તેમને માટે ઍકૅડેમિક, જનરલ, કૉમર્શિયલ અને પ્રૅક્ટિકલ આર્ટસ. દરેક કોર્સની ખાસ તૈયારી સાધનો અને વર્ગો જુદા જ હોય છે.

હાઈસ્કૂલમાં પસંદગી માટે ઘણા વિષયો હોય છે દાખલા તરીકે મેં નવથી બાર ગ્રેડ સુધીમાં જે પસંદ કર્યા છે તે આ પ્રમાણે છેઃ અંગ્રેજી, ફ્રેંચ, ઇટાલિયન, બીજગણિત, ભૂમિતિ, ઇતિહાસ, રસાયણવિદ્યા, ભૌતિક-શાસ્ત્ર, બાયૉલૉજી (જીવવિદ્યા) વિજ્ઞાન, વ્યાપાર, શિક્ષણ, યંત્રકામ અને વીજળીક કામ વગેરે.

અમારા અમેરિકામાં કોઈ કામની શરમ ગણાતી નથી. મજૂરો અને ખોદનારાઓ પણ કૉલેજની ડીગ્રી મેળવી શકે છે. કૉલેજ દ્વારા દરેક ધંધાની તાલીમ અને કોર્સ મળી શકે છે. રાત્રે કે દિવસે શીખવાની પૂરી સગવડો છે.

અમારી કેળવણીની રીત બાબત તમને કંઇ ન સમજાય એવું હોય તો ગમે તેટલા પ્રશ્નો પૂછજો. મને તેમના જવાબ લખવાની બહુ મજા પડશે. ૧૯૪૦ના વર્ષ માટે હું તમને આરોગ્ય અને આનંદ ચાહું છું. તમારી સર્વ આશાઓ અને શુભેચ્છાઓ ફળવતી બને.

તમારો હૃદયપૂર્વક
Alfred Noran



સંસારનાં શહેરો

૨૩-ગ્વાટેમાલા

ઉત્તર અને દક્ષિણ અમેરિકાને જોડતી જમીનની પટ્ટી પર, આટલાંટિકથી પાસિફિક સુધી પથરાએલા આ ગ્વાટેમાલાનો મનોરમ પ્રદેશ બહુ ડુંગરાળ હોવા છતાં એના બંને કિનારા તો વસતિયોગ્ય, સપાટ અને ફળદ્રુપ છે. મધ્ય અમેરિકાનો સૌથી વધુ વસતિ ધરાવતો એ પ્રાંત એ દેશનો બીજા નંબરનો મુલક ગણાય છે. સ્પૅનિશ લોકોએ મધ્ય અમેરિકા જીત્યું તે પહેલાં મધ્ય અમેરિકામાં આબાદ બનેલી વિખ્યાત મય સંસ્કૃતિ અહીં ને દક્ષિણ મેક્સિકોમાં જ વિકાસ પામેલી. અને આજે પણ ગ્વાટેમાલામાં કિરિગ્વા, ટિકલ વગેરે સ્થળેથી તેના અવશેષો હાથ લાગેલા છે. તેના અભ્યાસ પરથી માલૂમ પડે છે કે એ મય લોકો ગણિત. ખગોળ તથા રસાયણનું સારું જ્ઞાન ધરાવતા હતા. કુશળ કૃષિકો હતા અને એમની ભાષા પણ સંસ્કારી હતી.

એ પ્રદેશનું એ જ નામનું પાટનગર ગ્વાટેમાલા દરિયાની સપાટીથી ૫૦૦૦ ફૂટ ઊંચે એક સુંદર ખીણમાં આવેલું છે. વિષુવવૃત્તની નજીક હોવા છતાં એનું સરેરાશ ઉષ્મામાન ૭૦અંશ રહેતું હોઈ એની હવા સદા વસંત જેવી ખુશનુમા રહે છે. એની આસપાસ આવેલા જીવતા જ્વાળામુખીઓ તથા ઉન્નત અદ્રિશૃંગો દુનિયાભરના કોઇપણ પાટનગરને નથી એવું મનોહરને ઈર્ષ્યાજનક દૃશ્ય એને સમર્પે છે.

ઇ. ૧૭૭૬માં સ્થપાએલું આ શહેર સર્વાંગે આધુનિક છે. એની સ્થાપના પહેલાં સ્પૅનિશોએ જ વસાવેલું ઍન્ટીગ્વા (જૂનું ગ્વાટેમાલા) ૨૦૦ વરસથી એ દરજ્જો ભોગવતું. એ પણ એવું જ સંસ્કારી અને સમૃદ્ધ નગર હતું, પણ ઇ. ૧૭૭૩માં જ્વાળામુખીઓ ને ધરતીકંપોથી તેનો નાશ થતાં તેનાથી પચીસ માઇલ દૂર નવા પાટનગર તરીકે ગ્વાટેમાલાનું નિર્માણ કરવામાં આવ્યું. તેને પણ તે પછી બે વખત (ઈ. ૧૮૭૪ ને ૧૯૧૭-૧૮માં) ધરતીકંપે અને જ્વાળામુખીએ જમીનદોસ્ત કર્યું. આજનું ગ્વાટેમાલા ચોથો અવતાર છે. ૧૯૨૦માં તે બંધાવું શરૂ થઇ ૧૯૨૮માં પૂરું થયું. તેની વસતિ ૧૧૫,૯૨૮ની છે. આખા મધ્ય અમેરિકામાં સૌથી મોટું ને અગત્યનું ગણાતું આ શહેર જગતના બધા દેશના એલચીઓનું નિવાસસ્થાન છે. એ દેશનું એ વ્યાપારકેન્દ્ર છે.

ગ્વાટેમાલા શહેરની એક વિશિષ્ટતા એની પીપલ્સ યુનિવર્સિટી છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનો સંઘ જ એનું નિયમન કરે છે અને એનું કામ અશિક્ષિત પ્રૌઢોને શિક્ષણ આપવાનું છે. એવું જ મહત્ત્વનું કાર્ય ચીને પણ યુદ્ધમાં ડૂબવા છતાં ચાલુ રાખ્યું છે. વળી ગ્વાટેમાલાનો પ્રાકૃતિક નકશો (Relief map) તો તેની ખાસ વિશિષ્ટતા છે. ફ્રાન્સિસ્કો વેલા નામે ઇજનેરે ૧૮૦૦૦ ચોરસ મીટરનો કૉન્ક્રીટનો બનાવેલો એ આખા ગ્વાટેમાલા દેશનો નકશો એવી યોજકબુદ્ધિથી બનાવાયો છે કે તેમાં નદી, નાળાં ને ઝરણાંનાં વહેણ પણ મૂર્ત કરી શકાય છે. ગ્વાટેમાલા શહેરની મુલાકાત લેનાર કોઈ પ્રવાસી એ જબરો નકશો જોયા વિના પાછો નથી ફરતો.



માધુકરી

(બારી બહાર)

ભલે જલધિના મહા વમળમાં જઉં હું શમી,
અને તિમિરમાં ભૂલી પથ રહું વને આથડી;
વિરામ વિણ તપ્ત હું રણ મહીં ચહું ચાલવું,
પરંતુ નવ દીનતા શબ્દ તો કદી ઉચ્ચરું.

—પ્રહ્લાદ પારેખ

સ્ટૅલિન-પોલાદી પુરુષ

રશિયાના તારણહાર લેનિન પાસેથી 'પોલાદી પુરુષ' (Man of steel)નું બિરુદ મેળવનાર, અને તેણે અધૂરા મૂકેલા રશિયાના નવસર્જનને સફળ પાર ઉતારી આજના રશિયન મહારાજ્યની અડીખમ કાયા ઘડનાર તેનો સરમુખત્યાર સ્ટૅલિન એક મામૂલી મોચી કુટુંબમાં જન્મ્યો હતો એ વાતથી ફરી એકવાર પ્રતીતિ થાય છે કે માણસ જન્મજાત સંસ્કાર કરતાં યે સ્વપુરુષાર્થથી જ ઉન્નતિ સાધી શકે છે.

ઇ. ૧૮૭૯માં દક્ષિણ રશિયાના ડુંગરાળ પ્રદેશમાં જ્યૉર્જિયા પ્રાંતમાં આવેલા ટિફ્લિસ ગામમાં એક નિર્ધન મોચીને ઘેર તેનો જન્મ થયો હતો. કુટુંબની ભારે કંગાલિયત છતાં એણે કેળવણી લીધી. એનો બાપ તો એને પાદરી બનાવવા ઇચ્છતો હતો; પણ તે વેળા તેને શી ખબર કે પોતાનો પુત્ર ધીમેધીમે આગળ વધતાં ધર્મોપદેશકના રૂપમાં નહિ, પણ ધર્મવિધ્વંસકના રૂપમાં ૨૦ કરોડ રશિયનોનો વિધાતા બની તેમની પર રાજ્ય કરશે? એનો ધર્મનિષ્ઠ બાપ તો ઘણું યે ઇચ્છતો કે એ બાઈબલ ભણે, પણ સ્ટૅલિને તો બીજું જ બાઇબલ ભણવા માંડ્યું હતું—સમાજવાદના આદ્ય પ્રણેતા માર્કસનું જગવિખ્યાત પુસ્તક: 'કૅપીટલ'.

વીસ વર્ષનો થતાંમાં તો સ્ટૅલિને માર્કસનાં તમામ પુસ્તકોનો ઝીણવટથી અભ્યાસ કરી નાખ્યો. અને ૧૯૦૩માં લેનિનની સાથે એનો ભેટો થયો ત્યારે માર્કસનાં પુસ્તકોના અભ્યાસ કરી કૉમ્યુનિસ્ટ બનવામાં જે કાંઈ બાકી રહી ગયું હતું તે એણે પૂરું કરી નાખ્યું. પરિણામે એ એક પક્કો કૉમ્યુનિસ્ટ અને લેનિનનો મુખ્ય ચેલો બની ગયો. અનેક વર્ષો સુધી એણે ભારે આવેશથી બોલ્શેવિઝમનો પ્રચાર કર્યો. તે વખતે એ બહુ જાહેરમાં આવ્યો નહોતો. કોઈ એને ઓળખતું સુદ્ધાં નહોતું. સ્વભાવે એ એકાંતિક હોવાથી મૂગોમૂગો પોતાનું કામ જ કર્યે જતો ને તેથી કેટલાક ઓળખીતાઓ એને 'લેનિનનો મૂગો મંત્રી' કહેતા.

અને રશિયાના એ કાળની એની કામગીરી એટલે ટેબલખુરશીની સુંવાળી કામગીરી નહિ, પણ જીવસટોસટ ખેલાતાં અનેક કાવતરાંઓની જાળ. એમાં કૉમ્યુનીઝમના એ કટ્ટા, ખૂની ને પક્કા અનુયાયીને પંદર પંદર વખત તો કારાવાસની સજા થઈ; અને તે પંદરે વખત જેલસત્તાવાળાઓની



આંખોમાં ધૂળ નાંખી એ જેલમાંથી ભાગી છૂટયા. તેથી ઘણી વાર લેનિન એને 'પોલાદી પુરુષ' કહી સંબોધતો (સ્ટૅલિન-નો અર્થ રશિયન ભાષામાં થાય છે: પોલાદ).

રશિયામાં તે પછી જ્યારે આંતરવિગ્રહ જાગ્યો અને ખુલ્લી ક્રાન્તિની ચળવળ ચાલી ત્યારે તે અંગે કામની વધુમાં વધુ જવાબદારી સ્ટૅલિન ઉપર જ લાદવામાં આવી. જ્યારેજ્યારે કૉમ્યુનિસ્ટ સંઘ ઉપર વિપત્તિનાં વાદળાં ઘેરાતાં ત્યારેત્યારે સ્ટૅલિન તે વાદળાં બુદ્ધિપૂર્વક દૂર કરતો. એવામાં ૧૯૨૨માં કૉમ્યુનિસ્ટ પક્ષના સેક્રેટરીનું પદ ખાલી પડયું. લેનિને તે પદ લેવા ટ્રૉટ્સ્કીને આમંત્રણ આપ્યું, પણ ટ્રૉટસ્કી-એ ઘસીને ના પાડી દીધી. આખરે સ્ટૅલિને તે હોદ્દો ગ્રહણ કર્યો. તેણે જોઈ લીધું કે જ્યારે પણ દેશની લગામ લેનિનના હાથમાંથી છૂટી જશે ત્યારે તે સેક્રેટરીના હાથમાં જ જઇ પડશે. તેનું એ અનુમાન સોએ સો ટકા સાચું જ નીવડયું અને લેનિનના મૃત્યુ બાદ સ્ટૅલિન જ બોલ્શેવિક રશિયાનો સર્વશ્રેષ્ઠ અધિષ્ઠાતા બન્યો. જોકે એમાં એ અનેક કાવાદાવા ખેલ્યો અને ટ્રૉટસ્કીને દેશવટે નીકળવું પડયું.

સ્ટૅલિનના હાથમાં સત્તા આવી તે વખતે, રશિયા ઉપર બોલ્શેવિકોનું વર્ચસ્વ જામ્યું હતું ખરું. પણ તેમની સામે કાર્યનું વિશાળ ક્ષેત્ર અણખેડયું જ પડયું હતું. વિપ્લવ અને રક્તપાત પછી દેશમાં શાંતિસ્થાપના થઈ ચૂકી હતી, પણ યુદ્ધને પરિણામે પ્રજા ત્રાહિત્રાહિ પોકારી ગઈ હતી. કરોડો માનવીઓ ભૂખથી રીબાતા હતા. આથી સ્ટૅલિન સમક્ષ સૌથી પ્રથમ પ્રશ્ન અન્નનો ખડો થયો. તે માટે દેશમાં ખેતી, શિલ્પ વગેરે હુન્નરઉદ્યોગોનાં સાધનોમાં ક્રાંતિકારી પરિવર્તન કરવાની જરૂર હતી.

પહેલાં ખેતીની શરૂઆત કરવામાં આવી. રશિયામાં ખેતીને લાયક જમીનોનો તો જરા યે અભાવ નહોતો અને જમીનો ફળદ્રુપ પણ પૂરેપૂરી હતી; પણ ખેડૂતો જૂના જમાનાથી ચાલ્યાં આવતાં ઓજારો જ ખેતી માટે વાપરતા હતા. વળી જમીનો ટુકડે ટુકડે વહેંચાઇ હતી અને તે પ્રત્યેક ટુકડો જુદીજુદી માલિકી હેઠળ ખેડાતો હતો એટલે તે ઉપર યંત્રોનો પ્રયોગ કરવો સુગમ થાય તેમ નહોતું. જમીનના બે ટુકડા વચ્ચે જે હદ-શેઢા-રહેતા તે એમ ને એમ વણ-ખેડયા પડી રહેતા. આ પ્રમાણે ઘણી જમીન વગર ખેડાએલી પડી રહી હતી. ગામડાં ગંદાં હતાં અને વસતિ પુષ્કળ હતી. રસ્તાઓ ને સડકોનાં ઠામઠેકાણાં નહોતાં. રેલરસ્તાઓ ગણ્યા-ગાંઠયા જ હતા. રેલડબ્બાઓ ગંદા ને ખડખડપાંચમ હતા. લોકોમાં અજ્ઞાનતા ને નિરક્ષરતા હદથી જ્યાદે વ્યાપેલાં હતાં.

વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરવામાં યંત્રોની ખૂબ જરૂર હતી. દેશમાં જે ખાણો હોય તેમાંથી લોઢું કાઢવામાં આવે તો જ ખેતી માટે મોટાંમોટાં ઓજારો બની શકે. વળી તે ઓજારો બનાવવા માટે કારખાનાં ઊભાં કરવાં જોઇએ ને કારખાનાં માટે કારીગરો પણ પૂરતી સંખ્યામાં જોઇએ, તેમજ અભણ ખેડૂતોને ને યંત્રો વાપરતાં શીખવવું જોઇએ. પણ એ માટે સૌથી પ્રથમ ૨૦ કરોડ સ્ત્રીપુરુષોની અભણતા દૂર કરવી જોઇએ. આ બધી બાબતોનો વિચાર કર્યા પછી દેશની સર્વોત્તમ ભૌતિક આબાદી માટે એક પંચ-વાર્ષિક યોજના ઘડવામાં આવી. ઇ.સ ૧૯૨૭ના ઑક્ટોબર-થી માંડી ૧૯૩૨ના ઑક્ટોબર સુધીમાં રશિયામાં ઇગ્લાંડ, જર્મની ને અમેરિકા પણ જોઇને દિંગ થઈ જાય તેવાં મોટાં મોટાં હુન્નરઉદ્યોગોનાં તથા વીજળી ને મોટરગાડીઓનાં કારખાનાં ખોલવાનો નિર્ણય થયો.

રશિયાની જનતાને પોતાની જીવનયાત્રામાં નવો જ આદર્શ ગ્રહણ કરવાનો હતો. ખેડૂતોની બધી જમીનો રાજ્યે કબજે લઇને સમૂહરૂપમાં ખેતી કરવાની હતી. ૧૯૨૮ પહેલાં ખેડૂતો જેટલું અનાજ ઉત્પન્ન કરતા હતા તેથી ૨૫૬ગણું વધારે અનાજ ઉત્પન્ન કરવાનું હતું. બોલ્શેવિકોની કલ્પનાના આ દિવાસ્વપ્નની મૂડીવાદી દેશો ઠેકડી કરતા હતા.

પણ પાંચ વર્ષને અંતે જ્યારે એ વિરાટ યોજના સફળ-રીતે પાર ઊતરી ત્યારે આખી દુનિયા વિસ્મય ને વિમુગ્ધ દૃષ્ટિથી રશિયાની એ નવજાગૃતિને જોઇ રહી. સોવિયેટ રશિયા જગતના બીજા સુધરેલા, શિક્ષિત ને વિકસિત દેશોની હરોળ-માં બેઠું. એક વખતના ઊતરતા રશિયાના એ નવઘડતરની પાછળ લોખંડી સ્ટૅલિનનો પ્રબળ પુરુષાર્થ હતો.

એની એ લોખંડી શક્તિના કારણ રૂપ એની દૃઢતા, એની તંદુરસ્તી, ધૈર્ય, ખંત, ઉસ્તાદી ને યુક્તિ છે. વ્યવસ્થા-શક્તિ તો એ પોતાના બાપની જ કહેવડાવે છે. ફિલસૂફી ને ઇતિહાસનો એ જ્ઞાતા છે. એ ભાગ્યે જ કોઇને મળે છે. મૉસ્કોમાં હોય છે ત્યારે એ ક્રેમલિનમાં રહે છે. એનું ઘર મહેલ જેવું નહિ, પણ સાદુંસીધું જ છે. માત્ર ત્રણ જ ઓરડા એ વાપરે છે. ઘણુંખરું તો એ ગામડાંમાં જ રહે છે.

આવા સ્ટૅલિનના નેતૃત્વ હેઠળ આજનું રશિયા હિટ-લરના જર્મની સામે જંગે ચઢયું છે. એ બે બળિયામાંથી કોણ જીતે છે તે જોવું રહ્યું. ('દાંડિયા'માંથી તારવીને)

૨૧. પ્રો. સ્વામીનારાયણ

અમદાવાદની શેઠ લાલભાઈ દલપતભાઇ કૉલેજના ગણિતના અધ્યાપક શ્રી જેઠાલાલ ચીમનલાલ સ્વામીના-રાયણ, અચાનક હૃદય બંધ પડતાં, તા. ૨૪-૬-'૪૧ની રાતે ગુજરી ગયા. ગુજરાતના એ પ્રખર ગણિતી લા. દ. કૉલેજમાં તો હમણાં અધ્યાપક થયા. તે અગાઉ તેઓશ્રી ગુજરાત કૉલેજમાં આજના અનેક ગુજરાતીઓના અધ્યાપક હતા.

ગણિત તો એમનો સહજ વિષય હતો. પણ એમનાં દેશાભિમાન અને રાષ્ટ્રપ્રેમ એમને સામાન્ય અધ્યાપકોથી નોખા પાડનારાં હતાં. તે કહેતા, '૧૯૦૫-૬ના ટિળક મહારાજના જમાનાથી રાજીનામું તો હું ખિસ્સામાં [illegible]

રાખતો.' ૧૯૨૦માં અસહકારનો જમાનો આવ્યો ત્યારે એ તેમણે સરકારને સોંપ્યું અને ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા. ૧૯૨૪-૫ના જમાનામાં સ્વરાજ પાર્ટી જાગી; તેઓ તેમાં પડ્યા ને મુંબઈ ધારાસભામાં પહોંચ્યા.

તે આર્ય સંસ્કૃતિના અભિમાની હતા. પોતાના સ્વામીનારાયણ સંપ્રદાયની એક નવી શાખામાં છેલ્લાં થોડાંક વર્ષોથી તે અનન્ય રસ લેતા હતા. સાહિત્યમાં પણ તેમણે હાથ અજમાવ્યો છે; અને સંસ્કૃત શ્લોકો ને ગુજરાતી ભજનો પણ તે લખતા હતા. આમ અનેકવિધ શક્તિ તે ધરાવતા હતા. તેમની બાલિશ સરળતા તો તેમની જ હતી. અને એમના ગણિત-ભક્તિ અને તે માટેની સહજ એકાગ્રતાએ તેમને એક ઓલિયા બનાવી દીધા હતા. આપણે સ્વતંત્ર હોત તો સ્વામીનારાયણ સાહેબ ગણિતમાં જ એકાગ્ર થઇ શકત અને તેની સેવા અને શોધો દ્વારા પોતાનું ને પોતાની માતૃભૂમિનું નામ કાઢત. એમની નિર્વ્યાજ સરલતા અને વિદ્યાપ્રેમ એમના વિદ્યાર્થીઓ હમેશ યાદ કરશે. પ્રભુ એમને શાંતિ આપો. (શિક્ષણ અને સાહિત્ય)

ચોમાસામાં તંદુરસ્તીની સાવચેતી

બીજી કોઇ પણ ઋતુ કરતાં ચોમાસામાં તંદુરસ્તી વધારે બગડે છે, કારણકે વર્ષાઋતુમાં હવા ભીની અને રોગવાળી બને છે એવે વખતે ભોજનમાં જે ખોરાક લેતા હો, તેનાથી ઓછો લેજો, વધારેપડતું અનાજ પેટમાં ભરવાથી અપચો થશે જેથી પેટમાં વાયુ વધી પડશે. અને ખોરાકમાં વાયુ કરનારા પદાર્થો તો સદંતર બંધ કરજો. વધારેપડતો ખોરાક આંતરડાંને બગાડે છે. આને લીધે વારંવાર દસ્ત માટે જવું પડે છે. શરીરમાં સુસ્તી વધે છે. ઘણી વખત તો તે મરડાનું ગંભીર સ્વરૂપ ધારણ કરે છે.

લસણનું પ્રમાણ ખોરાકમાં વધારજો, કારણકે વર્ષાઋતુમાં વાયુનો ભય વધુ પ્રમાણમાં રહે છે. લસણનો છૂટથી ઉપયોગ કરવાથી વાયુ નાશ પામે છે અને હોજરી સાફ રહે છે.

વરસાદની ભેજવાળી હવાને લીધે તમારૂં નાક બઝાઇ ગએલું રહે તો એકાદ સાંકડા વાસણમાં અથવા ચાની કીટલીમાં ખૂબ ગરમ પાણી કરો. વરાળને આવવા માટે એક નાનકડું છિદ્ર રાખો. એ વરાળ આવવાની જગ્યાએ થોડે ઊંચે તમારૂં મોઢું ધરો. આથી નાકમાં એ બધી વરાળ આવશે અને બાઝી ગએલું નાક સ્વચ્છ બની રહેશે. સૌથી વધારે ફળદાયી ઇલાજ તો એ છે કે નિયમિત, માફકસર કસરત કરીને તમારા લોહીને ગરમ રાખો. તમારાં ફેફસાંમાં શરદી સાથે લડવાની તાકાત પેદા કરો. યોગ્ય પરિશ્રમ કરીને તમારૂં શરીર શુદ્ધ રાખો. વર્ષાઋતુમાં જેમ ઝાડપાન પોતાની સુંદરતા ખરા સ્વરૂપમાં આપણને દેખાડે છે તેમ માણસમાત્રે પોતાનું દેહસૌંદર્ય વર્ષાઋતુમાં પૂર બહારમાં ખીલવી દેખાડવું જોઇએ. (પ્રવાસી)



વીજળીના તોફાન વખતે

૧ ધાતુના બાંધકામ અગર તારની વાડથી દૂર રહેજો.

૨ ઝાડ નીચે ઊભતા અગર ઊભા રહેતા નહિ.

૩ પાણીના નળ, બંબો અગર સ્ટૅન્ડપી દૂર રહેજો.

૪ તમારા મકાનમાં વીજળીથી ચાલતાં સાધનો વાપરતા બંધ રહેજો.

૫ રેલગાડીના પાટેપાટે ચાલતા નહિ.

૬ મોટાં મકાનો અગર ઊંચી જગાઓ નજદીક ઊભા રહેતા નહિ.

૭ પાણીનાં ખાબોચિયાં અગર જ્યાં પાણી હોય તેવી જગાથી દૂર રહેજો.

૮ વીજળીના તાર અને થાંભલાની પાસે જતા નહિ.


૯ મકાનોનાં પ્રવેશદ્વાર ખુલ્લાં રાખીને વચ્ચે ઊભા રહેતા નહિ.

૧૦ ખાસ અગત્ય સિવાય ટેલિફોન અને તેનાં સાધનોનો ઉપયોગ કરતા નહિ.

૧૧ કોઈપણ જાતની વીજળીના તારની લાઈનને, પછી ભલે તેમાં પાવર ન હોય તોપણ તેને અડકતા નહિ.

૧૨ તમારા રેડીઓના એરીઅલ-વાયરને અડકતા નહિ.

જ્યારે આકાશમાં તોફાન સાથે વીજળી થવા માંડે ત્યારે વાદળ અને જમીન વચ્ચે વહન કરી શકે તેવા ટૂંક માર્ગે આકાશમાંથી વીજળી જમીનમાં ઊતરી પડે છે. તેનું પ્રેશર લાખો વોલ્ટનું હોય છે, તે તેથી જ્યારે પડે છે ત્યારે કેવળ નાશ જ પાછળ મૂકી જાય છે. આને લીધે ઘણી યે વાર અત્યંત કરુણ બનાવો બનેલા આપણે સાંભળીએ છીએ, જેમાં જાનમાલનાં નુકસાન થાય છે. મોટાં મકાનો, કારખાનાં, ધુમાડાની ચીમનીઓ, દારૂગોળાના ભંડારો અને કીમતી બાંધકામો ઉપર વીજળીના પડવા સામે રક્ષણ ખાતર વીજળીને સહેલાઈથી નુકસાન વગર જમીનમાં ઉતારી દેવા માટે ગોઠવણ કરવામાં આવે છે તે 'લાઈટનિંગ ઍરેસ્ટર' કહેવાય છે. ("વીજળીની દુનિયા")



કાગળ-કોતરણીના બે ઉત્કૃષ્ટ નમૂના

ભૈયા રામલાલજીને પાટણનો એકેએક તરુણ પિછાને છે. વર્ષો પહેલાં પાટણમાં આવીને તેમણે પાટણને વતન બનાવ્યું છે. તેમનો ધંધો તો રૂપાકામની ઊંચી કોતરણી કે નકશી કરવાનો, પણ ઉત્તર હિંદનો સહજ વારસો જે શરીરબળનું સંવર્ધન ને વિકાસ તે તેમણે અજબ સાધ્યો છે. શ્રી હનુમાનના પરમ ભક્ત સમા એ બ્રહ્મચારી શિલ્પ-કારને તમે જુઓ તો લાગે કે તમારી સામે મર્દાનગીનો સંપૂર્ણ નમૂનો ખડો છે. સુપ્રસન્ન મોં, વાતાવરણ ભરી દેતું બેઠા બાંધાનું વિશાળ સ્કંધવાળું તનુમંદિર અને કોઇ-પણ સહેજે મિત્ર બની જાય એવો એમનો સદ્‌વિનય એ સર્વ એમને પ્રતિષ્ઠિત મંડળમાં આગળ સ્થાન આપી દે એવાં છે. એમણે પોતાની કળાચાતુરીના સવિશેષ ઉલ્લાસ માટે કેટલુંક કાગળનું જાળીકામ તૈયાર કરેલું છે. તેમાં રહેલાં ઝીણવટ, રેખાવિન્યાસ અને આલેખનપ્રકાર આટલી નાની છાપમાં બતાવવાનું મુશ્કેલ છે, કારણ કે તે દરેક ચિત્ર સાડા દસ ઇંચ પહોળું અને સત્તર ઇંચ ઊંચું છે. તેમાં પહોળા કે ઝીણા ગાળા વચ્ચે આધારો સાચવવાની સાથે ભાતની એકસરખી જાળવણી અજબ છે. ભારાવાળીના ચિત્રમાં જોશો તો મુખ્ય આકૃતિ તરી આવે એવા સાફ હિસાબથી તેની પાછળની વેલ કોતરાઇ છે. તેમાં કોઇપણ રેખાનો વળાંક કઢંગો કે બુઠ્ઠો નથી બન્યો. રાણા પ્રતાપના ચિત્રમાં પણ ઝીણી રેખાની વેલ અને ફૂલો સમરસ વહેંચાએલાં છે. કાગળ કોતરણીમાં આધાર અને જોડાણ ડગલે ને પગલે સાચવવાં જોઈએ; પણ કામની અતિ હદ તો રાણા પ્રતાપના ચિત્રમાં બખ્તરની જાળીમાં લાવેલી જણારી. બખ્તરની જાળી વસ્ત્રોથી જુદી પડી આવે એટલી બારીક છે; પણ તેની કડીઓ ચડઊતરવાથી મોટી થતી જાય છે અને કેટલીકનાં પ્રમાણો તો ચણોઠી જેવડાં થઈ જાય છે, છતાં કોઈ ભાગ કાંકરાની જેમ ઉઘાડો પડી જતો નથી. આ અદ્‌ભુત કોતરણીકામ જોઇ કોઇ પણ પ્રશંસાથી વાહવાહ કહ્યા વિના નથી રહેતું; પરંતુ આ શક્તિનો વિકાસ માત્ર કાગળ ઉપર જ અટકી જતો જોઇને એક પ્રકારની ઉદાસીનતા આવે છે. ચિત્રજાળી ઉપજાવનારમાં જે વિવિધ શક્તિ ભરી છે તેનો વ્યવહારમાં ઉપયોગ કરવાના અનેક પ્રસંગો છે. કબાટના ગાળા, મંદિરોનાં દ્વાર, ઘરની બારી વગેરેમાં આજકાલ અર્થહીન ભૌમિતિક લીલા વિસ્તરે છે તેને બદલે આવા હાથ પાસેથી ભાવનાત્મક કે સૂચક જાળીકામનાં અનેક સર્જનો મેળવી શકાય. તે માટે ભવનશિલ્પીઓનો અને એમનો સહકાર થવો જોઇએ. વળી કેટલીક ચિત્રકામ પૂરતી જ રાખવા જેવી બાબતો જાળીમાં ન લાવવી જોઇએ. એમનું આકૃતિનું નિરૂપણ વધારે અભ્યાસ અને વેગવાન આલેખન માગે છે; તેમજ પાત્રોનાં સ્વભાવ ને લક્ષણ પ્રમાણે આસપાસની કોતરણીના વિસ્તારમાં આવતા આકારો રચાવા જોઇએ —ર.મ.રા.

'હું'નો ઉપયોગ

અમેરિકાની સાઇરૅક્યૂઝ યુનિવર્સિટીના એક વિદ્યાર્થીને રાષ્ટ્રીય આગેવાનોનાં કેટલાંક ભાષણોની સૂક્ષ્મ તપાસ કરતાં તેમાં કોણે કેટલી વખત પહેલો પુરુષ સર્વનામ 'હું'નો ઉપયોગ કર્યો છે તે શોધવામાં રસ પડ્યો. અને પરિણામે તેને જણાયું કે હિટલરનાં ભાષણોમાં દર ૫૩ શબ્દોએ, મુસૉલિનિનાં ભાષણોમાં દર ૮૩ શબ્દોએ, રૂઝવેલ્ટનાં ભાષણોમાં દર ૧૦૦ શબ્દોએ, ફ્રેન્ચ દાલાદિયરનાં ભાષણોમાં દર ૨૩૪ શબ્દોએ અને ચેમ્બરલેનનાં ભાષણોમાં દર ૨૪૯ શબ્દોએ એક વખત આ 'હું'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. (ટ્રેઝર ચેસ્ટ)

પોતાનાં પત્નીને એક બેનપણીને મળવાનું થતાં એક રવિવારની બપોરે એક આંકડાશાસ્ત્રરસિયાએ નાનાં ત્રણ ભુલકાંને સાચવવાની ફરજ સ્વીકારી. પત્ની પાછી ફરતાં નીચે પ્રમાણે તપસીલનું કાગળિયું પત્નીના હાથમાં પધરાવ્યું:

છોકરાંને રડતાં છાનાં રાખ્યાં—૯ વખત
એમને કપડાં ઉતરાવ્યાં, પહેરાવ્યાં—૧૩ વખત
લારીવાળા પાસેથી રબરના ફુગ્ગા ખરીદ્યા-જણ દીઠ ૩
ફુગ્ગાની સરેરાશ આવરદા—૧૨ સેકન્ડ
છોકરાંને રસ્તા પર દોડી જતાં અટકાવ્યાં-૨૧ વખત
છોકરાંએ દોડી જવા હઠ પકડી—૨૧ વખત
છોકરાંનો પિતા ભવિષ્યમાં આ જવાબદારી લેશે—૦ વખત!

આ મહિનો (જૂલાઇ) ઇતિહાસમાં

તા. ૪ ઈટલીના મુક્તિદાતા જિસેપ ગૅરીબાલ્ડીનો જન્મ–ઈ. ૧૮૦૭.

તા. ૭ અત્યારે હજી ચાલી રહેલા ચીન-જાપાન વિગ્રહનો આરંભ–૧૯૦૭.

તા. ૧૨ ફોટોગ્રાફીની લાઇનમાં રોલ ફિલ્મ ડ્રાઈ પ્લેટ, કોડાક કૅમેરા વગેરે ક્રાન્તિકારક શોધો કરનાર અમેરિકન જ્યૉર્જ ઈસ્ટમૅનનો જન્મ–૧૮૫૪. એમાંથી અઢળક ધન કમાઇ એણે સાડાસાત કરોડ ડૉલરનું દાન કરેલું.

તા. ૧૭ મુંબાઇના દૈનિક 'બૉમ્બે ક્રૉનિકલ'ની જ્વલંત કારકીર્દિના એક વખતના તંત્રી જાણીતા પત્રકાર બેન્જામીન ગાય હૉર્નીમૅનનો જન્મ-ઇ. ૧૮૭૩.

તા. ૨૬ પોર્ટુગીઝ વાઈસરૉય કૉન્ડી ડ ઓગાએ જંજીરા ભોંસલે સાથે સંધિ કરી–ઈ. ૧૭૫૯.

તા. ૨૭ બંગાળી નવલના પિતા સમા પ્રતિભાશાળી સાહિત્યકાર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મ-ઇ. ૧૮૩૮.


તા. ૨૮ આધુનિક જર્મન રાષ્ટ્રનું નવસર્જન કરનાર લોખંડી રાષ્ટ્રપુરુષ પ્રિન્સ બિસ્માર્કનું અવસાન–૧૮૯૮.

તા. ૩૦ લૉર્ડ કૉર્નવૉલિસ બીજી વાર હિંદના ગવર્નર જનરલ થયા–૧૮૦૫.

આ માસની વિભૂતિ

અમૃતલાલ સુંદરજી પઢિયાર

કાઠિયાવાડના ચોરવાડ ગામમાં સં. ૧૯૨૬માં નિર્ધન ગિરનારા બ્રાહ્મણ સુંદરજી પઢિયારને ત્યાં તેઓ જન્મ્યા. આઠ વર્ષની વયે માતા કસ્તુરબાઈ વિદેહ થતાં તે પિતા અને ફોઇઓની નજર નીચે ઊછર્યા. છ જ ચોપડીઓ ભણ્યા છતાં તેમની જિજ્ઞાસાવૃત્તિ સતેજ હોવાથી લખવાનો છંદ તેમને શાળામાંથી જ લાગ્યો. કામગીરીના પ્રારંભમાં કઠિન દિવસો તેમને વિતાવવા પડ્યા. ચણા ફાકીને પણ તેમને ચલાવવું પડેલું મુંબઈમાં પ્રથમ પુસ્તક તેમણે શેઠ લક્ષ્મીદાસ ખીમજીને ત્યાં છાપાં-માસિકો વાંચી સંભળાવાની નોકરી કરીને તેમની પાસે પ્રકટ કરાવ્યું



હતું. સ્વામી બ્રહ્માનંદજી પાસે તેમણે વૈદ્યક અને યોગનો અભ્યાસ કર્યો. નિર્ધનો અને અપંગોની શુશ્રૂષા અર્થે તેમણે આજીવન લગ્ન ન કરવાનું પણ લીધું હતું, જે તેઓ અંત સુધી મક્કમ મનોબળે પાળી શક્યા હતા. પિતાએ લગ્ન માટે આગ્રહ રાખતાં તેઓ રાતોરાત ભગવાં ધારણ કરી કાશી ઊપડી ગયા હતા; પરિણામે પિતા 'દાશરથી મૃત્યુ' પામ્યા હતા. પોતાની દવાઓ તથા પૈસાનો તેમણે છૂટથી રંકજનો માટે ઉપયોગ કર્યો છે. ઓછું ભણેલાઓ પણ સમજી શકે તે હેતુથી અઢાર પુરાણોની માફક તેમણે 'સંસારમાં સ્વર્ગ' નામક ૧૮ ગ્રંથો લખવાનો નિશ્ચય કર્યો હતો; પરંતુ તેઓ ચૌદ જ પ્રકટ કરી શક્યા હતા, જે અત્યારે પ્રત્યેક પુસ્તકાલયમાં અનિવાર્ય વાંચન ગણાય છે. અદ્યતન ગુજરાતની ધરખમ ધાર્મિક સાહિત્ય સંસ્થા સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, તેમના મિત્ર સ્વામી અખંડાનંદજીએ મુંબઇમાંની તેમની ઓરડીમાં જ શરૂ કર્યું હતું. ઈ ૧૯૧૮ માંના દુકાળ સમયે સંકટગ્રસ્તોને તેમણે અર્પેલી બહુમૂલ્ય સેવા તેમના ઐહિક જીવનની અંતિમ થવા પામી. એ શ્રમ પછી તરત જ તેમને લાગુ પડેલો કૉલેરા જીવલેણ નીવડ્યો અને તેમનો 'સર્વભૂતહિતરત' આત્મા ઇ. ૧૯૧૯ના જુલાઇની બીજી તારીખે ઊડી ગયો. સૌજન્યશીલ અને સાધુચરિત એ પુરુષ સેવા અને સાહિત્ય વડે પોતાની કલ્પના મુજબ 'સંસારમાં સ્વર્ગ' ઉતારવાને મથી ગયા.

ભારતીય સંવતો

૨૦-હિજરી સન

અરબી ભાષામાં 'હિજર' શબ્દનો અર્થ 'છોડવું' થાય છે તે આ સંવત ઇસ્લામના પ્રવર્તક મહંમદ પેગંબરના મક્કા છોડીને મદિના ચાલ્યા જવાના દિવસથી (તા. ૧૫મી જુલાઇ ઈ. ૬૨૨ =શ્રાવણ શુદિ ૨ વિ. સં. ૬૭૯ની સાંજથી) ગણવામાં આવે છે. એનું વર્ષ શુદ્ધ ચાંદ્ર વર્ષ છે. એના પ્રત્યેક મહિનાનો પ્રારંભ ચંદ્રદર્શન (શુદ ૨)થી થઇ બીજા ચંદ્રદર્શને તે પૂર્ણ થયો ગણાય છે. એની તિથિઓ પણ દરેક સાંજથી ગણાય છે. ચાંદ્રમાસ ૨૯ દિવસ, ૩૧ ઘડી, ૫૦ પલ ને ૭ વિપલ લગભગ હોઈ, સૌર વર્ષ કરતાં ચાંદ્ર વર્ષ ૧૦ દિવસ, ૫૩ ઘડી, ૩૦ પલ ને ૬ વિપલ એટલો ઓછો રહે છે. આથી બીજી સંવતો સાથે એનું કોઇ નિશ્ચિત અંતર નથી રહેતું. ગણિતથી જ એનો નિશ્ચય થઇ શકે.

નવી કેડીઓ

કોઇ પણ ધંધામાં પડનારે શરૂઆતમાં થોડું ઉમેદવારીનું કામ કરવું પડે છે, અને એ મુજબ વકીલાતના ધંધામાં પણ શરૂશરૂમાં થોડા કેસો નવા વકીલે માત્ર નામના દરથી લડવા પડે છે. આવા વકીલો જો એવા કેસોની શોધમાં ફાંફાં મારવાને બદલે સમાજમાં નજર કરે તો જાહેર જીવનને અડચણરૂપ એવી ઘણી વસ્તુઓ મળી આવશે, જેમાં જાહેરના હિતમાં વકીલ બેજાને કસવાનો અવકાશ મળે. ખાસ કરીને પબ્લિક યુટીલીટી કંપનીઓ સામે આવા ઘણા કેસો કરી શકાય એમ છે. એમાં સફળતા મળતાં જાહેર જનતાનું ભલું થઇ શકે અને પ્રતિષ્ઠા પણ જામી શકે.

આપણે

આપણી ચિત્તશક્તિ [illegible] પરિપકવ થાય છે.

રોમ સામેના યુદ્ધ વેળા સેમાઈટ લોકોએ રોમન સેનાપતિ કુરિયસને ફોડવા માટે સોનાની થેલીઓ સાથે દૂતોને મોકલ્યા. એ વેળા કુરિયસ ગાજર બાફીને ખાતો હતો. દૂતોએ સોનાની લાલચ આપતાં તેણે જવાબ દીધો: 'જે માણસ ગાજરનું વાળુ કરી શકે છે તેને સોનાની ગરજ નથી રહેતી.'

〰

અનેકાર્થી શબ્દ: કાટ=ધાતુ પર થતો વિકાર-મલ: ઈમારતી લાકડું; સામો દાવ કે પ્રતિકાર; નઠતર કે આડ; નાશ કે ધાણ; માયાબાર માણસ.

〰

કહેવતોના અર્થ: 'મારો રૂપિયો શું ખાય છે?' મનની વાત છુપાવવા ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં તે બહાર આવ્યા વગર રહેતી નથી. એક માણસ ખોટો રૂપિયો ચલાવવા બજારમાં ગયો; દુકાનદાર કોઈ અળતા જ કારણથી તેને તપાસવા લાગતાં આ ભાઈથી પૂછાઈ ગયું કે 'મારો રૂપિયો શું ખાય છે?' આ ઉપરથી દુકાનદાર વહેમાયો અને રૂપિયો ચાલ્યો નહિ. આ અર્થનું પ્રતિપાદન કરતી અન્ય કહેવતો: 'હૈયે તે હોઠે;' 'કોણ કહે છે કે રાંપીનો ઘા?' [એની વાત આવતે અંકે.]

〰

ગણિતગમ્મત

$૧^{2}-(૦×૧)=૧$

$૨^{2}-(૧×૨)=૨$

$૩^{2}-(૨×૩)=૩$

$૪^{2}-(૩×૪)=૪$

$૫^{2}-(૪×૫)=૫$

$૬^{2}-(૫×૬)=૬$

$૭^{2}-(૬×૭)=૭$

$૮^{2}-(૭×૮)=૮$

$૯^{2}-(૮×૯)=૯$

$૧૦^{2}-(૯×૧૦)=૧૦$

અને એમ આગળ

(કાન્તિલાલ મ. જોષી)

〰

બ્રિટિશ સામ્રાજ્ય ઇંગ્લંડ કરતાં ૧૦૦ગણું મોટું છે.



દક્ષિણ યુરોપ અને આફ્રિકામાં થતો આ કરોળિયો પોતાના દર પર, મિજાગરા જેવું લાળ વડે જડેલાં, ઉઘાડવાસ થાય તેવાં અજબ ઢાંકણાં રચે છે ને તેના પર શેવાળ પણ ઉગાડે છે જેથી તે છુપાં રહી શકે. તે એટલાં મજબૂત હોય છે કે માણસ યા પ્રાણીના પગતળે ચંપાવા છતાં ભાંગતાં નથી.

〰

બારીના પડદા લચી પડીને ઍડોળ ને ઢીલા થઇ જતા અટકાવવા હોય તો તેમને ભીના ને ભીના બારી પર કાળજીથી લટકાવી દઇ ત્યાં જ સીધા ને સીધા સુકાવા દેવા.

〰

સાપ છ માસ ખોરાક વગર રહી શકે.

પતંગિયાં તેમના પગ વડે સ્વાદ લે છે, જેની શક્તિ માણસની જીભ કરતાં ૧૬૦૦ગણી વધુ છે!

〰

સામોઆ ટાપુઓના પુરુષો લાંબા વાળ રાખે છે, જ્યારે સ્ત્રીઓ વાળ કપાવીને ટૂંકા કરે છે.

〰

દુનિયાભરમાં લીંબુ ને નારંગીનો વધુમાં વધુ ઉપયોગ ઑસ્ટ્રેલિયા કરે છે.

〰

ઇંગ્લંડમાં ઍડવર્ડ બીજાના વખતમાં કોઇનો દરજ્જો ઉતારી નાખવો હોય તો તેના હાથનાં મોજાં ઉતારી લેતાં.

〰

સામાન્ય સર્પનું ગળું આપણી આંગળી જેટલું જ પહોળું હોય છે, પણ તેની રચના મુરઘીનું આખું ઇંડું ગળી શકે એવી સ્થિતિસ્થાપક હોય છે.

〰

હીરાને રેડિયમ કિરણો આગળ ખુલ્લો ધરવામાં આવે તો તે હંમેશને માટે લીલો થઈ જાય છે.

〰

લૉસ ઍન્જેલિસના એક ૧૯ વર્ષના છોકરાએ ઝડપે બોલવાનો હાલમાં જ ઉચ્ચાંક મેળવ્યો છે. ૫૭ સેકંડમાં તે ૬૧૩ શબ્દો બોલેલો.

〰


હિંદી હાથીના મોટામાં મોટા દાંત ૧૩ ફૂટ લાંબા અને એક જોડી ૪૦૦ રતલ વજનમાં, એવા મળી શક્યા છે.


〰

બિલાડાનો દોડવાનો વેગ વધુમાં વધુ એક મિનિટે એક માઈલનો હોય છે.

〰

પાછળ પડેલા શિકારીને થાપ આપીને જંગલની ભૂલભુલામણીમાંથી આ લોંકડી કયે રસ્તે બહાર નીકળી ગઈ તે શોધીને તમે શિકારીને બતાવી શકશો? પ્રવેશ આગળથી પેન્સિલનો લીટો દોરતા જઇને એ પ્રયત્ન કરી જુઓ.





સ્વ. કલાકાર હરિવદનની ચિત્રપોથીમાંથી
થોડાં પ્રાણીચિત્રો